કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક
વર્ષ ૫૮મું • અંક ૮મો • સળંગ અંક ૬૯૨ • ઑગસ્ટ ૧૯૮૧
સંસ્થાપક: સ્વ. રવિશંકર રાવળ • આદ્યતંત્રી: સ્વ. બચુભાઈ રાવત
તંત્રી
બિહારીલાલ ટાંક

▽ **મેઘમલ્હાર રાગિણી**ના ભાવલક્ષણો વ્યક્ત કરતું ૧૭મી સદીનું રાગમાળાનું એક ચિત્ર.




બંસીધર

(કલાકાર - હરમાન કૉફલેર)

માત્ર વાચન વગેરેથી જ ભારતીય ભાવના અને ચિત્રાત્મક કથાવિષયોનું જ્ઞાન મેળવનાર આ વિદેશી કલાકારે પોતાના મન પર પડેલી છાપને કેવળ રંગલપકાથી રચાતા આકાર-આકૃતિવાળી સરળ રીતે રજૂ કરી છે. પૂર્વના દેશોની પ્રણાલિ અનુસાર એમણે ચિત્રમાં તેજસ્વી રંગો —ખાસ તો ત્રણ મૂળ રંગોનો જ પ્રયોગ કર્યો છે. પ્રકૃતિની ગોદમાં સાદગીભર્યાં સરળ જીવનને આનંદમય રાખવાની આપણી ભાવનાને એમણે અહીં રંગભભકથી જાણે વધાવી છે. શ્યામ દેહવર્ણ, પીત વસ્ત્ર અને બંસીને કારણે એમણે આલેખેલું ભંગિયુક્ત પાત્ર સ્વાભાવિક રીતે કૃષ્ણ જ લાગે. એની બંસીના સૂરની મીઠાશ કલાકારે રંગમાં વહેતી કરીને પોતાને ગમેલા ભારતીય તત્ત્વને બિરદાવ્યું છે.

(મૂળ ચિત્ર શ્રી પ્રભુદાસ પટવારીના સંગ્રહમાંથા એમના સૌજન્યથી)



કુમાર

ઑગસ્ટ ૧૯૮૧
સળંગ અંક ૬૯૨

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યત: દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે વધારે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એ રીતે ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માટે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક: અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૮-૦૦ અથવા પાઉન્ડ ૩-૦૦ અથવા ડૉ. ૬-૦૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

વાચકો લખે છે...


'કુમાર' (જૂન-'૮૧)ના અંકમાં શ્રી વિજયગુપ્ત મૌર્યનો 'સરોવરોની જીવનકથા'નો રસપ્રદ લેખ વાંચ્યો.

આ લેખમાં 'પાન્ગોન્ગ ત્સો' (તિબેટી કે લડાખી ભાષામાં 'ત્સો' એટલે સરોવર.)નો ઉલ્લેખ કરવો જરૂરી હતો.* ભારતીય લડાખમાં આવેલું આ સરોવર લગભગ ૧૪,૦૦૦ ફૂટની ઊંચાઇએ છે, અને કદાચ ભારતમાં એ વધુમાં વધુ ઊંચાઈ પર છે. લેહથી પૂર્વમાં લગભગ ૨૫૦ કિ. મી. દૂર છે. આ સરોવર ૨૧૦ કિ. મી. લાંબું અને સરેરાશ ૩ થી ૪ કિ.મી. પહોળું હોઈ સહેજે ૬૩૦ ચો.કિ.મી.નો વિસ્તાર ધરાવે છે. આ રીતે તેનો વિસ્તાર 'માન સરોવર' અને 'રાકસ તાલ'ના ભેગા વિસ્તારથી યે તે વધુ છે. લડાખમાં લુકુંગથી આરંભાઇને તિબેટમાં રુડોક સુધી તે ફેલાએલું હોઈ આ પ્રદેશના નકશામાં પણ તે દર્શાવેલું જોવા મળે છે. જોકે તેનો માત્ર ૪૫ કિ. મી. જેટલો વિસ્તાર જ ભારતની હદમાં છે અને તેનું પાણી ખારાશયુક્ત છે. આગળ જતાં તેનું પાણી મીઠું છે.

ગયા વર્ષે અમે ત્યાં ટ્રેકિંગ કરવા ગએલા. આજુબાજુની નવતર લાગતી પહાડીઓની વચ્ચે આ અત્યંત રમણીય, શાંત ને આહ્લાદક સ્થાન છે. આ સાથે ત્યાં પાડેલો એક ફોટોગ્રાફ મોકલ્યો છે. તેમાં જમણી તરફથી પહાડીઓ ચુશૂલની છે. ઠંડીને કારણે લગભગ આઠ માસ તેનું પાણી થીજેલું રહે છે. સરોવરની દક્ષિણે 'ચુશૂલ' આવેલું છે. ૧૯૬૨માં ત્યાં ચીન સાથે આપણે યુદ્ધ ખેલ્યું હતું. હાલમાં જ આપણા વિખ્યાત પક્ષીવિદ્ ડૉ. સાલીમ અલીએ આ સરોવરને કાંઠે બેમિસાલ ગણાતાં કાળી ડોકવાળા હંસ જોયાની નોંધ લીધી છે. સરોવરને કાંઠે 'માને' નામનું એક ગામ પણ કદાચ દુનિયામાં ઊંચામાં ઊંચા માનવવસવાટમાંનું એક છે.

(મુંબઈ-૨૬) —હરીશ કાપડિયા

[*પ્રસ્તુત લેખ સરોવરોની જીવનકથા'નો હોઈ તેમાં 'પાન્ગોન્ગ ત્સો'નો ઉલ્લેખ અનિવાર્ય નહિ ગણી શકાય.]



પાન્ગોન્ગ ત્સો (ફોટો - હરીશ કાપડિયા)

જુલાઈનું 'કુમાર' સાદ્યંત રસપૂર્ણ અને રુચિવર્ધક. ડૉ. ગુણવંત શાહનું ચિન્તનાત્મક હૃદ્ય ગદ્ય સતેજ બુદ્ધિના ચમકારાવાળું. ભાઈ પ્રફુલ્લની કલમથી ચરિત્રાદિ માહિતીપ્રદ. એક સ્થળે 'દીક્ષિત' જોઇએ, ને સ્વરૂપસિંગ'? ડૉ. મધુસૂદને ભવાઈ પરની માહિતીનો સારો સંચય સંક્ષેપ કરી આપ્યો છે.

એમાં એક ગૂંચ છે: 'ભવાઈ સ્વરૂપનો જનક અસાઈત' લઇએ તો 'ભવાઈ એ મરુ-ગુર્જર પ્રજાનું પ્રેક્ષણક' કઈ રીતે બન્યું? એક કડી ખૂટે છે. ભવાઈની ચર્ચામાં કાયમ એ કડીને ઉડાડી-ઉવેખી દેવામાં આવે છે. સાચી વાત તો એ છે કે જો આ સ્વરૂપ મારવાડ અને ગુજરાત બન્નેની પ્રજામાં મધ્યકાળની પરંપરાથી ચાલ્યું આવતું હોય તો આ બેમાંની કોઈ એક પ્રજા માત્ર પોતાના પ્રદેશ પૂરતો જ આનો અભ્યાસ કરીને બેસી રહે એ અપર્યાપ્ત જ ગણાય. આ દૃષ્ટિએ ભવાઈનું મૂળ શોધવું હજી બાકી છે. એ માટે રાજસ્થાની-ગુજરાતી ભવાઇનો તુલનાત્મક અભ્યાસ, વિપુલ ક્ષેત્રકાર્ય કરીને કરવો રહ્યો. એમાં ટીમ જોઇએ. એકાદ-બે અભ્યાસીઓ જેણે આની સામગ્રી જોઈ-ફેંદી હોય તેવા; એકાદ-બે લોકનાટ્યના જાણકારો, જેને આની ભજવણીની પરંપરાનો પણ સારો અભ્યાસ હોય તેવા; એકાદ લોકસાહિત્યકાર, જે આની સામગ્રીમાંથી લોકસાહિત્યગત તત્ત્વોને તારવી શકે તેવો; એકાદ-બે વીડીઓ-ટેપ-સંચાલકો અને ફોટોગ્રાફર, એકાદ ચિત્રકાર. આ ટીમ સુમેળવાળી ને એક જ ધ્યેય લઇને ચાલનારી જોઇએ. એમાં બંને પ્રદેશના માણસો જોઇએ. એનું સારું આયોજન થવું જોઇએ. સારો ધનવ્યય પણ થાય. આવું કોણ કરે? યુનિવર્સિટીઓ? સરકારો? રામરામ ભજો! જે છે તે ચલાવો, ભાઈ! સંસ્કૃતિ-રક્ષણની વાતો કરો, વાતો!

બીજો ગૌણ પ્રશ્ન: જો આ ભવાઇવેષો હાલ છે તે અસાઈત-લિખિત છે એમ જ નિ:શંક હોય તો, એ લોકસાહિત્ય ગણાય? ત્રીજું, અસાઈત વિષે જે કહેવાય છે તેમાંથી કેટલું શ્રદ્ધેય અને કેટલું દંતકથાત્મક? જાણકારો જણાવે.

બે લઘુકથાઓ ભાવનાભરી: 'દશરથ'ની ને 'નિમણૂક'ની. એક કલ્પિત, બીજી સત્યકથા. એકમાં નાયકને પોતાની દશાનું દર્શન થઈ જાય છે, બીજીમાં નાયક આગંતુકને એની દશાનું દર્શન કરાવે છે.

શ્રી ગોકાણી કૃત રહસ્યકથા પણ જામે છે. શ્રી સ્માર્તની કલાવાર્તાની પણ દાદ આપું. એમની લખાવટ સરસ છે. ચિત્રની વિશિષ્ટતાઓ સમજાવવાની રીત સરસ છે. અન્ય નોંધો પણ માહિતીપ્રદ છે. ડૉ. ભાયાણીને આપણે 'હારવલ્લભ' કહીને એમના નામની પણ એક શબ્દકથા બનાવી દઇએ તોય, એમને વાંધો નહિ હોય. એ તો પૂરા પંડિત હોવા છતાં સદા ખડખડાટ હસતા માણસ છે.

છેલ્લે, છેલ્લે પાને છપાએલું સંસ્કૃત સુભાષિત, ભાષાની દૃષ્ટિએ દુર્ભાષિત બની ગયું છે! છાપભૂલો ને અનુવાદ ખોટો... એ શ્લોક આ પ્રમાણે છે:

વિવાદો, ધન સમ્બંધો, યાચનં, સ્ત્રીષુ સંગતિ:।
આદાનમગ્રત: સ્થાનં, મૈત્રીભંગસ્ય હેતવ:॥

ચર્ચાખોરી, પૈસાની લેવડદેવડ, અપેક્ષા કે માગણવૃત્તિ;(મિત્રના ઘરમાંના) સ્ત્રીવર્ગ સાથે વધુ પડતું હળવુંભળવું, ઉઠાંતરીની જ ટેવ (જે તે લઈ જવાની ટેવ) અને શેખી (આપવડાઈ, પોતાનું જ સ્થાન આગળપડતું છે એવો દેખાડો કરવાની આદત)-આટલાં કારણોથી ભાઈબંધીમાં ભંગ પડે.

(અમદાવાદ) —કનુભાઈ જાની

પ્રીતના સૂર / ઉશનસ્

• ગાન •

પ્રીતનું કોણે ગીત છેડ્યું આ? કોણ છે પારને ઘાટે?
કોણ આ ખીલે બાંધ્યું મન મુજ મેલતું રઝળપાટે?
નામ ન જાણું, રૂપ ન હેરું,
ઘેરે કેવળ સૂર;
દગ-જમનાના તટ તોડંતું
ઊમટ્યું પાગલ પૂર,
પિય નાખે કોઈ હિય મથી મથી મારુ અઁસવન વાટ૦
સૂરની, લયની પાલખીઓ આ
ઉર મુજ હરી હરી જાયે,
ઉપરતળે, તળેઉપર
વીત્યા ભવ થઈ જાયે,
એક, નવેસર, ભવ ઝંખી રહું, એક જ, શતને સાટ૦
આમ મને જ્યાં રૂપ ચહે, કોઈ
રૂપ જે આવી જ રીતે
વ્યાકુલ આવાં ગીતને છેડે
આવી જ પાગલ પ્રીતે,
થાય મને કે ગાય એ આવું, આમ જ મારે માટ૦

માનવી / યોસેફ મૅકવાન

• ગઝલ •

મંઝીલ ક્યાંક ચૂકી ગયો છે માનવી.
પાછો અસલ કેવો બન્યો છે માનવી.
શબ્દે વસી સંજીવની ઊડી ગઈ
રે! માનવી સામે પડ્યો છે માનવી.
મનનાં રહસ્યો ના ઉકેલી એ શક્યો
બ્રહ્માંડ ફરવા નીકળ્યો છે માનવી.
સૌ ધર્મની વાતો પહેરીને ફર્યો
પણ ક્યાં હજીયે અવતર્યો છે માનવી.
બુઠ્ઠી બની છે લાગણી વ્હેવારની
ને સ્વાર્થની જાળે ફસ્યો છે માનવી.

નિરમી લીલા / ભાનુપ્રસાદ પંડ્યા

• સૉનેટ •

હરિણી : મંદાક્રાન્તા : અનુષ્ટુપ

નિજ વરણથી રોમેરોમે છવાયલ વ્યોમને
પલટી ધૂસરું, પ્રત્યંચાને અડી જરી ચાપની
ગડડ પડઘે આખેઆખા ભરી અવકાશને
સતત ફરતા ચક્રે વેર્યા નર્યા ચમકારથી
દગ બિડવતા, ધારાઓની લઈ અવલંબના
બલિ વચન બાંધ્યા પાતાલે જતા ઘનશ્યામ આ.

ત્યાં પૃથ્વીના કણકણ થકી અંકુરાતાં તૃણોમાં
લીલું હાસી અવ સૃજનના દેવ લ્યો, આ પધાર્યા!
કંકાલો યે સજીવન થયાં મૃતકણે દર્દુરોનાં,
કોઠે કોઠે ખગપશુતણા ડિંભ આકાર લેતા.
નારીનેત્રો નવજીવનને નોતરે ભ્રૂ-કટાક્ષે,
થાનોલે ત્યાં બચબચી રહ્યાં બાળ ઝાઝાં ધરાને!

સ્રષ્ટાએ નિરમી લીલા કિન્તુ પાલક દેવ ક્યાં?
રિઝવ્યા હરને સારા-શ્રાવણે વાધી સેવના!

ત્રણ હાઇકુ
મીનાક્ષી દોશી

રૂપેરી માયા
સંકેલી જાય ચંદ્ર;
અવાક વૃક્ષો.

*

ખરી ગ્યાં પર્ણ
સૂની ડાળીઓ હવે
તાકે આભમાં.

*

ચંચળ મોજાં
રમે કિનારે; હશે
જળ છીછરાં.

તડકો / ગુણવંત શાહ

• કટાવ •

તડકો કિયા મલકથી આયો?
એ તો
લચી પડેલી લીંબોળીમાં
લીલો થૈને
વગડે વગડે વાયો!
તડકો કિયા મલકથી આયો?

એ તો
વાડે બેઠી ચકીરાણીની
ખુલ્લી ચાંચે ય ના સમાયો!
તડકો કિયા મલકથી આયો?

એ તો
સીમવચાળે જળનીતરતા
કૂવાથાળે
ખળખળ થૈને નાહ્યો!
તડકો કિયા મલકથી આયો?

એ તો
તલાવડીમાં ડૂબકી દૈને
બાવળિયાને સળી કરીને
ભીનો થઈ ભરાયો!
તડકો કિયા મલકથી આયો?

પુરુષાર્થ

બહાદુરશાહ પંડિત

ગામમાં કશો વ્યવસાય ન મળતાં એક માણસ બેકારીથી કંટાળીને મુંબઈ ગયો. મુંબઈમાં એક મિત્રના ઘેર રહીને એણે નોકરી શોધવા ખૂબ પ્રયાસો કર્યા પણ ક્યાંય પત્તો ન લાગ્યો. એક દિવસ એ એક વેપારી પેઢીએથી નિરાશ થઇને પાછો ફરતો હતો ત્યાં એને સિગારેટ પીવાની ઇચ્છા થઈ. ખિસ્સામાં બસભાડાના પૂરતા પૈસા નહોતા ત્યાં સિગારેટ ખરીદવાની હિંમત જ ક્યાંથી ચાલે? એટલામાં એણે રસ્તામાં અર્ધી બળેલી સિગારેટ પડેલી જોઈ. એ ઉપાડીને એક પાનની દુકાને સળગાવી. આ સિગારેટનું ઠૂંઠું પીતાંપીતાં એને વિચાર આવ્યો કે શહેરમાં ફરતાંફરતાં આવાં સિગારેટનાં ઠૂંઠાં વીણ્યાં હોય તો! બીજા દિવસથી એણે આ કામ શરૂ કરી દીધું. સાંજ પડે એ ઠૂંઠાંને સિગારેટની બ્રાન્ડ પ્રમાણે જુદાં પાડી દીધાં અને એમાંથી તમાકુ કાઢીને એક કારખાનામાં વેચી આવ્યો. આજે આ માણસનું પોતાનું સિગારેટનું કારખાનું ચાલે છે.

પુરુષાર્થ જેવો બીજો કોઈ ચમત્કાર નથી. જે નસીબનો દોષ કાઢી કપાળે હાથ દઇને બેસી રહે છે એ કદી આગળ વધી શકતો નથી. એક કવિએ લખ્યું છે કે—

રસ્તે પડ્યા તો રણમાં રસ્તા પડી ગયા
ઊભા રહ્યા જે મંઝિલે ભૂલા પડી ગયા.

માણસને ઇશ્વરે બુદ્ધિ આપી છે ને કામ કરવા હાથપગ આપ્યા છે. બુદ્ધિની સહાયથી કામ શોધી કાઢી હાથપગનો ઉપયોગ કરનાર અચૂક સફળતા પ્રાપ્ત કરે છે.

અમારી કૉલેજના આચાર્ય નાના હતા ત્યારે એમના પિતાની આર્થિક સ્થિતિ એવી ખરાબ કે આઠમા ધોરણની ફી ભરવા જેટલા પૈસા ન મળે. પણ એથી એ હતાશ ન થયા કે ભણવાનું યે છોડી ન દીધું. ફીના પૈસા મેળવવા એમણે દર રવિવારે લોકોના ખેતરમાં જઈ પાણતનું કામ કરવા માંડ્યું. ચાર રવિવારના જે પૈસા મળે એ ફી જેટલા થઈ જતા. આમ પુરુષાર્થ કરી એમણે અભ્યાસ ચાલુ રાખ્યો તો આજે કૉલેજના આચાર્ય છે.

કાળા માથાનો માનવી ધારે તો શું ન કરી શકે? એક દિવસ જંગલમાં શિકાર પાછળ ભમતો આદિવાસી માનવી આજે ચંદ્ર પર ચડાઈ કરી શક્યો છે. એની પાછળ માનવજાતિના સહિયારા પુરુષાર્થનો ઇતિહાસ પડેલો છે. ફૂટપાથ પર બેસી હાથ લંબાવતો લાચાર ભિખારી અને ગાડીમાં ફરતો અને આખા એક ઉદ્યોગનું સંચાલન કરતો ઉદ્યોગપતિ બંને જણ સરખા માનવી છે, પણ એક ઇશ્વરે આપેલા હાથપગ હલાવવાની શક્તિને લાચારી દર્શાવવા ઉપયોગમાં લે છે. બીજો એનો ઉપયોગ મહેનત કરવામાં કરે છે.

રસ્તાની એક બાજુએ એક યુવાન હતાશ ચહેરે બેઠો હતો. ત્યાંથી એક સાધુ પસાર થયો. સાધુએ પૂછ્યું, 'કેમ ભાઈ, આમ નિરાશ થઈ બેઠો છે?'

'મહારાજ, હું એક બેકાર યુવાન છું. મારી પાસે એક ફૂટી કોડી પણ નથી. હવે શું કરવું એનો વિચાર કરતો હતો!' યુવાને જવાબ આપ્યો.

'અરે યુવાન દોસ્ત, તારી પાસે તો રત્નોનો ભંડાર છે. ચાલ મારી સાથે, હું તને એ રત્નો વેચી પૈસા અપાવું.'

યુવાનને આ સાધુ ચસ્કેલ લાગ્યો. એણે કહ્યું, 'મહારાજ. મારી પાસે રત્નો તો શું પણ ફૂટી બદામ પણ નથી.'

સાધુ ખડખડાટ હસ્યો. એણે કહ્યું, 'દોસ્ત, તું તારા બંને હાથ વેચવા તૈયાર હોય તો હું તને બે હજાર રૂપિયા અપાવું.'

'હાથ તો કેવી રીતે વેચાય?'

'હાથ વેચવા એટલે હાથથી મહેનત કરવી.' એમ કહી સાધુએ એને સ્ટેશને લઈ જઈને મજૂરીનું કામ બતાવ્યું.

પ્રારબ્ધ ને પુરુષાર્થમાં કોનું બળ વધારે એ ઝઘડો સનાતન કાળથી ચાલ્યો આવે છે. ધાર્મિકો, આસ્તિકો અને કંઈક અંશે આળસુ લોકો પ્રારબ્ધને વધારે મહત્ત્વ આપે છે. પ્રારબ્ધવાદીઓ તો એટલે સુધી દલીલ કરે છે કે પુરુષાર્થ કરવાની પ્રેરણા પણ પ્રારબ્ધમાં હોય તો જ મળે છે ને! પ્રારબ્ધ એટલે શું? કર્મોનું ફળ જ ને! અને કર્મ એટલે પુરુષાર્થ જ ને? પુરુષાર્થનું ફળ એ પ્રારબ્ધ એટલે વાસ્તવમાં તો પુરુષાર્થ જ પ્રારબ્ધનું પ્રેરક અને ચાલક બળ છે.

પણ પુરુષાર્થ સાથે ઘણા બધા ગુણોની જરૂર પડે છે. પુરુષાર્થ સાથે સાહસ, હિંમત, નિર્ભયતા વગેરે ગુણો અપેક્ષિત છે. એકલો પુરુષાર્થ કંઈ કરી શકતો નથી. પણ એક વાત સાચી છે કે પુરુષાર્થ કરવાની તૈયારી હોય તો બીજા બધા ગુણો સેનાપતિને અનુસરતા સૈનિકોની જેમ એની પાછળપાછળ અચૂક આવે છે.

આ જગતનાં સૌ પ્રાણીઓમાં એક માનવી જ એવો નસીબદાર છે કે એને કુદરતે પુરુષાર્થ કરવાની બુદ્ધિ અને શક્તિ આપી છે. બીજાં બધાં પ્રાણીઓ માત્ર વૃત્તિને જ અનુસરે છે. આપણે માનવી તરીકે એ બક્ષિસનો લાભ ઉઠાવીએ! □

આપત્તિ

આપત્તિઓ આશીર્વાદ રૂપ છે. આ વાત વિચિત્ર લાગે, પરંતુ આપત્તિમાં જ માનવીનું હીર પ્રકટ થાય છે. પાંડવોની માતા કુંતી પ્રભુને પ્રાર્થતાં કે તેમને માથે આફત—આપત્તિ આવતાં જ રહે, ને પરમાત્મા તેનો સામનો કરવાનું તેમને બળ આપે.


આપત્તિ વિના હૃદય પવિત્ર થતું નથી. આપત્તિ વિકાસ પ્રેરે છે, ભાઈચારો વધારે છે ને ઉન્નતિને માર્ગે લઈ જાય છે. આપત્તિ ન હોત તો એક વ્યાપક જડતા ફેલાઈ ગઈ હોત. આપત્તિ વિના એકવિધતા પ્રવર્તતી હોત; જેથી કંટાળીને માનવજાત નાશ પામી હોત.

'જે કાંઈ થાય તે સારાને માટે થાય છે' એ વાત માર્મિક છે. આપત્તિ પાછળ ઈશ્વરની યોજના હોય છે, ઈશ્વરની ઇચ્છાને પામવા આપણે ધીરજ રાખવી જોઇએ. પ્રત્યેક આપત્તિને ઈશ્વરે આપેલી તક માની તેને ઈશ્વરકૃપા સમજીને સ્વીકારી લેવી.

આપત્તિનો સામનો માનવી કઈ રીતે કરે છે તે માનવીની શક્તિ માપવાનો માપદંડ છે. આપત્તિનું આવરણ ધારણ કરીને આવેલા આશીર્વાદનો માનવી કેટલો લાભ ઉઠાવી શકે છે. તેના ઉપરથી તેના વ્યક્તિત્વનું માપ નીકળે. આ વાત સંસ્થાઓ માટે પણ સાચી છે. રાષ્ટ્રને પણ એ વાત લાગુ પડે છે.

— રામકૃષ્ણન્

આજનો માનવી પોતા પરનો કાબૂ ખોતો જાય છે. 'હું મને ચાહે તેમ કહીશ', 'હું સ્વતંત્ર છું', 'મારી મરજી' વગેરે કહેવું ને વગર વિચાર્યે વર્તવું એ વીસમી સદીના ઉચ્છૃંખલ મનુષ્યનું વલણ છે. ને તે ઇચ્છવા યોગ્ય નથી. કોઈ પણ કાર્ય માઠું નથી, તેમ ચોક્કસ કાર્ય સારું જ હોય તેમ પણ માની લેવાની જરૂર નથી. કયું કાર્ય તમે કેમ, ક્યાં, કેટલી હદે અને કેવી સમજથી કરો છો તેના ઉપર દરેક ચીજનો આધાર રહે છે. આ રીતની સમજથી દરેક ઇચ્છા તેમ જ માઠી ગણાતી વૃત્તિઓ ઉપર યોગ્ય કાબૂ રાખવાથી તેમની મારફત પણ લાભ પ્રાપ્ત કરી શકાય છે. તે સમજ્યા વગર તેને આધીન થવાથી તે આપણી જ શત્રુ બની રહે છે.



ભૌતિક-વિજ્ઞાનના નૉબેલ પારિતોષિક સહિત અનેક માન-અકરામથી વિભૂષિત માનવતાવાદી વિજ્ઞાની

ડૉ. અબ્દુસ્ સલામ

લેખક · નટવરલાલ રાવળ

ઈ. **૧૯૭૩માં** મુલ્તાનમાં દેશના આગેવાન વૈજ્ઞાનિકોની પરિષદ બોલાવીને, પરમાણુ બૉમ્બ બનાવવાની અનિવાર્યતા પર પાકિસ્તાનના એ સમયના પ્રમુખ ભુટ્ટોએ એક લાંબું ભાષણ આપ્યું ત્યારે સભાગૃહમાં ગંભીર શાંતિ પથરાઈ ગઈ હતી. બધા ચૂપ હતા. ત્યાં આગલી હરોળમાં બેઠેલા ઊંચા, કદાવર ને આછી દાઢીવાળા એક પીઢ શામળા બિજ્ઞાનીએ ઊભા થઇને દઢ ને સ્વસ્થ સ્વરે કહ્યુ, 'ના, પાકિસ્તાને બૉમ્બ બનાવવાની કોઈ જ જરૂર નથી. મારી બુદ્ધિશક્તિનો ઉપયોગ એવા કામ માટે હું નહિ કરું. એસા કભી નહિ હોગા !'

કોઇએ પોતાની સામે જાણે કે બૉમ્બ ફોડયો હોય એવી લાગણી પ્રમુખ ભુટ્રોએ અનુભવી. એ વિજ્ઞાની ડૉ. અબ્દુસ્ સલામ હતા. ઈ. ૧૯૭૯માં ભૌતિક-વિજ્ઞાન માટેનું નૉબેલ પારિતોષિક તેમને મળ્યું એ પછી દુનિયા આખી તેમને ઓળખતી થઈ છે.

અવિભક્ત હિન્દુસ્તાનના પંજાબ પ્રાંતમાં, લાહોરથી બસો કિલોમીટરના અંતરે આવેલા જંગ શહેરમાં, ૨૯મી જાન્યુઆરી, ૧૯૨૬ના રોજ સલામનો જન્મ થયો હતો. પિતા ચૌધરી મહમદહુસન પંજાબ રાજ્યના કેળવણી ખાતામાં અધિકારી હતા. એ ઓલિયા આદમી ગજા કરતાં યે વધારે ખેરાત કરનારા ખુદાના બંદા હતા. નિયમિત નમાઝ પઢે. દરરોજ કુરાન વાંચે.

સલામ તેમનાં માતાપિતાનાં સાત સંતાનોમાં સૌથી મોટા. સલામના સૂફીવાદી અબ્બાજાનને સલામના જન્મ પહેલાં એક રાત્રે સ્વપ્નમાં ગેબી અવાજ સંભળાયેલો : 'તારી ઔરતને બેટો અવતરશે. એનું નામ અબ્દુસ્ સલામ (શાંતિનો સેવક) રાખજે.'

સલામનાં અમ્માજાન ભલાંભોળાં, સુશીલ ને ઘરરખ્ખુ ગૃહિણી. કાકા ચૌધરી ગુલામહુસેન શાળાનિરીક્ષક, બહુશ્રુત અને અચ્છા હકીમ હતા. આમ, બાળક સલામનો ઉછેર સાદગી, બંદગી અને નેકીભલાઈના વાતાવરણમાં થયો હતો. તેમનું કુટુમ્બ અહમદિયા સંપ્રદાયનું હતું.

ચૌદ વર્ષની વયે ઈ. ૧૯૪૦માં મૅટ્રિકની પરીક્ષામાં સલામ અવલ આવ્યા. માત્ર મૅટ્રિકમાં જ નહિ, પણ પોતાની બધી પરીક્ષાઓમાં સલામ હમેશાં પ્રથમ રહ્યા છે. લાહોરની સરકારી કૉલેજમાંથી, ઈ. ૧૯૪૪માં, બી.એ.માં પહેલા આવ્યા. ત્યારે તેમનો મુખ્ય વિષય ગણિત કે વિજ્ઞાન નહિ, પણ અંગ્રેજી સાહિત્ય હતો ! જ્યારે ૧૯૪૬માં એમ.એ.માં પહેલા આવ્યા ત્યારે મુખ્ય વિષય ગણિતશાસ્ત્ર હતો. કુટુંબીજનોની ઇચ્છા તો સલામ આઈ. સી. એસ. થઇને સરકારમાં ઉચ્ચ અમલદાર બને તેવી હતી, પણ ખુદાની મરજી કાંઈક જુદી જ હતી.

બીજા વિશ્વયુદ્ધને કારણે આઈ. સી. એસ. પરીક્ષા સ્થગિત થઈ ગઈ હતી. દિલ્હી યુનિવર્સિટીમાં અધ્યાપનનું કામ મેળવવાનો સલામનો પ્રયાસ નિષ્ફળ ગયો. એ વખતના પંજાબના મુખ્ય પ્રધાન હયાતખાને યુદ્ધફાળા માટે મોટું ભંડોળ એકઠું કર્યું હતું. અચાનક યુદ્ધ પૂરું થયું. પેલા ભંડોળની વણવપરાયેલી રકમમાંથી સરકારે ઉચ્ચ અભ્યાસ માટેની પાંચ શિષ્યવૃત્તિઓ ઊભી કરી. સલામે એ શિષ્યવૃત્તિ માટે ને સાથોસાથ કૅમ્બ્રિજમાં પ્રવેશ માટે અરજીઓ કરી.

ત્રીજી સપ્ટેમ્બર, ૧૯૪૬ના દિવસે કૅમ્બ્રિજ તરફથી પ્રવેશની મંજૂરી આપતો 'કૅબલ' સલામને મળ્યો. પેલી શિષ્યવૃત્તિ પણ તેમને પ્રાપ્ત થઈ, પણ ઇંગ્લૅન્ડ જવાને 'પૅસેજ' મેળવવો મુશ્કેલ હતો. કેમ કે, બીજું વિશ્વયુદ્ધ પૂરું થતાં અનેક બ્રિટિશ કુટુમ્બો સ્વદેશ પાછાં જઈ રહ્યાં હતાં. દિલ્હીની સરકારી કચેરીમાં સલામને ભારે કડવો અનુભવ થયો, 'આવતે અઠવાડિયે ઇંગ્લૅન્ડ જવાને 'પૅસેજ' જોઇએ છે? કેવી બેવકૂફ જેવી વાત કરો છો ! કેટલાંય બ્રિટિશ કુટુમ્બો ઇંગ્લૅન્ડ જવાને વર્ષોથી રાહ જુએ છે એ જાણો છો ?'

પણ સલામ હિંમત હારે કે નિરાશ થાય તેવા ન હતા. એ અરસામાં લાહોર, મુલતાન અને મુંબઈમાં કોમી હુલ્લડો ફાટી નીકળ્યાં હતાં. એક ભલા અમલદારની ભલામણ-ચિઠ્ઠી લઇને 'પૅસેજ' માટે સલામ મુંબઈ પહોંચ્યા. મુંબઇનો બંદર વિસ્તાર કરફ્યુમુક્ત હતો. એક અંગ્રેજ સી. આઈ. ડી. અમલદારને શક આવ્યો કે આ લશ્કરમાંથી ભાગી છૂટેલો કોઈ સૈનિક છે. તેણે સલામની ઝડતી લીધી ને પોતાની શંકા ખોટી ઠરતાં શરમાઇને માફી માગી.

સલામનું નસીબ જોર કરતું હતુ. છસો જેટલા ઈટાલિયન યુદ્ધકેદીઓ ને સંખ્યાબંધ બ્રિટિશ ઉતારુઓને ઇંગ્લૅન્ડ લઈ જતી સ્ટીમર 'ઍન્ટોનિઓ'માં છેલ્લી ઘડીએ સલામને 'પૅસેજ' મળી ગયો.

ઈ. ૧૯૪૮ સુધી કૅમ્બ્રિજમાં સલામે ગણિતશાસ્ત્રનો અભ્યાસ કર્યો. એ દરમિયાન તેમણે જાણીતા વિજ્ઞાનીઓ પ્રો૦ ડિરાક અને પ્રો. પૌલીનાં વ્યાખ્યાનો સાંભળ્યાં. સલામને હજુ એક વધારે વર્ષ શિષ્યવૃત્તિ મળવાની હતી. ફ્રેડ હોયલની પ્રેરણાથી તેમણે પ્રયોગમૂલક ભૌતિકશાસ્ત્રનો અભ્યાસ શરૂ કર્યો. બે વર્ષનો એ અભ્યાસ તેમણે સખત પરિશ્રમ કરીને એક વર્ષમાં જ પૂરો કર્યો એટલું જ નહિ, તેમાં યે તેઓ પ્રથમ આવ્યા હતા. સલામની આ સિદ્ધિથી સર ડેનિસ વિલ્કિન્સન જેવા વિદ્વાન પ્રાધ્યાપક ખુશખુશ થઈ ગએલા.

એ પછી સલામે 'ટ્રિટીઅમ ડયૂટેરિયમ સ્કેટરિંગ' વિષે પ્રયોગમૂલક

અભ્યાસ શરૂ કર્યો, પરંતુ થોડા જ સમયમાં નિર્ણય બદલીને સૈદ્ધાંતિક ભૌતિક-શાસ્ત્રમાં જ કામ કરવાનું નક્કી કર્યું, આ માટે સુખ્યાત પ્રો૦ નિકોલસ કેમરને તેઓ મળ્યા. તેમણે સલામને પ્રો. પી. ટી. મૅથ્યૂસને મળવાનું સૂચવ્યું. મૅથ્યૂસે સલામને 'મેસન થીઅરી'ના 'રીનૉર્મલાઇઝેશન પ્રોસેસ' પર સંશોધન કરવાનું સૂચવ્યું ને એ માટે ત્રણ માસનો નિશ્ચિત સમયગાળો આપ્યો. સલામે આ પડકાર ઝીલી લીધો. સલામના પોતાના જ શબ્દોમાં કહીએ તો એમના જીવનમાં અકસ્માતોની હારમાળા સર્જાતી રહી છે. વિખ્યાત વિજ્ઞાની ફ્રીમૅન જે૦ ડાયસન એ વેળા બ્રિટનમાં હતા. સલામે તેમને ફોન કર્યો : 'આપ કદાચ મને આમાં ઉપયોગી માર્ગદર્શન આપી શકો'. ડાયસને કહ્યું: 'આવતી કાલે જ હું અમેરિકા જઉં છું. તરત જ મળો.'

ડાયસન પાસેથી કેટલોક નવો પ્રકાશ પ્રાપ્ત થયો. મહાન ભૌતિક-વિજ્ઞાની અને નૉબેલ પારિતોષિક વિજેતા ડૉ. પી. એમ. ડિરાકનું માર્ગદર્શન પણ સલામને સાંપડેલું.

મૅથ્યૂસે આપેલી ત્રણ માસની મુદ્દત કરતાં થોડુંક વહેલું આ સંશોધનકાર્ય સલામે પાર પાડ્યું. આ સંશોધનકાર્ય માટે એમને ડૉક્ટરેટની પદવી પ્રાપ્ત થઈ હતી.

ઈ. ૧૯૫૧માં આ કામ પૂરું કર્યા પછી તરત જ સલામને પ્રિન્સ્ટન ખાતે ફૅલોશિપ મળેલી. અહીં તેમને એક વાર વિશ્વવિખ્યાત વિજ્ઞાની આઈન્સ્ટાઈન સાથે લાંબી ચર્ચા કરવાની તક મળી હતી.

ઈ. ૧૯૫૪માં પ્રો. કેમર પ્રોફેસર તરીકે એડિનબરો ગયા ત્યારે તેમણે કૅમ્બ્રિજ યુનિ૦ના સત્તાવાળાઓને પોતાની જગ્યાએ ડૉ. સલામની નિમણૂક કરવાની ભલામણ કરેલી. સલામ ત્યારે લાહોરમાં હતા. પિતા જૈફ ઉંમરે પહોંચ્યા હતા. કૅમ્બ્રિજે ડૉ. સલામને પ્રોફેસરપદની ઑફર કરી હતી. આ ઑફર સ્વીકારવી કે કેમ, એનો નિર્ણય કરવાનું સલામે પિતા પર છોડ્યું. પુત્રવિયોગની વેદના વેઠવાની તૈયારી સાથે સૂફીવાદી અબ્બાજાને કહ્યું. 'તું કૅમ્બ્રિજ જા. એથી તારી ભૌતિકવિજ્ઞાની તરીકેની પ્રતિષ્ઠા વધશે. વળી ત્યાં તારા વિકાસની બીજી ઘણી દિશાઓ પણ ખુલી જશે.'

પોતાની પત્ની અને એક પુત્રી લઇને ડૉ. સલામ કૅમ્બ્રિજ ઊપડ્યા. ત્યાં તેમણે સરૂપતાના (Parity) સિદ્ધાંત પર કામ કરવામાં ત્રણ વર્ષ ગાળ્યાં. ૧૯૫૬માં લંડનની ઇમ્પિરીઅલ કૉલેજમાં પ્રોફેસર તરીકે જોડાવાનું નિમંત્રણ મળ્યું તે તેમણે સ્વીકાર્યું અને ત્યાં સૈદ્ધાંતિક ભૌતિકવિજ્ઞાનનો નવો વિભાગ શરૂ કર્યો.

માનવશરીરના જમણા અને ડાબા ભાગ વચ્ચે સરૂપતા છે. પરમાણુની રચનામાં ભાગ લેતા કણો પણ આવી સરૂપતા ધરાવે છે તેવી માન્યતા હતી. આ સરૂપતાની માન્યતા હમેશાં સાચી નથી એવું યાંગ અને લી નામના વૈજ્ઞાનિકોએ સૂચવ્યું હતું. વિજ્ઞાનને ચોપડે આ શોધ યાંગ અને લીના નામ પર નોંધાયેલી છે,પરંતુ વિખ્યાત વિજ્ઞાની પ્રો. પૌલીએ ૧૯૫૭ની ૨૭ જાન્યુઆરીએ લખેલા એક પત્ર પરથી સ્પષ્ટ થાય છે કે, એ પ્રથમ પ્રતિપાદિત કરવાનો યશ ડૉ. સલામને ઘટે છે. પૌલી લખે છે: 'યાંગ અને લીનો સંશોધનલેખ મને બે-ત્રણ દિવસ પહેલાં મળ્યો, પણ તે લેખનું ગણિત અને પરિણામ, લગભગ બે મહિના અગાઉ મેં વાંચેલા સલામના લેખની બરાબર જ છે!'

આમ ડૉ. સલામને તેમની એકત્રીસ વર્ષની વયે વિજ્ઞાની તરીકેની કીર્તિ પ્રાપ્ત થઈ હતી. તેમને ૧૯૫૭માં હૉપકિન્સ પ્રાઇઝ, '૫૮માં આદમ પ્રાઇઝ અને '૬૧માં મેક્સવેલ પ્રાઈઝ મળ્યાં હતાં.

ડૉ. સલામે મંદ આંતરક્રિયા પરિબળ ઉપરનું પોતાનું સંશોધન જારી રાખ્યું અને છેવટે ૧૯૬૮માં વિદ્યુત ચુંબકીયબળ અને મંદ આંતરક્રિયા બળનું એક સાથે વર્ણન આપી શકે તેવા સમન્વિત સિદ્ધાંત (Unified theory)નો તેમણે આવિષ્કાર કર્યો. ૧૯૭૩માં જીનિવાની યુરોપીઅન રિસર્ચ લૅબોરેટરીમાં થયેલા એક પ્રયોગે ડૉ. સલામના સિદ્ધાંતને પુષ્ટિ આપી. એ પછી ૧૯૭૮માં અમેરિકામાં સ્ટૅનફોર્ડ લિનીઅર એક્સેલેરેટર દ્વારા થયેલા પ્રયોગે પણ ડૉ. સલામના સિદ્ધાંતને પુષ્ટિ આપી. તેમના આ સિદ્ધાંતના આવિષ્કાર માટે તેમને ૧૯૭૯મા નૉબેલ પારિતોષિક એનાયત કરવામાં આવ્યું. સૈદ્ધાંતિક ભૌતિકવિજ્ઞાન માટેનું આ પારિતોષિક તેમને અમેરિકામાં હાર્વર્ડ યુનિ૦માં કામ કરતા બે વિજ્ઞાનીઓ પ્રો૦ શેલ્ડન ગ્લાશો અને અને પ્રો૦ સ્ટીવન વીનબર્ગના સહભાગીત્વમાં પ્રાપ્ત થયું હતું.

નિસર્ગના પરિબળોને મુખ્યત્વે ચાર વિભાગમાં વહેંચી શકાય :

(૧) ગુરુત્વાકર્ષણ બળ (**gravity force**) (૨) વીજચુંબકીય બળ (Electromagnetic force), (૩) મંદ બળ (**Weak Force**). (૪) પ્રબળ (**Strong Nuclear Force**).

ગુરુત્વાકર્ષણ બળને કારણે પૃથ્વી સૂર્યની આસપાસ પરિભ્રમણ કરે છે. સૂર્યમાળા, તારાઓ નિહારિકાઓ અવકાશમાં સરકે છે. વીજચુંબકીયબળ વિશ્વના એક ખૂણેથી બીજે ખૂણે થતા પ્રકાશના પ્રસરણનું કારણ છે. મંદ બળ પરમાણુની નાભિના વિખંડનથી થતા કિરણોત્સર્ગને સમજાવે છે. પ્રબળ પરમાણુની નાભિમાં પ્રોટોન ને ન્યુટ્રોનને સાથે રાખવામાં કારણભૂત છે.

આ ચારે બળો ખરેખર નોખાંનોખાં છે કે તેમાં ઐક્ય રહેલું છે એ સમસ્યા ઘણાં વર્ષોથી ભૌતિક-વિજ્ઞાનીઓને મથામણ કરાવે છે. આઈન્સ્ટાઈન આ ઐક્યની શોધમાં જીવનભર મથ્યા હતા. ડૉ. સલામે ૧૯૬૮માં આ દિશામાં સીમાચિહ્નરૂપ સંશોધન કરીને વીજચુંબકીયબળ અને મંદ બળનું એકત્વ સાધતો સિદ્ધાંત તારવ્યો. આ રીતે આઈન્સ્ટાઈનની પંગતમાં ડૉ. સલામનો પાટલો પડે છે.

ડૉ. સલામ ભારે શ્રદ્ધાળુ વ્યક્તિ છે. તેમણે શરાબ કે સિગારનો સ્પર્શ કર્યો નથી. પોતાને નૉબેલ ઇનામ મળ્યાનો સંદેશો લંડનમાં પ્રાપ્ત થયો ત્યારે થોડી વાર અંતર્મુખ બનીને આંખો મીચીને ધ્યાનમાં બેસી ગયા હતા ને પછી મસ્જિદે નમાઝ પડવા ગયા હતા. વિશ્વના પ્રથમ હરોળના વિજ્ઞાનીઓએ ડૉ. સલામને નૉબેલ-પ્રાઈઝ મળ્યાના સમાચારને વધાવી લીધા હતા.

સૈદ્ધાંતિક ભૌતિક-વિજ્ઞાનના અભ્યાસ માટેનું એક આંતરરાષ્ટ્રીય કેન્દ્ર સ્થાપવાની મનીષા ડૉ. સલામને ઘણા લાંબા સમયથી હતી. આ માટે તેમને પાકિસ્તાનમાં સફળતા મળી નહિ. આવું કેન્દ્ર ભારતમાં સ્થાપવાની દરખાસ્ત તેમણે સ્વ. ડૉ. ભાભાને કરેલી, પરંતુ ભારતમાં 'ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑવ ફન્ડામેન્ટલ રિસર્ચ' જેવી સંસ્થા હોઈ, ભાભાએ આ દરખાસ્તમાં રસ દાખવ્યો નહિ.

વિકસિત દેશોના વૈજ્ઞાનિકો સાથે વિકાસશીલ દેશોના વૈજ્ઞાનિકોની સંપર્ક-તકો ઘણી ઓછી છે, એ વાત 'યુનો'ના સત્તાવાળાઓને ગળે ડૉ. સલામે અ-થાક પ્રયાસો કરીને ઉતારી. તેના ફલસ્વરૂપે, 'યુનેસ્કો'ના આશ્રયે, ઈટાલીના ટ્રિએસ્ટમાં, ૧૯૬૩માં સૈદ્ધાંતિક ભૌતિકવિજ્ઞાન માટેની એક આંતરરાષ્ટ્રીય સંસ્થાની સ્થાપના થઈ. આ સંસ્થાના સ્થાપના કાળથી તેના અધ્યક્ષ તરીકે ડૉ. સલામ છે. હવે તો આ સંસ્થા ભૌતિકવિજ્ઞાનની વિભિન્ન શાખાઓનું અગત્યનું મથક બની ચૂકી છે. ઍડ્રિએટિક સમુદ્રના શાન્ત ઉપસાગર પર ઉત્તર ઈટાલીના પહાડી પ્રદેશના રમણીય વાતાવરણમાં જગતના સર્વ દેશોના વૈજ્ઞાનિકોને ભૌતિક વિજ્ઞાનનાં સંશોધનોમાં પરોવાવાની તથા એકબીજા સાથે મળીને નવા આવિષ્કારો કરવાની ઉત્તમ સુવિધા આ સંસ્થા પૂરી પાડે છે. વિકાસશીલ દેશોના ઉત્કૃષ્ટ શક્તિ ધરાવતા યુવાન વૈજ્ઞાનિકોનો યોગ્ય લાભ આ દેશોને જ મળતો રહે, તે હેતુથી એક બુદ્ધિભંડોળ (અનુ. પૃ. ૨૧૮)

પુષ્કરભાઇ ગોકાણીની એક નવી રહસ્યકથા

મોનાનું ખૂન

જેનો ભેદ ઉકેલવામાં દિલ્હીનો ઉસ્તાદ ઉઠાવગીર કાબેલ પોલીસ ઈન્સ્પેક્ટરને સહાય કરે છે. શા માટે?

કારણ, કૅબરે ડાન્સર મોના શર્વિલકની સાળી છે, ઈન્સ્પેક્ટર કાર્તિકની કાબેલિયત પ્રત્યે તેને માન છે, કાર્તિકની સહાયથી શર્વિલક મોનાના ખૂનનો બદલો લેવા ઇચ્છે છે. શર્વિલક કાર્તિકને કેટલાક પુરાવા અને આ કેસમાં ઉપયોગી તેવા સાક્ષીઓનાં નામ આપે છે. અને બાબુલાલ રોહતગીને મોનાનો ખૂની ઠેરવી એ ડીવાય. એસ. પી. સાહેબનો સાળો હોવાની માહિતી પણ આપે છે. છેક પૂનાથી દોડી આવી બાબુલાલ મોનાના અંતિમ સંસ્કાર કરી તેની સાથેની પોતાની ગાઢ મિત્રતા પ્રદર્શિત કરે છે. એ સમયે ગુપ્તવેશે સ્મશાનમાં હાજર રહેલા કાર્તિકને મોનાના ખૂનનું કારણ જાણવા મળે છે અને બાબુલાલને પકડવા તૈયાર થાય છે. અને પછી......

આલોક સાહેબના મોંમાં લબડતી સિગારેટ બળીને લગભગ પૂરી થવા આવી ત્યાં સુધી તેમનું ધ્યાન ઇન્સ્પેક્ટર કાર્તિકે આપેલો રિપોર્ટ વાંચવામાં જ પરોવાએલું હતું. વચ્ચેવચ્ચે એમની ભમ્મરોને ઊંચીનીચી થતી કાર્તિક જોઇ રહ્યો હતો. અંતે વાંચવાનું પૂરું કરી સિગારેટને ઍશટ્રેમાં દબાવતાં એ બોલ્યા, 'કાર્તિક, પાંડેજીને વિશ્વાસમાં લઇ લોને, એમને આ કેસમાં રસ પડશે. બાબુલાલને પકડવા એ મારી સાથે આવશે. બાબુલાલને શબ સોંપવાની એમણે ના પાડી એટલા ખાતર તમે એમનાથી અળગા રહો એ ઠીક નહિ.'

'સર, પાંડેસાહેબને કદાચ આ પણ નહિ ગમે.'

'કેમ? એમ શા પરથી માની લો છો?'

'બાબુલાલ પાંડેસાહેબનો સાળો છે, સર!'

'શું કહો છો તમે?' આલોકસાહેબ આશ્ચર્યથી બોલી ઊઠયા.

'હા, સર. એ બંને વચ્ચે સાળા-બનેવીનો સંબંધ છે?'

'તો તો પછી તમને હુકમ પર સહી કરી આપતાં પહેલાં મારે વિચાર કરવો પડે. તમને ખાતરી છે કે લાઇન-અપમાં આમ કહો છો એ ટૅક્સી-ડ્રાઇવરો અને મિ. ઝવેરી બાબુલાલને બરાબર ઓળખી બતાવશે?'

'યસ સર. ફક્ત બાબુલાલને આ મૂછ લગાડવી પડશે, અને હૅટ અને ગૉગલ્સ પહેરાવીને બીજા ચારપાંચ જણને લાઇન-અપમાં ઊભા રાખવા પડશે.' કાર્તિકે શર્વિલકે આપેલી મૂછ બતાવતાં કહ્યું, 'વળી, સાહેબ, હાતિમતાઇનો માલિક મહમદ શેઠ અને ઇરાની હોટેલવાળા નરીમાને જે વર્ણન આપ્યું છે તેના પરથી પણ બાબુલાલ ઓળખાઇ જશે. આ કેસમાં આગળ વધવા માટે આપ મને બાબુલાલને પકડવા વૉરંટ મેળવી આપો.'

ઈન્સ્પેક્ટર કાર્તિક મૅજેસ્ટિક હોટેલ પર પહોંચ્યો, પણ ત્યાં બાબુલાલ રોહતગી હતો નહિ. રીસેપ્શનિસ્ટ મિસ રોઝાને પણ તેના વિષે કંઇ ખયાલ નહોતો, અથવા એ કહેવા નહોતી માગતી એમ કાર્તિકને લાગ્યું. દૂરના ટેબલ પર બેઠેલા એક માણસ તરફ નજર કરતો એ બહાર નીકળી જઇ પોતાની જીપમાં ગોઠવાયો. જરા વારમાં જ પેલો માણસ પણ બહાર આવ્યો, અને આસપાસ નજર કરતો જીપ પાસે આવી ધીમેથી બોલ્યો, 'આપ બહાર નીકળ્યા કે તુરત રોઝાએ ફોન જોડયો હતો. વાત કરતાં એ પાંડેસાહેબનું નામ બોલી હોય તેવું દૂરથી લાગ્યું. કદાચ બાબુલાલ એમને ત્યાં પહોંચી ગયો હોય.' વૉરંટ લઇને મૅજેસ્ટિક પર આવતાં પહેલાં કાર્તિકે ચિટનીસને સાદા ડ્રેસમાં અગાઉથી ત્યાં મોકલી આપ્યો હતો. તેણે આ માહિતી આપી.

કાર્તિકે પાંડેસાહેબને ત્યાં જીપ મારી મૂકી. એમને ઘેર જવાનો કાર્તિક માટે આ પહેલો જ પ્રસંગ હતો. કૉલબેલ વગાડતાં જ પટાવાળાએ બારણું ખોલ્યું. અંદર જઇ સૅલ્યૂટ કરી કાર્તિકે બાબુલાલને પકડવા માટેનું વૉરંટ પાંડેસાહેબના હાથમાં મૂકી દીધું.

'તમારી કંઇ ભૂલ થતી લાગે છે, ઇન્સ્પેક્ટર. બાબુલાલને હું ઓળખું છું. મોનાના શબની અંતિમક્રિયા એણે કરી એથી તમે એને...'

'સર, મારી પાસે બાબુલાલની વિરુદ્ધ નક્કર પુરાવા છે. અને એ અહીં જ છે એમ હું જાણું છું.' કાર્તિકે નમ્રતાથી પણ મક્કમતાપૂર્વક કહ્યું.

'મને હજી પણ લાગે છે કે તમે ભૂલ કરો છો. ખેર! તમારે મને એ પુરાવાઓ અંગે વિગતે વાત કરવી જોઇતી હતી. વારુ, બાબુલાલ અહીં હતા, પણ હમણાં જરા વાર પહેલાં જ એ ગયા.' પાંડેસાહેબ નાખુશી અને કંઇક નિરાશાભર્યા અવાજે કહ્યું.

'કયાં ગયા છે, સર?'

'એ મને ખબર નથી.'

'સર, બાબુલાલ ખાસ આપને મળવા આવ્યા હોય, અને આપના સગા પણ હોય, છતાં એ કયાં ગયા એની આપને ખબર નથી?' કાર્તિકે દ્રઢતાપૂર્વક બોલ્યો, 'આપ તો જાણો છો કે એ કસૂરદાર છે, પછી શા માટે ન્યાયના કામમાં આપ મદદ કરતા નથી?'

'ઈન્સ્પેક્ટર!' પાંડેનો અવાજ એકદમ ઊંચો થઈ ગયો, 'તમારા કરતાં ન્યાયની મેં ઘણી વધુ સેવા કરી છે, અને એથી જ આજે આ હોદ્દા પર છું, સમજ્યા? મને મળવા આવનાર વ્યક્તિ અહીંથી કયાં જશે એની તપાસ મારે રાખવાની હોતી નથી. પોતાને મળવા આવનાર માણસ એનો સગો થતો હોય તો યે કોઈ એને એ કયાં જવાનો છે એ પૂછતું નથી. અને, બાબુલાલ મારા સગા છે એમ તમે કહો છો, તો જાણો છો એ મારા શા સગા છે?'

'જી સર. હું જાણું છું કે બાબુલાલ આપના સાળા થાય છે.'

'હં...' કાર્તિકનો જવાબ સાંભળી પળભર પાંડે ખમચી ગયા, પછી તુરત બોલ્યા, 'તમે ઘણું ઘણું જાણતા લાગો છો, ઈન્સ્પેક્ટર! હવે હું થોડું વધુ જણાવું, મિ. કાર્તિક, મારે પત્ની જ નથી.' આ સાંભળતાં કાર્તિક એકદમ ઝંખવાઈ ગયો.

'યુ કેન ગો, ઇન્સ્પેક્ટર.' કહી પાંડેસાહેબ બીજા રૂમમાં ચાલ્યા ગયા.

નિરાશ વદને કાર્તિક પાછો ફર્યો. તેને લાગ્યું કે શર્વિલક જેવા ઉસ્તાદ ચોરે આપેલી માહિતી પર મુસ્તાક રહીને એણે પોતાના ઉપરીનો ગુસ્સો વહોરી લીધો હતો. જીપમાં બેસતાં એણે પૂછયું, 'સખારામ, તું અગાઉ પાંડેસાહેબ પાસે ડ્રાઇવર હતોને? શું એમને પત્ની નથી?'

'સર, જયારથી હું એમને જાણું છું ત્યારથી તો મેં એમને એકલા જ જોયા છે. બનતાં સુધી એમને બાલબચ્ચાં નથી.' આટલું કહી સખારામે જીપ ઉપાડી. જરા આગળ ગયા ત્યાં જ એમને ઓવરટેઇક કરીને એક મોટર પૂર ઝડપે એમની આગળ નીકળી ગઈ. કાર્તિકને લાગ્યું કે તેમાં શર્વિલક બેઠો હતો. કદાચ એણે પોતાની પાછળ આવવા ઇશારત કરી એવું પણ કાર્તિકને લાગ્યું. અને શર્વિલક ન હોય તો યે એ ગાડીએ વધુ પડતી ઝડપે ચલાવવાનો ગુનો તો કર્યો જ હતો. કાર્તિકે તેનો પીછો કરવા સૂચના આપી. પોલીસની જીપ પાછળ પડેલી જાણી આગળની ગાડીએ પોતાની સ્પીડ વધારી, પણ સખારામે તેનો બરાબર પીછો પકડયો. રોડ-સિગ્નલની પરવા કર્યા વિના મારમાર જતી આ બંને ગાડીઓ નેપ્સીઅન્સી રોડ પર દોડી જતી હતી. રૂપારેલ રોડ

પર આગળની ગાડીએ એકાએક ટર્ન લીધો અને પરિણામે વેગને કારણે કાર્તિકની જીપ આગળ નીકળી ગઈ. પાછા વળવા સખારામે ટર્ન લેવા માંડયો ત્યાં જ કાર્તિકની નજર આગળ દોડતી એક ટૅક્સી પર પડી. તેને લાગ્યું કે તેમાં કદાચ બાબુલાલ જ જતો હતો. પોતાને અહીં સુધી દોડાવી લાવનાર ગાડીની આડશને કારણે કાર્તિકને તેની યે આગળ દોડતી આ ટૅક્સીનો કદાચ ખયાલ જ નહોતો. તુરત તેણે જીપને એ ટૅક્સી પાછળ લેવા અને સાયરન ચાલુ કરવા સૂચના આપી. જરા વાર પછી જીપને વધુ આગળ લેવરાવી તેણે ટૅક્સીને કૉર્નર કરી ઊભી રહેવા ફરજ પાડી, ને તુરત જ જીપમાંથી ઊતરી તેણે બાબુલાલને વૉરંટ બતાવીને પોતાની સાથે આવવા કહ્યું. કંઈ પણ આનાકાની કર્યા વિના બાબુલાલ કાર્તિકની જીપમાં બેસી ગયો. શર્વિલક ફરી પોતાની મદદમાં આવ્યો હતો. પણ તો પછી એણે ખોટી માહિતી આપીને પોતાને પાંડે-સાહેબ સાથે શા માટે અથડાવી માર્યો હશે? કાર્તિક વિચારી રહ્યો.

પોલીસ સ્ટેશનમાં મોનાના ખૂન અંગેના ઈન્સ્પેક્ટર કાર્તિકના બધા પ્રશ્નોના ઉત્તર આપવાનો બાબુલાલે ઇન્કાર કર્યો. એટલું જ નહિ, પોતાના વકીલને બોલાવવા માટે ફોન કરવાની પણ માગણી કરી. એ વખતે તેને એ લાભ મળે તેમ નહોતો. પરંતુ આ જ સમયે એકાએક વકીલ ગણાત્રા પોલીસ સ્ટેશનમાં આવી ચડયા અને ચપરાસીના રોકવા છતાં છેક અંદર ધસી આવીને બાબુલાલ સમક્ષ એક કાગળ ધરી કહ્યું: 'મિ. બાબુલાલ, હું ગણાત્રા, તમારો વકીલ છું. તમે અહીં સહી કરી આપો, અને હવે પછી પોલીસના દરેક પ્રશ્નોના જવાબ મારી હાજરીમાં જ આપજો.'

વકીલ ગણાત્રાની પાછળ જ દોડી આવેલા ચપરાસીએ એમનો હાથ પકડી બહાર ખેંચવા માંડયા. આ એકાએક પલટાએલી સ્થિતિથી આશ્ચર્ય પામતા કાર્તિકે કહ્યું, 'મિ. એડવૉકેટ, તમે રીતભાત સમજતા લાગતા નથી. પરવાનગી વિના સીધા મારી કૅબિનમાં કયા અધિકારથી દોડી આવ્યા છો? મહેરબાની કરી તમે બહાર જાઓ.'

'માફ કરજો, ઈન્સ્પેક્ટર. પણ હવે આ વકાલતપત્ર મારા હાથમાં છે. આપને પડેલી તકલીફ બદલ દિલગીર છું'. અને પછી ગણાત્રાએ જરા રૂઆબથી ઉમેર્યું, 'અને હવે તમે આ અરજી મુજબ જામીન લઈ, મારા અસીલને છૂટો કરો.'

'મિ. એડવૉકેટ, આ ખૂનનો મામલો છે. એમને છોડી નહિ શકાય.'

'મને વૉરંટ બતાવો.'

'એ પણ નહિ બની શકે.' કાર્તિકે કહ્યું.

'તો આપને પસ્તાવું પડશે.' વકીલે કહ્યું, 'બાબુલાલ, તમે હવે કશો જવાબ આપશો નહિ.'

'તમને બાબુલાલને માટે કોણે રોકયા છે? અને એ અહીં છે તેવી ખબર તમને કોણે આપી?' ઈન્સ્પેક્ટરે કડક થઈ પૂછયું. પણ ગણાત્રાએ તેને ન ગણકારતાં હસીને કહ્યું, 'ઈન્સ્પેક્ટર, તમે મને બહાર જવાનું કહ્યું છે, અને આ અરજી સ્વીકારી નથી એ યાદ રાખજો.' અને વકીલે બહાર જવા પીઠ ફેરવી. એટલે કાર્તિકે બાબુલાલને કહ્યું:

'બાબુલાલ, તમે કેસને મુશ્કેલ બનાવી રહ્યા છો. મેં તમારા પર ખૂનનો આરોપ મૂકયો નથી. માત્ર ખૂન અંગેની તપાસમાં મદદરૂપ થવા તમને પકડયા છે, તમે નિર્દોષ હો તો તમારે ડરવાની જરૂર જ નથી. તમારે ફક્ત સાચી હકીકત જ જણાવવાની છે.'

'એ કશું જ નહિ બોલે.' ગણાત્રાએ બારણામાંથી જ બૂમ મારી. પરંતુ હવે હુકમની રાહ જોયા વિના જ બે પોલીસો તેમને બહાર ખેંચી ગયા. કાર્તિકે એ તરફ ધ્યાન ન આપતાં બાબુલાલને કહ્યું: 'જુઓ, બાબુલાલ, તમે જો સહકાર આપશો તો એ તમારી તરફેણમાં જ છે. હા, એટલું ચેતવી દઉં કે, તમે જે કહેશો તે તમારી વિરુદ્ધમાં યે મૂકી શકાશે!'

'ઈન્સ્પેક્ટર, મેં ખૂન કર્યું જ નથી, અને મારે ડરવાનું કોઈ કારણ નથી. તમને સહકાર આપવાની પણ મારી ના નથી. હું તો માત્ર મારા કાયદેસરના હક્ક જાણવા માગતો હતો. તમે મને હવે કંઈ પૂછી શકશો નહિ. બાકી એ સિવાય જે જોઇએ તે સહકાર આપવા હું તૈયાર છું.' બાબુલાલે તદ્દન શાંતિથી જણાવ્યું.

અને ખરેખર, ઈન્સ્પેક્ટરના કહેવાથી બાબુલાલ લાઈનઅપમાં ઊભવા માટે તૈયાર થઈ ગયો. કાર્તિકે આપેલી મૂછ અને હૅટ ચડાવવામાં પણ તેણે આનાકાની કરી નહિ. અને લાઈનઅપમાં પેલા બે ટૅક્સી ડ્રાઈવરો, હાતિમતાઈના માલિક મહમદ શેઠ, 'પરીજાદ'માં રહેતા મિ. ઝવેરી અને ઈરાની હોટેલવાળા નરીમાન શેઠ, આ સૌએ બાબુલાલને ઓળખી બતાવ્યો. ઓળખ પાકી થયા બાદ કાર્તિકે બાબુલાલને કહ્યું, 'જુઓ, તમે પરમ દિવસે પૂના જવા નીકળેલા, પણ પૂના જવાને બદલે કલ્યાણ ઊતરી જઈ ટૅક્સીમાં પાછા ફરેલા. હાતિમતાઈમાંથી તમે ચાકુ પણ ખરીદેલું, અને ઈરાની હોટેલમાંથી પેસ્ટ્રીનું પૅકેટ પણ લીધું હતું. તમે મોનાને ત્યાં રાતે ગયા, તેને પેસ્ટ્રી ખવરાવી, અને પછી પેલા ચાકુથી તેનું ખૂન કરી પૂના ઊપડી ગયા. મોનાને ત્યાંથી પાછા ફરતા તમને મિ. ઝવેરીએ જોયા પણ હતા. જેની ટૅક્સીમાં તમે પૂના જવા માટે વી. ટી. સ્ટેશને ગએલા, અને કલ્યાણથી તમે જેની ટૅક્સીમાં પાછા આવેલા એ બંને ડ્રાઈવરોએ પણ તમને ઓળખી બતાવ્યા છે. હાતિમતાઈના રજિસ્ટરમાં પણ તમારી સહી છે. હવે બોલો, તમે ખૂન કબૂલ કરો છો? સાચી હકીકત જણાવશો તો ફાંસીને બદલે જન્મટીપ મળે તે માટે હું સિફારસ કરીશ.'

'વાહ, ઇન્સ્પેક્ટર! તમે બહુ દયાળુ લાગો છો.' બાબુલાલે જરા પણ ડગ્યા વિના કહ્યું, 'મારે જો એ ચાકુથી ખૂન કરવું હોય તો હાતિમતાઈના રજિસ્ટરમાં સહી કરું ખરો? અને મોના તો મારી જિગરજાન દોસ્ત હતી. મારે તેને મારી નાખવાનું શું પ્રયોજન હોય? અને ઈન્સ્પેક્ટર, ખૂનના સમયે હું પૂનામાં હોટેલ તિલકમાં રમી રમતો હતો. એ હોટેલના માલિક વામનરાવ, ત્યાંની સંભાજી રેસ્ટોરાંના માલિક રઘુનાથ અને ત્યાંની પર્વતી કલબના ચેરમૅન દુગ્ગલ મારી સાથે રમતા હતા. બે મામૂલી ટૅક્સી-ડ્રાયવરો, નરીમાન શેઠ, તથા જુગારી ને દારૂડિયા ઝવેરીના કરતાં પૂનાના આ ત્રણ પ્રતિષ્ઠિત માણસોની સાક્ષી વજૂદવાળી ઠરશે, ઈન્સ્પેક્ટર. અને આ ચાકુ, જેનાથી ખૂન થયાનું કહો છો, તે કદાચ મારું હશે, પણ મારી પાસેથી એ ગુમ થઈ ગયું હતું. તેની ઉપર તમે મારાં આંગળાંની છાપ તપાસી છે? હું પાછળથી બદનક્ષીનો દાવો માંડું તે પહેલાં તમે બરાબર વિચારી લઇને પછી જ મારા ઉપર કામ ચલાવજો. વળી હું ગુનેગાર હોઉં તો લાઈનઅપ માટે પણ આમ બેધડક તૈયાર થઈ જઇને શા માટે મારી જાતને ઓળખાવું? વકીલ ગણાત્રાએ મને મારા હક્કનું ભાન કરાવ્યું છે તે તમે જાણો છો. એ છતાં મેં તમને ન્યાયના કામમાં મદદ કરવા માટે શકય તે સહકાર આપ્યો છે.' પછી સહેજ ભરાયેલા અવાજે બાબુલાલે ઉમેર્યું, 'અને ઈન્સ્પેક્ટર, મોનાના ખૂનીને પકડનાર માટે હું મારા તરફથી પાંચ હજાર રૂપિયાનું ઈનામ જાહેર કરું છું. તમે તેની જાહેરાત કરીને યશ મેળવો. એટલું જ નહિ, મોનાનો ખૂની પકડાય તેવી પાકી માહિતી આપનારને પણ હું એક હજાર રૂપિયા આપીશ. તમે નહિ સમજી શકો, ઈન્સ્પેક્ટર કે મોનાને માટે મારા દિલમાં કેટલી લાગણી છે.'

બાબુલાલનું કહેવું સાંભળી કાર્તિકે અવાક્ બની ગયો. થોડો વિચાર કરી તેણે વકીલ ગણાત્રાને બોલાવી જામીન-અરજી મંજૂર કરી. બયાન લખાવી લઈ બાબુલાલને છૂટો કર્યો. અલબત્ત, તેના પર દેખરાખવાની તેણે ચિટનીસને સૂચના પણ આપી દીધી હતી.

થોડી વારમાં જ ફોનની ઘંટડી રણકી. પાંડેસાહેબનો ફોન હતો.

'ઈન્સ્પેક્ટર, બાબુલાલને તમે છોડયા એ સારું કર્યું, પણ આવી ઉતાવળ કરવા માટે અને મારી સાથે બેજવાબદાર રીતે વર્તવા માટે તમારે ખુલાસો આપવો પડશે.'

'હું દિલગીર છું, સાહેબ.' ઈન્સ્પેક્ટરે જવાબ આપતાં કહ્યું.

જરા જ વારમાં બીજો ફોન આવ્યો. અવાજ શર્વિલકનો જ હતો. માત્ર એક જ શબ્દ 'ઉલ્લુ' કહી તેણે ફોન મૂકી દીધો. કાર્તિક સમસમી રહ્યો. બાબુલાલની ધરપકડમાં એ ખરેખર ઉલ્લુ જ બની ગયો હતો.

પણ છતાં બાબુલાલના બયાન પ્રમાણે કાર્તિકે પૂનાની ઍલિબાઈ તપાસવાનું નક્કી કર્યું. રિપોર્ટ મૂકી તે પૂના ગયો. સ્થાનિક પોલીસ ઑફિસર પાસેથી તેને માહિતી મળી કે બાબુલાલે તેની સાથે રમી રમવા બેસનાર જે ત્રણ જણનાં નામ આપેલાં એ ત્રણે ત્યાંના સ્થિતિસંપન્ન પ્રતિષ્ઠિત માણસો હતા.

છતાં કાર્તિક સાદા વેષે હોટેલ તિલકમાં જઈને રહ્યો. હોટેલ વિષે તેને કંઈ ફરિયાદ જોગ લાગ્યું નહિ. તે તેના માલિક વામનરાવને પણ મળ્યો. બંને વચ્ચે સારી પેઠે વાતો ચાલી એટલું જ નહિ. વામનરાવે કાર્તિકને રાતે રમી રમવામાં જોડાવાનું આમંત્રણ પણ આપ્યું.

રાતે રમતમાં વામનરાવની સાથે રઘુનાથરાવ અને દુગ્ગલ પણ હતા. બાબુલાલે જેનો ઉલ્લેખ કરેલો એ ત્રણે જણ આમ એક સાથે કાર્તિકને મળી ગયા. રમત જામવા લાગી. ધીમેધીમે કાર્તિક સતત જીતવા લાગ્યો એ જોઈ દુગ્ગલ બોલી ઊઠયો: 'ગયા ગુરુવારે મુંબઈથી રોહતગી શેઠ આવેલા તે યે તમારી જેમ લગભગ બધી રમત જીત્યા હતા.' બાબુલાલની વાત આમ સહજ નીકળતાં હવે કાર્તિકે પોતાની ઓળખ આપવી મુનાસિબ ધારી પોતાનું આઇડેન્ટિટી કાર્ડ બતાવતાં કહ્યુ:

'જુઓ સાહેબો, હું મુંબઇનો ઈન્સ્પેક્ટર કાર્તિક છું. ગયા ગુરુવારે રાતે મોનાનું ખૂન થયું છે. છાપાંમાં તમે સૌએ એ ખબર વાંચ્યા હશે. અમને મળેલા થોડાક પુરાવા અંગે ચોકસાઈ કરવા હું અહીં આવ્યો છું. તે રાતે બાબુલાલ અહીં આવ્યો હતો એવું જાણવા મળ્યું છે. તમે ત્રણે એના અહીં આવ્યા અંગે ખાતરીપૂર્વક કહી શકો છો કે એ અહીં ક્યારે આવ્યા, તમારી સાથે ક્યાં સુધી રમી રમ્યા અને પછી આ હોટેલમાં જ હતા તો ક્યાં સુધી હતા વગેરે કહેશો?'

'ગુરુવારે સાંજે સાડાસાતે એ અહીં આવ્યા હતા. અગાઉ પણ બેત્રણ વાર રેસના સમયે અહીં આવેલા, અને આ જ હોટેલમાં ઊતર્યા હતા.' વામનરાવે કહ્યું, 'ગયા ગુરુવારે આવીને જમ્યા પછી અમે રમી રમવા બેઠેલા, તે લગભગ રાતના બે વાગ્યા સુધી. ને એ દરમિયાન લગભગ બધી રમત એ જીત્યા હતા.'

'તમે મને આ અંગે લેખિત બયાન આપશો?'

'જરૂર. ન્યાયના કામમાં મદદ કરવી એ અમારી ફરજ છે.' રઘુનાથરાવે વાતમાં ભળતાં કહ્યું.

'તમને સૌને બરાબર ખાતરી છે ને, કે મોડી રાત સુધી અને તે પછી યે બાબુલાલ અહીં જ હતા? કંઈ ભૂલતા નથી ને?' કાર્તિકે પૂછ્યું.

'ના, ઈન્સ્પેક્ટર! જરાય ભૂલ થતી નથી.' વામનરાવ બોલી ઊઠયા. તેણે બેરરને બોલાવ્યો અને કહ્યુ, 'વિઠ્ઠલ, જરા મૅનેજરને બોલાવ, અને હોટેલનું રજિસ્ટર લઇને આવવાનું પણ કહે.' પછી કંઈ યાદ આવતા બેરાને પાછો બોલાવી પૂછ્યું, 'ગયા ગુરુવારે રોહતગી શેઠ અહીં આવ્યા ત્યારે ડયૂટી પર તું જ હતોને?'

'હા, શેઠ. શનિવારે છાપું વાંચ્યા પછી એમણે મને એક અરજંટ તાર કરવા પણ મોકલ્યો હતો. અને પછી તુરત તેઓ સામાન લઈ મુંબઈ જવા નીકળ્યા હતા.'

'બરાબર. અચ્છા તું મૅનેજરને મોકલ.'

મૅનેજરે આણેલું રજિસ્ટર પણ કાર્તિકે જોયું. બાબુલાલ ગુરુવારે સાંજે આવ્યાની ને શનિવારે સવારે ગયાની તેમાં નોંધ હતી. ઈન્સ્પેક્ટરે તે વિગતો પોતાની ડાયરીમાં ટપકાવી લીધી. પેલા ત્રણે જણનું બયાન પણ લઈ લીધું અને એ સૌનો આભાર માની વિદાય લીધી.

બાબુલાલ પૂનાની હોટેલમાં જ હોય તો મુંબઈમાં કઈ રીતે હોઈ શકે? પૂનાના ત્રણ પ્રતિષ્ઠિત માણસો પણ તેની પૂનામાં હાજરી હોવા અંગે સાક્ષી હતા. ઈન્સ્પેક્ટર કાર્તિકને ઊંઘ આવે તેમ નહોતી. સવારે અખબારોમાં મોનાની જ વાતો હતી. રોહતગી શેઠે ખૂનીને શોધી આપનાર માટે ૫૦૦૦ રૂપિયાનું, અને એ અંગે ચોક્કસ માહિતી આપનારને ૧૦૦૦ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું. ખૂનીને શોધવા પોલીસ આકાશપાતાળ એક કરી રહી છે તે પણ અખબારોએ છાપ્યું હતું. રોહતગી શેઠે પણ એ અંગે આશા દર્શાવી હતી. મોના પ્રત્યે તેમનો પ્રેમ પણ હવે છાપે ચડયો હતો. પણ આ બધું વાંચતાં ઈન્સ્પેક્ટરને એક વાતની નિરાંત થઈ કે પોતે બાબુલાલની ધરપકડ કરી હતી એ ખબર ક્યાંય પ્રકટ થઈ નહોતી. બાબુલાલે આ અંગે કશો ઊહાપોહ નથી કર્યો એ જાણી એણે મનોમન તેનો આભાર માન્યો. પણ હવે તેને શર્વિલક પર ગુસ્સો ચડવા લાગ્યો. તેના ભરોસામાં રહેવાથી તો પાંડેસાહેબ સમક્ષ એને શરમાવું પડેલું અને બાબુલાલની બાબતમાં પણ પોતાના હાથ પાછા પડયા હતા. કાર્તિકને લાગવા માંડયું કે શર્વિલકે તેને ખરેખર 'ઉલ્લુ' બનાવ્યો હતો. પણ શા માટે?

મંગળવારે સવારે આલોકસાહેબે કાર્તિકને બોલાવ્યો. 'મિ. કાર્તિક! આ તમે શું કર્યું? મિ. પાંડે તમારી સામે ફરિયાદ કરતા હતા. આ કેસ પતી ગયે તમને મુંબઈમાંથી બીજે ખસેડવા માટે એમણે માગણી કરી છે. આ કેસમાં તમે ઠીકઠીક આગળ વધી ગયા છો એટલે કેસ બીજાને સોંપવાની એમની માગણી તો મેં ન સ્વીકારી. પણ તમને વૉરંટ અપાવવા માટે તેઓ મારા પ્રત્યે પણ બહુ નારાજ છે.' આલોક સાહેબ મોંમાં રહેલી સિગારેટ ચાવવા લાગ્યા હતા.

'પણ સાહેબ, મારી પાસે જે માહિતી...'

'તમને ખબર છે ઈન્સ્પેક્ટર?' આલોકસાહેબે ફાઈલ ખોલતાં કહ્યું, 'મિ. પાંડે માટે દિલ્હીથી ભલામણ હતી. આપણે ત્યાંના ઘણાની બઢતી ઉપર પગ મૂકીને એ અહીં આવ્યા છે. જોજો, મારે દિલ્હીમાં જવાબ આપવા ન પડે.' અને જરા અટકીને પછી સિગારેટનો એક ઊંડો દમ લઈ તેમણે પૂછ્યું, 'તમારી પાસે આ માહિતી ક્યાંથી આવી?'

'સર, સર...' કાર્તિક જવાબ આપતાં ખચકાયો, શર્વિલકનું નામ અપાય તેમ નહોતું, શર્વિલકે એને બરાબર ફસાવ્યો હતો.

'કેમ ખચકાઓ છો?' સાહેબનો અવાજ જરા ઊંચો થયો, 'બોલો, તમને આ બધી માહિતીઓ કોણે આપી?'

'સર,...માહિતી આપનાર રક્ષણ માગે છે. નામ ન આપવાની આપણી પ્રથા છે.' કાર્તિકના કપાળ પર પરસેવો વળવા લાગ્યો.

'બરોબર છે, પણ નામ તમારે મને-તમારા 'ચીફ'ને આપવાનું છે.'

'મને માફ કરો, સર.' કાર્તિક બોલ્યો, 'એક અઠવાડિયા પછી એનું નામ જરૂર આપીશ.'

'ઈન્સ્પેક્ટર!' આલોકસાહેબ બરાડી ઊઠયા, 'તમે શું કહો છો તેનો ખયાલ છે? તમારા દિવસ ભરાઈ ગયા લાગે છે. જાઓ, રિપોર્ટ ફાઈલમાં આપી કેસ બીજાને સોંપવા તૈયાર રહેજો.'

કાર્તિક ઊભો થઈ ગયો, આબરૂ ગઈ, હવે નોકરી પણ કદાચ... છતાં પ્રયાસપૂર્વક હિમ્મત એકઠી કરી તેણે કહ્યું, 'ખૂન થયા પછી એ સ્થળે હું જ ગયો હતો. કેસ ચાલે ત્યારે કોર્ટમાં પ્રથમથી જ મારી જરૂર પડશે. આપ મહેરબાની કરી...'

'ગેટ આઉટ,' સાહેબ બરાબર તપી ગયા હતા, 'ગેટ લૉસ્ટ.'

હતાશ થઈ કાર્તિક પોતાની કૅબિનમાં આવ્યો ત્યારે ફોનની ઘંટડી

વાગી રહી હતી. 'હલો, કાર્તિક હીયર'.

'કેમ? કૈસી રહી?' સામેથી શર્વિલકનો મજાકભર્યો અવાજ સંભળાયો.

'કમબખ્ત! આ શાનું વેર વાળી રહ્યો છે?' કાર્તિકનો ગુસ્સો હવે ઉભરાવા લાગ્યો, 'ખબર છે, મને નોટિસ મળવામાં છે? પાંડેસાહેબ તો પરણ્યા જ નથી અને રોહતગી એનો સાળો ક્યાંથી થયો? હું યે તને જોઈ લઈશ, બેટમજી!'

'ધીરા પડો, ઈન્સ્પેક્ટર સાહેબ!' શર્વિલકના અવાજમાં હજી યે ટોળ ભર્યો હતો, 'તમે લખનૌ તપાસ કરો, અને જો હું ખોટો પડું તો તમારો જોડો અને મારું માથું.'

'પણ...પણ' કાર્તિકને હવે કંઈક રસ પડ્યો, પણ પછી પુનઃ સાવધ થઈ જતાં બોલ્યો, 'કેમ? ફરી મને ફસાવવા માગે છે?'

'ખેર, તમારી મરજી!' શર્વિલકે કહ્યું, 'પણ પછી મને કહેશો નહિ કે...'

અને અચાનક ફોન કપાઈ ગયો, ઓપરેટરે તેને આલોકસાહેબ સાથે જોડી આપ્યો.

'મિ. કાર્તિક, તમે હમણાં તમારા ઈન્ફોર્મર સાથે વાત કરતા હતા. કોણ છે એ માણસ? આલોકસાહેબે હવે બીજી લાઈન ઉપર કાર્તિકનો ફોન સાંભળવા માંડ્યો હતો. કાર્તિક સમસમી રહ્યો, છતાં બોલ્યો:

'સોરી, સર? નામ આપી શકાય તેમ નથી. આપ મારા બૉસ છો, પરંતુ મારે પણ સિદ્ધાંતો છે. આપ એક અઠવાડિયાની મહેતલ આપો.'

'તમે નામ આપો, ઈન્સ્પેક્ટર? ધીસ ઈઝ એન ઑર્ડર.' આલોકસાહેબનો અવાજ હવે બિલકુલ ફરી ગયો હતો.

'સર! આ માણસ દિલ્હીનો જાણીતો ઉઠાવગીર શર્વિલક છે. જેને પકડવામાં મેં દિલ્હી પોલીસને હેલ્પ કરેલી.'

'યસ, આઈ નો ધ કેસ.' સાહેબે કહ્યું, 'તમારી સાથે જ એ કેસની વિગતો અહીં આવેલી. અને એથી જ તો તમને જવાબદારી સોંપાઈ હતી. પણ આ શર્વિલક તો જેલમાં હતો, ક્યારે છૂટ્યો?'

'સર,' કાર્તિક હવે લાચાર હતો, 'તે જેલમાંથી નાસીને આવેલો છે. મોના તેની સાળી હતી.'

'ફરી સાળા-સાળીનું ચક્કર!' આલોકસાહેબે કટાક્ષ કર્યો, 'પાંડેસાહેબનો સાળો હતો તેવી આ સાળી નથીને?'

'ના સર, મેં શર્વિલકની પત્નીને જોઈ છે.' કાર્તિકથી બોલાઈ ગયું.

'અચ્છા! ત્યારે તમે જાણો છો કે શર્વિલક ભાગેડુ કેદી છે, અને તમે તેને મળ્યા છતાં પકડ્યો નથી? શું દિલ્હી અને મુંબઈ ભારતના પ્રદેશો નથી?' આલોકસાહેબનો છણકો, કાર્તિક ફોનમાં પણ અનુભવી રહ્યો. 'મિ. કાર્તિક, તમે શર્વિલકને ગિરફતાર નહિ કરી લાવો તો ગુનેગારને મદદરૂપ થવા માટે તમારા ઉપર કામ ચલાવવામાં આવશે.'

'પણ સર!...'


'શટ અપ. યુ ડેમ ટ્રેઈટર!' અને ફોન બંધ થઈ ગયો.

કાર્તિક બધી બાજુથી ફસાઈ પડ્યો હતો. હતાશ થઈ એ ખુરશીમાં બેસી પડ્યો. પછી એકાએક કંઈ યાદ આવતાં તેણે દિલ્હીમાં પોતાના ટ્રેઈનિંગ ઑફિસરને ટ્રંકકોલ જોડવા ઓપરેટરને સૂચના આપી. એમનો એ પ્રિય શિષ્ય હતો.

(ક્રમશઃ)

'સાયોનારા' (અનુસંધાન પૃષ્ઠ ૨૧૦થી) સંસ્થાએ ઉચ્ચારેલું કડવું સત્ય ઘણાં પક્ષીપ્રેમીઓને જરૂર આઘાત પહોંચાડશે. દરમિયાન હાલ તો જાપાનનું આ લાડકુ 'નિપ્પોનિયા નિપ્પોન', દુનિયા આખીને 'સાયોનારા' કહીને ચિરવિદાય લઈ ચૂક્યું છે તેમ જ માનવું રહ્યું.

* ડોડો અને ગુલાબી બતક તેમ જ લુપ્ત થઈ ગએલાં સંખ્યાબંધ પક્ષીઓ સંબંધી રંગીન ચિત્રો સાથે વધુ માહિતી મેળવવા માટે જિજ્ઞાસુએ લેખક-ચિત્રકાર **Tim Hallinay** કૃત **'Vanishing Birds'** નામનું ઉત્તમ પુસ્તક જોવા જેવું છે.



જાપાનનાં આઇબિસ (કાંકરેળી)નું 'સાયોનારા'

લેખક · ડૉ. સુશ્રુત પટેલ

પક્ષીઓની આજે આશરે ૮૬૦૦ જેટલી જાતિઓ જોવા મળે છે. આમાંની કેટલીક સંખ્યામાં વધે છે, કેટલીક પાંખી બનતી જાય છે, જ્યારે થોડીક તો નામશેષ થવાની હદે પહોંચી ચૂકી છે. આમ તો નિર્વંશીકરણ એ કુદરતી પ્રક્રિયા જ છે, અને ખરું પૂછો તો ઉત્ક્રાંતિનો એ એક ક્રમ રહ્યો છે, પરંતુ છેલ્લાં ત્રણસો વર્ષ દરમિયાન પક્ષી પ્રાણી ને વનસ્પતિનું નિકંદન કાઢવાનું કાર્ય માનવીએ ઉપાડી લીધું હોય તેમ જણાય છે.

અંગ્રેજીમાં જે વસ્તુનો કાયમી નાશ થઈ જાય તેને માટે **'As dead as a Dodo'** એવો એક રૂઢિપ્રયોગ પ્રચલિત છે. જેનું નામ આ રૂઢિપ્રયોગ સાથે સંકળાયું છે તે 'ડોડો' નામનું મોટા કદનું, ઊડી નહીં શકતું, કઢંગુ પક્ષી હિંદી મહાસાગરમાં આવેલા મોરિશ્યસ ટાપુ ઉપર એક વખત ખરેખર અસ્તિત્વ ધરાવતું હતું. આ પક્ષીના બાહ્ય દેખાવથી પ્રેરાઇને ડચ ખલાસીઓએ તેને **'Dodars'** નામ આપ્યું. આ ડચ શબ્દ **'Dodoor'** એટલે જડ કે આળસુ **(sluggard)**, અને **'Dodaers'** એટલે કઢંગુ કે અડબંગ **(lubber)** એવા બે ડચ શબ્દો સંયોજિત થઇને બન્યો છે. કાળાંતરે **'Dodars'** પરથી અંગ્રેજીમાં 'ડોડો' શબ્દ ઊતરી આવ્યો. આ પક્ષી આગળ જતાં ઈ. ૧૬૮૧ની આસપાસ સદાને માટે લુપ્ત થઇ ગયું. પક્ષીની જાતિ નિર્વંશ થવાનો આ સૌપ્રથમ નોંધાએલો કિસ્સો હતો.

કેમ જાણે ચીની ચલાણાંની દુકાનમાં ગોધો વિહરતો હોય તેમ મનુષ્યે પૃથ્વીને બાપીકી મિલ્કત સમજીને કેટલાંય પશુ-પંખીઓનો દાણો કાઢી નાખ્યો છે. પક્ષીઓની જ વાત કરીએ તો આજ સુધીમાં તેમની આશરે ૧૩૦ જેટલી જાતિઓ **(species)** અને પ્રજાતિઓ **(races)** નો સદંતર લોપ થઇ ગયો છે. પક્ષીઓના સર્વનાશના કિસ્સા આપણે ત્યાંય નોંધાયા છે. અગાઉના બંગાળ, કે જે આજે બાંગલાદેશ તરીક ઓળખાય છે, ત્યાં એક વાર જોયાં હોય તો કદાપિ ન ભુલાય તેવાં સુંદર બતક **(Pink-beaded duck)** રહેતાં હતાં. ઈ. ૧૯૫૬, અને સંભવ છે કે એથી પણ પહેલાં, ઈ. ૧૯૪૪ આસપાસ જ એ ખતમ થઇ ગયાં હોવાં જોઈએ. શ્રી સાલીમ અલીએ એના અંગે ૧૯૬૦માં એક વિસ્તૃત નોંધ પણ લખી છે.*

આવી જ રીતે, પાકિસ્તાન, નેપાળ, બર્મા અને આપણે ત્યાં અગાઉ જોવાં મળતાં કદાવર આઇબિસ (Giant Ibis)નો પણ લગભગ નાશ થયો છે.

આઇબિસ (Ibis) એટલે ગુજરાતીમાં કાંકરોળી(લી), કાંકણુ કે કાકણાસાર. થ્રેસ્કિઑર્નિથિડી કુળ (Family : Threskiornithidae)માં આઇબિસ ઉપરાંત ચમચા (Spoonbills) પણ આવે છે. આ કુળમાં ૧૭ વંશો (genera) અને ૨૦ જાતિઓ (species) છે. એમનાં નજદીકનાં સગાં તે બગલાં (Herons) અને ઢોંકડાં (Storks). અગાઉ સુરખાબ (Flamingos) તેમના દૂરના સગામાં ગણાતાં હતાં, પણ હવે નવા વર્ગીકરણ મુજબ આઇબિસ, ચમચા, બગલા ને ઢોંકડાં 'સાઇકોનાઇફૉર્મિસ' ગણ કે શ્રેણી (order: Ciconiiformes)માં મુકાય છે, જ્યારે સુરખાબ 'ઍનેટિડી' (Anatidae) નામના જુદા જ ગણ (order)માં આવે છે.

આઇબિસની ચાંચથી પૂછડી સુધીની સરેરાશ લંબાઈ ૫૦થી ૯૦ સે.મી. હોય છે. આફ્રિકામાં થતાં હડાડા (Hadada) તેમ જ આઇબિસની કેટલીક અન્ય જાતિઓને બાદ કરતાં આ કુળનાં પંખીઓનાં ગળાંની સ્વર-પેટી બહુ વિકસેલી નથી હોતી. દાતરડાની જેમ વળેલી ચાંચની મદદથી એ પાણીમાં કે કિનારે જીવડાં શોધતાં મૂગાંમૂગાં ફરે છે. પૂછડી ટૂંકી, પગ અને ગરદન બંને લાંબાં. ઊડે, ત્યારે બગલાંની જેમ ડોક સંકોચેલી ન રાખતાં, ઢોંકડાની જેમ સીધી રાખે.

આઇબિસની કેટલીક સુંદર જાતિઓમાં દક્ષિણ અમેરિકાનાં વતની કેસરી આઇબિસ (Scarlet Ibis) અને જાપાની આઇબિસનો સમાવેશ થાય છે. આ બંને પક્ષીઓને કુદરતે ખોબેખોબે રૂપ બક્ષ્યું છે. જાપાનમાં એમને 'ટૉકી' (Toki–શાસ્ત્રીય નામ–Nipponia nippon) કહે છે. માથે કલગી હોવાથી ઘણીવાર 'Crested Ibis' પણ કહેવાય છે. આપણે એમને જાપાનનાં છોગાળાં કે કલગીધારી આઇબિસ કહી શકીએ.


આમ તો, જાપાનની ખાસ કરીને મીઠા તેમ જ ખારા પાણીની પંખીસૃષ્ટિ જેવું જ વૈવિધ્ય ત્યાંની સસ્તન પશુસૃષ્ટિ પણ ધરાવે છે. જેમ કે ઊડતી ખિસકોલી, બદામી રીંછ, તેમ જ સિકા (Sika) હરણ માત્ર જાપાનમાં જ જોવા મળે. આ ઉપરાંત, પ્રજનનકાળમાં મધુરાં ગાન માટે પાંજરામાં ગોંધી રખાતો 'કાજિકા' (Kajika) દેડકો પણ ત્યાંની વિશિષ્ટતા છે. પણ જાપાનીસ આઇબિસની વાત બધાંથી અલગ છે.

આપણે ત્યાં આઇબિસની શ્વેત (White), કૃષ્ણ (Black) અને ચકચકિત (Glossy) એવી ત્રણ જાતો જોવા મળે છે. ગુજરાતમાં આ ત્રણેય પ્રચલિત છે. અમદાવાદની આસપાસના ચંડોળા તથા થોલ તળાવો, તેમ જ શીલજ, વસ્ત્રાપુર વગેરે જેવાં સ્થળોએ એ દેખા દે છે.

આપણે ત્યાં વસતાં કાંકણાસારનાં માથાં ઉપર પીછાં હોતાં નથી. કાળાં કાંકણનાં માથાં ઉપર પીછાં વિનાની લાલ ચામડી છે. સફેદ કાંકણનું માથું અને ડોક કાળી ચામડાવાળાં અને પીછાં વિનાનાં ઉઘાડાં. હા, બચ્ચાંની વાત કરીએ તો એમની ડોક ઉપર સફેદ પીછાં હોય ખરાં, પણ માથા ઉપર કે પાછળ પીછાંનું છોગું તો નથી જ હોતું. એના સોબતી ચમચા સંવનનઋતુમાં માથા પર ફરતી કલગી સજાવે છે ખરા, પણ ચમચા જેવી કે આગળથી તવેથા જેવી ચાંચથી એ અલગ પડી જાય છે. આની સામે, જાપાનિસ કાંકણાસાર છોગાની બાબતમાં દુનિયા આખીનાં કાંકણાસારથી અલગ તરી આવે છે. માડાગાસ્કરમાં કલગીધારી કાંકણાસાર (Lophotibis cristata) થાય છે ખરું, પણ એની પાંખો તદ્દન શ્વેત હોય છે. જ્યારે જાપાનિસ આઇબિસ શ્વેત યા ભૂખરું (grey) હોય છે, એનું માથું શ્વેત, આંખની ચોપાસ ચણોઠી જેવા લાલ રંગનો બદામ જેવા આકારનો લસરકો, ચાંચ કાળી લાંબી ને વાંકી, તેમ જ પગ ખાસ્સા લાંબા અને રંગે લાલ. મીઠા પાણીનાં રહેવાસી. કળણ કે ભેજવાળી પોચી જમીનની ચોપાસનાં વૃક્ષોની ઘટામાં પથારો પાથરે. (આ લેખના મથાળે તેની છબી છે.)

ઈ. સ. ૧૯૦૦ની સાલ સુધી જાપાનમાં એમની સંખ્યા ઠીકઠીક હતી. આ ઉપરાંત ૧૯૨૦ની આસપાસ ઉત્તર ચીન, મંચુરિયા અને ઉસ્સારિયા (Ussaria) પ્રદેશમાં પણ એ જોવા મળતાં હતાં. કોરિ-

ડોડો



હિંદી મહાસાગરમાં માલાગાસી (માડાગાસ્કર)ની પૂર્વમાં મોરિસ્યસ નામે એક ટાપુ છે. આ ટાપુની ઈશાને રોડ્રીગોઝ અને નૈઋત્યે રીયુનિયન નામે બે બીજા નાના ટાપુ છે, અને વચ્ચે મસ્કરનીઝ નામે ટચૂકડાં ટાપુઓનું એક નાનું જૂથ છે. સત્તરમી સદી સુધી આ ટાપુઓનું ખાસ કંઈ મહત્ત્વ નહોતું, પણ અહીં—ખાસ કરીને મોરિસ્યસ અને રીયુનિયન ટાપુઓ પર, આ તરફથી પસાર થતાં વહાણો મીઠું પાણી લેવા તથા ખોરાક માટે શિકાર કરવા રોકાતાં. આ મોરિસ્યસ અને મસ્કરનીઝ ટાપુઓ પર 'ડોડો' નામે ઓળખાતું કબૂતર-પારેવાંના વર્ગનું ભારેખમ દેહવાળું અને ચારેક ફૂટના કદનું બિલકુલ નિરુપદ્રવી પક્ષી વહાણવટીઓ માટે સરળતમ શિકાર બની રહેતું. આ ડોડો ઊડી શકતું નહિ, અને બાધું યે એટલું કે આત્મરક્ષણ અર્થે પણ નાસી જવાનું તેને સૂઝતું નહિ, એટલે એમનો શિકાર બહુ આસાનીથી થઈ શકતો. અને આથી જ એમની સંખ્યા ઉત્તરોત્તર ઝડપથી ઘટવા લાગી હતી. પછી તો આ ટાપુ ઉપર માણસો વસતા થયા અને ડોડોનો શિકાર અત્યંત વધી ગયો. ઓછામાં પૂરું માણસોએ આણેલાં બિલાડાં, કૂતરાં, ભૂંડ, વાંદરા વગેરેએ પણ ડોડોનો નાશ કરવા માંડ્યો. પરિણામે માનવ-વસવાટ થયા પછી ૮૫ વર્ષમાં, ઈ. ૧૬૮૧થી '૯૨ના અરસામાં આ ટાપુઓ પરથી ડોડોનું નામનિશાન ભૂંસાઈ ગયું. ડોડો વિષે આજે આપણે જે કંઈ જાણીએ છીએ તે બધું જ એની હયાતીના અરસામાં ચીતરાએલાં તેનાં ચિત્રો, મળી આવેલાં અવશેષો કે લેખિત નોંધો પર જ આધારિત છે. આ ડોડો—**Raphus cucullatus**નાં નજીકનાં સગાં સમાં 'સૉલિટેર' (Solitaire) નામનાં પક્ષીઓ પણ રીયુનિયન અને રોડ્રીગોઝ ટાપુઓ પર હતાં. રીયુનિયન ટાપુ પર ઈ. ૧૭૫૦ની આસપાસ સુધી અને રોડ્રીગોઝ પર ઈ. ૧૮૦૦ સુધી સૉલિટેર ટકી રહેલાં, પણ અંતે એ પણ ડોડોની માફક અહીંથી સદાને માટે લુપ્ત થઈ ગયાં છે. —સં.

કાંકરોળી



ગુજરાતમાં જોવા મળતું કાંકરોળી



પ્રાચીન મીસરનું પૂજનીય 'સેક્રેડ' આઇબિસ.

નદી, તળાવ કે ઝીલના કાંઠે, ડાંગરના ક્યારાઓમાં કે એવા કાદવ ને ભેજવાળા પ્રદેશોમાં બગલાં વગેરે જલપક્ષીઓની સાથે સમૂહમાં વસતાં કાંકરોળીને ઓળખી કાઢવાં બહુ સરળ છે. ફક્કડ જેવડો દેહ, ગરદન સુધી કાળું માથું અને એવી જ કાળી લાંબી વાંકી ચાંચવાળાં આ પક્ષીઓ સુંવાળા પોચા કાદવ પર પોતાના લાંબા કાળા પગની નમણી ચાલે ચાલતાં ઝીણાં જીવડાં, કીડા અને દેડકાનો ખોરાક શોધતાં મૂંગે મોંએ ફરતાં જોવાં મળે છે. આમાં એને જો કંઈ ખલેલ થાય તો ઊડીને નજીકના ઝાડ પર ચઢી જાય. ઊડતી વખતે તેની ગરદન તથા ચાંચ આગળ અને પગ પાછળ લંબાવી એ સીધાં ને એકધારાં, વચ્ચે વચ્ચે જોરથી પાંખો વીંઝતાં હવામાં સરકતાં જાય છે. અને જો સમૂહમાં ઊડતાં હોય તો કુંજની માફક V આકારે હારમાં ઊડે છે. પ્રજનનકાળ સિવાય એ જવલ્લે જ બોલતાં સંભળાય. જૂનથી ઑગસ્ટ એ એમનો પ્રજનન-કાળ. ત્યારે બગલાં વગેરે સાથે પાણીમાં કે પાણીની પાસે જ ઊગતાં ઝાડઝાંખરાં છોડ વગેરેમાં ડાંખળાંનો સપાટ માળો બનાવી વાદળી કે લીલાશ પડતાં સફેદ અને ક્વચિત પીળાશ પડતાં ટપકાંવાળાં ૨ થી ૪ ઈંડાં મૂકે છે. આ કાળમાં તેની ગરદન અને છાતીના ઉપરના ભાગમાં લાંબાં સફેદ સોહામણાં પીછાં ઊગે છે. દેખાવમાં નર-માદા બંને સરખાં લાગે છે. ગુજરાતમાં જોવાં મળતાં કાંકરોળી, કે કાંકણુ યા કાંકણસારની આ સામાન્ય ઓળખ. આપણે ત્યાં તેની સફેદ, કાળી અને ચળકતા દેહવાળી, એમ ત્રણ જાત જોવા મળે છે. સફેદ કાંકરોળી સમૂહચર છે જ્યારે બીજાં બે એકલદોકલ છૂટાંછવાયાં ફરે છે.

થ્રેસ્કીઓર્નિથાઈડ (**Threskiornithidae**) કુળનાં આ પક્ષીઓની ૨૮ જેટલી જાત છે. અંગ્રેજીમાં એ આઇબિસ (**Ibis**)ના સામાન્ય નામે ઓળખાય છે. મધ્યમથી મોટા કદનો દેહ, ૧૯થી ૪૨ ઇંચ સુધીની ઊંચાઈ, ટૂંકી પૂછડી, મોટી પાંખો, લાંબી ગરદન અને લાંબી વળેલી ચાંચ આ એમની સામાન્ય ઓળખ. દેખાવમાં નરમાદા સરખાં. યુરેશિયા, આફ્રિકા, અમેરિકાના સંયુક્ત રાજ્યોની દક્ષિણેથી માંડી મધ્ય અને દક્ષિણ અમેરિકામાં પાણીકાંઠે કે કળણમાં એ વસે. એમની ઘણીખરી જાત સમૂહચારી. જીવડાં, કીડા, કરચલા, માછલી અને કેટલીક વનસ્પતિ એ એમનો આહાર. પાણી વચ્ચેના બેટડા પર, કાંઠાની જમીન પર કે પાણીની નજીકનાં ઝાડ કે ખડકમાં સાંઠીકડાં, ડાંખળાં વગેરેનો માળો બાંધી તેમાં સફેદ, આસમાની કે આછા પીળા રંગનાં ૨ થી ૫ ઇંડાં મૂકે. કેટલાંકનાં ઇંડાં પર ટપકાં પણ હોય છે. નરમાદા બંને સાથે મળીને બચ્ચાંને ઉછેરે છે.

આ આઇબિસની એક જાત (થ્રેસ્કીઓર્નિસ ઇથિયોપિકસ–**Threskiornis Aethopicus**) પ્રાચીન મીસરમાં બહુ પવિત્ર ગણાતી. એ પરથી એ 'સેક્રેડ આઇબિસ' નામે ઓળખાતાં. મૂળ તો એ મધ્ય આફ્રિકાનાં વાસી પણ ઇજિપ્તમાં જ્યારે નાઈલ નદીમાં પૂર આવે ત્યારે તે ત્યાં મોટી સંખ્યામાં જોવાં મળતાં. નાઈલ નદી તો ઇજિપ્તવાસીઓની જીવાદોરી. એમાં આવતાં પૂર પર એ દેશની ખેતીનો મોટો આધાર, એટલે એનું માહાત્મ્ય વધારે, અને સ્વાભાવિક રીતે જ એ કાળે આ પક્ષીઓનું વિશેષ દર્શન થતું એટલે લોકમાનસે આ બંનેનાં આગમનને જોડી દીધાં. મીસરવાસીઓ આ આઇબિસને, પ્રત્યેક માણસના જીવનની નોંધ રાખતા એમના એક દેવ થોથ (**Thoth**)નું જ સ્વરૂપ ગણી તેને પૂજતા. ઇજિપ્તની પ્રાચીન કબરો ને પિરામિડોમાં મોટાં પાત્રોમાં કે એકબીજા પર થપ્પી કરી રાખેલાં આ આઇબિસનાં હજારો મમી મળી આવ્યાં છે. ત્રીસેક ઇંચ લાંબા દેહવાળાં આ આઈબિસનું ઉઘાડું માથું, ચાંચ અને પગ તથા પાંખના છેડા કાળાં. જો કે એક કાળે જ્યાં એ પૂજાતાં ત્યાં આજે એ ભાગ્યે જ જોવા મળે છે.

આઇબિસની એક કેસરીરંગી જાત પણ છે. (**Eudocimus ruber**) દક્ષિણ અમેરિકામાં વેનેઝુએલા અને બ્રાઝિલના ઉષ્ણ પ્રદેશોમાં એમની પુષ્કળ વસાહતો જોવા મળે છે. વર્ણભેદ સિવાય એમની બધી લાક્ષણિકતાઓ બીજાં આઇબિસ જેવી જ છે. સફેદ આઇબિસ સાથે એ હળીમળીને રહે છે. તેઓ આછા આસમાની રંગના અને બદામી ટપકાંવાળાં ૪ થી ૫ ઇંડાં મૂકે છે. આ આઇબિસના કેસરી વર્ણની ભભક બંધનાવસ્થામાં પેઢી દર પેઢી ઘટતી જતી જોવા મળી છે. –સં.

યામાં તો છેક ૧૯૩૬ સુધી એ સર્વસામાન્ય હતાં. ૧૯૭૯માં આવા એક પક્ષીનો રંગીન ફોટો પણ ત્યાંથી ઝડપાયો હતો. આમેય, કેટલાંક વર્ષોથી જાપાની આઇબિસ ઉપર નિર્વંશ થવાનું જોખમ તોળાતું હતું, એ ભય તાજેતરમાં આવેલા એક સમાચારે સાચો પુરવાર કર્યો છે. સમાચાર કહે છે કે જાપાનની ઉત્તરે આવેલા સાડો (**Sado**) નામના ટાપુ ઉપર એમની સંખ્યા માત્ર પાંચ જેટલી જ બચી છે, અને તળ પ્રદેશ (**mainland**)માં એ બચ્યાં હોય તેવાં કોઈ એંધાણ મળ્યાં નથી. સુકાતાં જતાં અને ઓછાં થતાં જતાં જંગલો, નિરંકુશ શિકાર, અને કીટકનાશક દવાઓનો બેફામ ઉપયોગ એમના વિનાશનાં કારણ બન્યાં છે.

સરકારી પ્રવક્તાના જણાવ્યા અનુસાર ત્યાંની સરકારે જાપાનિસ આઇબિસને બચાવવા એમને પકડીને અનુકૂળ પર્યાવરણ ધરાવતા પંખીઘરમાં ઉછેરવાના પ્રયત્નો હાથ પર લીધા છે. કદાચ એવા આશયથી કે ત્યાં તેઓની વંશવૃદ્ધિ થાય. અલબત્ત, ઈ. ૧૯૭૩ની સાલથી આ પક્ષીઓએ પ્રજનન કર્યાની કોઈ જાણ નથી એ હકીકત ધ્યાનમાં લઈએ, અને બચેલાં પાંચે-પાંચ જાપાનિસ આઇબિસ કાં તો માદા જ હોય કે માત્ર નર જ હોય તો જાપાનની પરિ-આવરણ (અનુ. પૃ. ૨૦૮)

ભારતીય સ્વાતંત્ર્ય-સંગ્રામના ઇતિહાસનું પુનઃ મૂલ્યાંકન કરતો લેખ

આ નામો ઇતિહાસમાં નથી

લેખક • વિષ્ણુ પંડયા

ક્યાંથી હોય આ નામો ઇાતહાસમાં? બિચારા આપણા ઇતિહાસ-લેખકો! કેટલુંક સમાવે પોતાના લેખોમાં? એમને ય પસંદગીની સમસ્યા હોય છે. આવડા મોટા યુગમાં તેમણે પસંદ તો અમુક કાળખંડ જ કરવો પડે...

પણ થોભો. વાત જરાક જુદી છે. બ્રિટનના ઇતિહાસલેખન વિષે મનાય છે કે બીજી ઘણી હકીકતોનો છેદ ઉડાડી દઇને પણ પોતાના દેશને માટે લડનારા નાનામાં નાના માણસની સ્મૃતિ જાળવવાનો પ્રયાસ તેમાં હમેશાં નજરે ચડશે.

કારણ કે સ્મૃતિ-વિલોપન ભલે સમાજને માટે સ્વાભાવિક હોય, પણ 'દેશેર માટી'ની ગાથા વિસ્મૃત થઈ જતી હોય તો એ સમાજ સ્વાભિમાની અને સ્વતંત્ર રહી શકતો નથી એમ એ બરાબર જાણે છે.

દુર્ભાગ્યે, આપણે ત્યાં સ્વાધીનતા માટે પોતપોતાની સમજ પ્રમાણે લડનારાઓમાંયે વર્ગો પાડીને કહેવામાં આવ્યું: 'અરે, એ લોકો? પાગલ હતા, પાગલ!'

પાગલ લોકો જ સમાજ બદલાવે છે એ વાત સહેલાઈથી ભૂલી જવાતાં, જાણ્યેઅજાણ્યે, વિદ્યાર્થીઓના હાથમાં ધરવામાં આવતાં પાઠ્યપુસ્તકોમાં પણ સ્વતંત્રતાની લડતમાં ઘણી વાર નિષ્ફળ ગયેલી મહાત્માજીની લડતોનાં યે વિગતવાર વાહ-વાહ વર્ણનો છે અને શત-સહસ્રો, ક્રાંતિપથે વિચરનારાઓ, વિસ્ફોટમાં હોમાઈ ગયેલાઓ, ફાંસીના તખ્તા પર ચઢી ગયેલાઓમાંના થોડાકને બાદ કરતાં, બધાં આસાનીથી ભૂલવી દેવાયાં છે.

આમ કેમ? આ સવાલનો પ્રત્યુત્તર જે હોય તે, પણ અગ્નિમય આહુતિ આપનારાં આ-ટ-લાં બધાં યુવક-યુવતિઓ કઈ ભાવનાથી આગળ આવ્યાં, પોતાનાં જીવનને કઠોર વ્રતપાલનથી બાંધીને ઊબડ-ખાબડ જમીન પર દોડયાં ને નિસ્પૃહ, છલોછલ ત્યાગના ગૌરીશિખરે પહોંચ્યાં—એ રોમાંચક અને પ્રેરક પ્રક્રિયાથી યે હિન્દુસ્તાનની નવતર પેઢી વંચિત રહી ગઈ છે.

બિમલ મિત્ર આપણા અચ્છા કથાકાર છે. થોડાં વર્ષ પર તેમણે એક નવલકથા લખેલી. તેનું નામ રાખ્યું હતું: 'જે ઇતિહાસમાં નથી.'

સ્મૃતિવિલોપનના અભિશાપની સાથે જોડાએલા સમાજે એ જે 'નથી' તે 'શોધવા'નો પુરુષાર્થ કર્યો હોત તો તે નર્યો 'ઍકેડેમિક' ન રહ્યો હોત. તેનાં પરિણામો શિક્ષણ અને નાગરિકનાં નવઘડતર સુધી પહોંચ્યાં હોત. પણ, આપણે તો અવશ બનીને ગાઈ લીધું.

> કદી સ્વાધીનતા આવે, વિનંતી ભાઈ છાની
> અમોને યે સ્મરી લેજો, જરી પળ એક નાની.

અથવા, ખુદ એક ક્રાંતિવીર કવિએ જ પોતાના જેવાઓની નિયતિ જાણી લીધી હતી કે 'શહીદોંકી મઝારોં પર હર બરસ જૂડેગા મેલા, ઉનકે લિયે બસ, યહી નામોનિશાં હોગા!'

ત્યારથી, આપણા લેખકો, રાજનેતાઓ, વક્તાઓનાં મોંએ વારંવાર એક વાક્ય ચગળાયા કરે છે: 'એ નામી-અનામી વીર શહીદો...'

'નામી'ને તો આપણે જાણીએ છીએ, પણ પેલા 'અનામી'નું શું?

ઇતિહાસ લખનારાઓ, સંશોધન કરનારાઓની એ પહેલી ફરજ હોઈ શકે. આ તો છેલ્લા ત્રણેક સૈકાની જ ઘટનાઓ છે, તેનું શોધન સરળ છે; સાધનો ઉપલબ્ધ છે, દસ્તાવેજો નષ્ટ નથી. શા માટે એને પહેલાં અગ્રતા ન અપાય?

કદાચ, આપણો રાષ્ટ્રીય આત્મા કોહવાતો ચાલ્યો છે... આ વિધાનને અતિશયોક્તિ માનીને કે અભિનિવેશ માનીને, વિદ્દદ્જનો તેનાં ચીથરાં ઉડાડી શકે છે. પણ, હું થોડાંક વધુ, ઉજ્જ્વળ છતાં અપરિચિત નામો સુધી દોરી જઉં તમને.

ચારુચંદ્ર બસુ. 'ટીન એજ' હજુ પૂરી થઈ નહોતી ત્યાં કલકત્તામાં તેને કામ સોંપાયું. એક સરકારી વકીલને પાઠ ભણાવવાનું. દેશવાસી જ હતો તે, પણ બ્રિટિશ વફાદારીમાં તેણે ઘણા ક્રાંતિકારોને વન્દેમાતરમ બોલવા માટે સજા કરાવવા જહેમત લીધેલી. એક દિવસ-૧૦ ફેબ્રુઆરી ૧૯૦૯ના રોજ અલીપુર કોર્ટમાંથી બહાર નીકળ્યા આ વકીલ સાહેબ-આસુ બિશ્વાસ-અને સત્તરની વયના ચારુચંદ્રે ગોળીથી એને વીંધી નાખ્યા. પોલીસે ચારુને પકડયો. કેસ ચાલ્યો. ન્યાયાધીશે પૂછ્યું: 'આવા પ્રતિષ્ઠિત માણસને શા માટે માર્યો?'

'એ મારા દેશનો દુશ્મન છે.'

કોર્ટે ફાંસીની સજા તો કરી પણ ઉપલી કોર્ટમાં ફરી વાર કેસની સુનાવણી થાય એવું યે ઠેરવ્યું. કિશોરે બૂમ પાડી. 'નો સેશન, પ્લીઝ... આજે તમે ફાંસી ન આપી શકો તો કંઈ નહિ, કાલે આપો.'

અલીપુર સેન્ટ્રલ જેલમાં માર્ચ ૧૯, ૧૯૦૯ના પ્રાતઃકાળે તેનો થનગનતો દેહ બ્રિટિશ ફાંસીના તખ્તે લટકતો હતો. કલકત્તાના રૂસા રોડ પર, એકસો ત્રીસમા મકાનમાં એ રહેતો હશે, ત્યારે ભાવિનાં કોઈ સપનાં તેની આંખોમાં નહિ હોય?

નરેન્દ્ર નારાયણ ચક્રવર્તી. મેમનસિંઘમાં રહેતો. કિશોર વયથી જ 'અનુશીલન સમિતિ'ના રંગે રંગાયો. એક વાર એક ગામથી બીજે વિસ્ફોટક શસ્ત્રો પહોંચાડવાનાં હશે. આવા કામમાં વાહન તો ક્યાંથી હોય? પગપાળા જ જવાનું. ત્રણેક યુવકો સાંજ પડ્યે નીકળી પડયા. વચ્ચે મોટું જંગલ આવે. પણ ભય શાનો? ત્રણે વનમાં પેઠા. રસ્તામાં જ વાઘ ભેટી ગયો. વિકરાળ પશુએ છલાંગ મારી. બેને તો પાડી દીધા. મિત્રોને બચાવવા નરેન્દ્ર છેલ્લી પળ સુધી લડયો, અને મૃત્યુ પામ્યો. ૧૯૧૧ની સાલનું એ એક વધુ બલિદાન.

ઇન્દુભૂષણ રાય. માણિકતલામાં રહેતો. અલીપુર ષડ્યંત્રમાં પકડાયો ત્યારે હજુ શાળામાં ભણતો હતો. ગીતાધ્યયનનો શોખ. ઇતિહાસ અને 'આનંદમઠ'—એ બેનો ચાહક. ચન્દ્રનગરના મેયર પર બૉંબ ફેંકી આવ્યો. પકડાયા પછી તેને દસ વર્ષની સજા થઈ. આંદામાનની જેલમાં મોકલવામાં આવ્યો. અહીં કોઇને રાજકીય કેદી ગણવામાં આવતા નહોતા. બધા 'ગુનાખોરો'ની યાદીમાં. એકાંત કોટડીમાં બંધ તાળે રાખવામાં આવે અને દિવસભર ધૂંસરી નાખી બળદની જેમ બાંધીને ઘાણીએ જોતરવામાં આવે. આ ગુલામ-યાતના ઇન્દુને પસંદ નહોતી. ૨૯ એપ્રિલ, ૧૯૧૨ની બપોરે ગાર્ડે આવીને તેની કોટડીમાં જોયું તો, તેને પહેરવા માટે આપવામાં આવેલા એકમાત્ર વસ્ત્ર-કુરતાથી ગળાફાંસો ખાઇને એ સ્વાધીન સંસારની યાત્રાએ ઊપડી ગયો હતો.

સખારામ ગોરેને તો આપણે ક્યાંથી જાણીએ? નાસિકના ષડ્યંત્રમાં પકડાયો હતો તે. કેદની સજા થઈ. ત્યાં તેને બ્રોંકાઇટિસ લાગુ પડયો અને ફેબ્રુઆરી, ૧૯૧૩ની એક સવારે એનું પ્રાણપંખેરું ઊડી ગયું.

રાસબિહારી ઘોષની મંડળીનો સભ્ય પ્રતાપસિંઘ પંજાબની ચળવળમાં કૂદ્યો ત્યારે તેમની વય બાવીસની હતી. દિલ્હી ષડયંત્રમાં ૧૯૧૫માં પકડાયો. પોલીસ વડાએ કહેવડાવ્યું. 'છોકરા, તાજનો સાક્ષી થઈ જા. તારી મા ચોધાર આંસુએ રડે છે.' તેણે કહ્યું : 'તમે કહો છો ને કે મારી મા રડે છે. માનાં આંસુ માટે મારા ધ્યેયને ભૂલી જાઉં તો એ પણ માતાનાં આંસુનું અપમાન નથી ?'

ન માન્યો તે ન જ માન્યો. શાસને તેના પર દાઝ ઉતારી. બરેલી જેલમાં એને એટલી યંત્રણા આપવામાં આવી કે તે મૃત્યુ પામ્યો.

રામરખા માંડલે ષડ્યંત્રમાં પકડાયો હતો. ૧૯૧૭માં તેને સજા થઈ અને આંદામાન લઈ જવાયો. તેણે જેલના સીતમો સામે ઉપવાસ આદર્યા અને ભૂખ્યોતરસ્યો મૃત્યુ પામ્યો. આયર્લૅન્ડમાં હમણાં મૃત્યુ પામનારાઓ માટે આપણી સંસદે શોક પાળેલો, તેમાંના કેટલા રામરખાને જાણતા હશે ?

કિશોરગંજ, મેમનસિંઘનો એક યુવક સંજીવ રાય. ૧૯૧૬ના એપ્રિલમાં તેના પર ભારત સુરક્ષા ધારો લાગુ પાડી પકડવામાં આવ્યો. ભાગી છૂટ્યો, ફરી પકડાયો અને બે વર્ષ માટે જેલમાં ધકેલાયો. એક દિવસ અખબારોમાં એક ખૂણે સમાચાર છપાયા. સંજીવ રાયનું જેલમાં મોત થયું છે.

શાના કારણે ? ઍસેમ્બલીમાં પ્રશ્ન પૂછાયો. સરકાર પક્ષેથી તેનો જવાબ મળ્યો : જેલના સત્તાવાળાઓની પૂછપરછ થઈ હતી પણ સંજીવના મૃત્યુનાં કારણો જાણવા મળ્યાં નથી.

સપ્ટેમ્બર, ૧૯૧૬માં મૃત્યુ પામેલા સંજીવ વિષે કલકત્તાની જેલની દીવાલો પણ ખામોશ જ હશે ને ?

શ્રીશચંદ્ર મિત્રા એટલે સૌનો લાડકો 'હાબુ'. રોડ્ડા પિસ્તોલ કેસમાં પકડાએલો તો ખરો પણ પોલીસબંધન તોડીને ભાગ્યો. પગપાળા જ ભારતની સરહદ પાર કરી. અજાણ મુલકમાં તેની લાશ મળી. છ-સાત મહિને અખબારમાં ખબર આવ્યા કે તે શ્રીશચન્દ્રની હતી.

કોઈ બે પ્રવાસી, એકબીજાથી અજાણ્યા, પણ એક જ ધ્યેયને વરેલા, કોઈ એક સ્થાને શહીદી પામે તેવી ઘટનાઓ પણ ક્યાંક રચાઈ છે ખરી. દાદા ફેરસાસ્પ એન્જિનીઅરિંગનો વિદ્યાર્થી હતો. ૧૯૧૭માં બર્લિન ગયો અને ત્યાં ભારતીય ક્રાંતિકારો સાથે જોડાયો. તેને કામ સોંપવામાં આવ્યું ભારતમાં શસ્ત્રો ઘુસાડવાનું. અફઘાનિસ્તાનની સરહદ ખુલ્લી હતી. પર્શિયા લગી એ પહોંચી ગયો.

બરાબર એ જ હેતુથી મેસોપોટેમિયાથી એક બસન્તસિંઘ પણ નીકળેલો. એ જ દિવસે એ પણ એ જ સરહદે પહોંચ્યો અને બંને જણ ગોળાથી વિંધાઈ ગયા. એકબીજાનું લોહી તો અરસપરસ ભળી ગયું હશેને?

'અમૃતબજાર પત્રિકા', ૨૫ જૂન, ૧૯૧૮ના અંકમાં એક સમાચાર છાપે છે : 'રાજશાહી જેલમાં, ૧૭ જૂન, ૧૯૧૮ના અગિયાર વાગ્યે મેમનસિંઘનો એક રાજકીય કેદી, જાતે કાયસ્થ, કલકત્તા યુનિવાસટીમાં એમ.એ. થએલો, કપડાં પર અગ્નિ સળગાવીને મૃત્યુ પામ્યો છે.'

લેજિસ્લેટિવ ઍસેમ્બલીમાં પ્રશ્ન પુછાયો. નામ અને કારણની ત્યાં જાણ નહોતી !

આવું બને ? બન્યું જ હતું ને ? થોડા મહિના પછી નામ અપાયું— રસિક સરકાર.—પણ, કારણ ?

બનારસ ષડયંત્રના આરોપી સુશીલચંદ્ર લાહિરીના નસીબે ઔધની જેલ હતી. કલકત્તા યુનિવર્સિટીમાં સાયન્સના ગ્રૅજ્યુએટ થએલા આ યુવકને ૧૯૧૮માં લખનૌથી પકડવામાં આવ્યો. કારણ એ હતું કે તેણે વિનાયક ઉર્ફે કાલપે ઉર્ફે સત્યેન અથવા બડા બાબુને ગોળીએ દીધેલો. કેમ કે એ માણસ બ્રિટિશોનો 'ઈન્ફોર્મર'-બાતમીદાર હતો. પકડાયા પછી આ કેસ ચાલ્યો અને સુશીલચંદ્રને ફાંસીની સજા મળી. ઑક્ટોબર ૧૯૧૮, ઔધની જેલમાં—'કેમ ભાઈ, છેલ્લી ઇચ્છા ?'

'ગંગાના ખોળે રમવું છે થોડીક વાર.' સુશીલે કહ્યું. એ તો શક્ય નહોતું, પણ દેગડી ભરીને ગંગાજળ લાવવામાં આવ્યું. તે નાહ્યો, પૂજા કરી, અને પછી વન્દેમાતરમ્ બોલતોબોલતો ફાંસીના તખ્તે ચઢી ગયો.

આગ્રાની તોતિંગ જેલે પણ એક સ્વાતંત્ર્યવીરનું મોત જોયું છે. ગિરિજાબાબુ એમનું લાડકું નામ. મૂળ નામ નગેન્દ્રનાથ દત્ત. 'અનુશીલન સમિતિ'નાં સભ્ય હતા. રાસબિહારી ઘોષને એમનામાં ખૂબ વિશ્વાસ. શસ્ત્રોની હેરફેર કરતાં ઝડપાયા. બનારસ ષડ્યંત્રમાં તો હતા જ. એટલે બેવડો મુકદ્દમો ચાલ્યો. કેદની સજા થઈ ને ૧૯૧૮માં આગ્રા જેલમાં સળિયા પાછળ આંખો મીંચી લીધી.

કલકત્તામાં ૧૯૩૦ની ૨૫મી ઑગસ્ટે લાલબજારની પોલીસચોકીથી ડાબી તરફ ડલહાઉસી સ્ક્વેર ઈસ્ટમાં કલકત્તાના પોલીસ વડા મિસ્ટર ટેગાર્ટ ઠાઠથી જતા હતા ત્યારે તેને નિશાન બનાવીને બેત્રણ વિદ્યાર્થીઓએ બૉંબ ફેંક્યો. અનુજચરણ સેનગુપ્તા, દિનેશ મજમુદાર એ બે વિદ્યાર્થીઓનાં નામ. એમાં જ પકડાએલા 'નાસુ'—દિનેશ ગુપ્તાએ મૃત્યુપથે વિહરતાં પૂર્વે આ કવિતાપંક્તિ રચેલી અને ગાયેલી :

Memories of life and laughter
Memories of earthbly glee
As I go to the hereafter
All my lullaby shall be !

આ પરંપરાની કોઈ સીમા નથી. ચોતરફ વિસ્તરેલી છે આહુતિની કરુણરમ્ય ગાથાઓ. ૧૯૮૦માં હું પૂર્વોત્તર ભારતના પ્રવાસે ગયો હતો. મણિપુરનાં મેદાનોમાં ત્રણ વીરોની સ્મૃતિ વેરાયેલી છે. આજે ભલે ત્યાં અલગતાવાદનો પ્રભાવ હોય, ૧૮૯૧ની ૧૩મી ઑગસ્ટે જનરલ થેંગલ, સેનાપતિ ટિકેન્દ્રસિંઘ અને અગ્નેશ સેન, ત્રણેયને બ્રિટિશરો સામેની બગાવતના દંડ રૂપે ફાંસીની સજા મળી હતી. આજે તો કોઈ લોકગીતોમાં જ આ નામો સંભળાય છે.

અલીપુર ષડ્યંત્રમાં કન્હાઈ દત્તનું નામ જાણીતું છે એટલું સત્યેનનું નથી. એની મા બીમાર હતી, વૃદ્ધ હતી. પંડિત શિવનાથ શાસ્ત્રી મળવા આવ્યા ત્યારે તેમણે બે ઇચ્છા સત્યેન પાસેથી સાંભળી. એક 'મરતી માને સાચવજો,' અને બીજું 'મારા અગ્નિસંસ્કાર વિધિસર થાય.' બીજી ઇચ્છા તો બ્રિટિશરો ક્યાં પૂરી થવા દે તેમ હતા ? ૧૯૦૮ની ૨૧મી નવેમ્બરે સવારે એને ફાંસી આપ્યા પછી તુરત જેલની ચાર દીવાલ વચ્ચે જ મુઠ્ઠીભર પોલીસોએ તેનો અંતિમ સંસ્કાર કરી નાખ્યો.

અશોક નાન્દી. વીસની વયે મુઝફ્ફરપુર બૉંબ કેસમાં ૧૯૦૮માં પકડાયો. બૉંબના બનાવવાનો આરોપ હતો તેના પર ! પછી અલીપુર ષડ્યંત્રમાં પણ તેનો ભાગ હતો એવું ઠરાવાયું. એક કેસમાં કોર્ટે છોડ્યો એટલે સરકારે બીજામાં પૂરી દીધો. જેલમાં તેને કૅન્સરનો વ્યાધિ લાગુ પડ્યો. બીજા કેસમાં સાત વર્ષની સજા થઈ.

દરમિયાન તેનો રોગ વધતો ચાલ્યો. લથડતી તબિયત 'એકાંતવાસ'ની જેલસજાને લીધે હતી તેમ કોર્ટે કબૂલ્યું. ચિત્તરંજનદાસ અશોકને જામીન પર છોડાવવા કાનૂની લડત લડી રહ્યા હતા. છેવટે તેમણે અશોકના પિતાને કહ્યું કે કૉર્ટ તો નહિ સાંભળે, પણ તમે ગવર્નરને જણાવો. લડખડાતા પિતાએ ગવર્નરને પત્ર લખ્યો. આ તુમુલ સંઘર્ષની વચ્ચે જ અશોકે આંખો મીંચી ત્યારે કૉર્ટમાં સી. આર. દાસે કહ્યું : 'એ તો હવે ત્યાં પહોંચી ગયો છે જ્યાં તમારા 'ન્યાય'ના હાથ એને આંબી નહિ શકે !'

ઈ. ૧૯૦૮થી ત્રણેક વર્ષમાં કેટલાંક મોટાં 'ષડ્યંત્રો'માં ક્રાંતિકારોએ યાતનાભર્યો કારાવાસ સેવ્યો. નાંગલા, ખુલના, મુનશીગંજ, ઢાકા અને હાવરા—આ પાંચ જ મુકદ્દમાઓમાં ૯૮ યુવકોને (અનુ. પૃ. ૨૧૯)

કલાવાર્તા

સિતારવાદક ઉસ્તાદ શમીમઅહમદ

લેખિકા • કુ. જયશ્રી ઠક્કર

શહેરના બાગમાં એક જલસો હતો. તેમાં પંદરેક વર્ષનો કોઈ ચડ્ડીધારી છોકરો સિતાર વગાડે, અને એકઠા થએલા મોભાદાર શ્રોતાઓ એ સાંભળીને દાદ પર દાદ આપતાં માથાં ડોલાવે એવો પ્રસંગ તો ક્વચિત જ જોવા મળે. ઇ. ૧૯૫૩માં આ જલસામાં એવું બનેલું.

તક મળવાથી પ્રોત્સાહિત થએલો કાચી વયનો એ સિતારવાદક પણ એથી રંગમાં આવી જઈ બાજની હિમ્મત બતાવી રહ્યો છે, મિજરાબના એકએક ઝટકે પ્રકટતા દા-ડા-દિડના રણઝણાટથી ડોલતા શ્રોતાઓને જોઈ એની આત્મશ્રદ્ધા વધતી જાય છે. પોતાના બાજની આવી સફળતાથી પ્રેરાઇને એ પોતાનો ભાવિ માર્ગ નિશ્ચિત કરી લે છે. મશહૂર સિતારવાદક બનવાની મહત્ત્વાકાંક્ષા પૂરી કરવા એ હવે રોજના નવનવ કલાક સુધી રિયાઝ કરે છે. અને આજે એ વિખ્યાત સિતારવાદક ઉસ્તાદ શમીમઅહમદ નામે મશહૂર છે.

શમીમઅહમદનો જન્મ ઈ. ૧૯૩૮માં. પરદાદા ઉસ્તાદ એહમદખાં મથુરાથી ગુજરાતમાં આવીને દરબારી ગાયક બનેલા. શમીમઅહમદના વાલિદ ઉસ્તાદ ગુલામરસૂલખાં પણ ધ્રુપદ-ધમાર ને તરાનાના અચ્છા ગાયક હતા. એમની કેટલીક રેકૉર્ડ પણ છે. પાછળથી તેઓ હાર્મોનિયમ-વાદક તરીકે વધુ વિખ્યાત થએલા. આમ, સંગીત તો પેઢીઓથી એમના ઘરમાં ગૂંજતું હતું. શમીમઅહમદ નવ વર્ષના હતા ત્યારથી પિતાએ એમને ગાયનની તાલીમ આપવા માંડી હતી. એના કંઠમાધુર્યથી પ્રસન્ન થઈ ઉસ્તાદ ફૈયાઝખાંએ વડોદરાના દત્તમંદિરમાં એમની પાસે ગવરાવ્યું હતું. પણ બાળક શમીમને ટાયફોઈડ થઈ એમનો કંઠસૂર ગુમાવી બેઠો. ગાયનની શક્યતા જતી રહેતાં એમને આઘાત તો લાગ્યો જ, પણ પોતાની સંગીતભૂખને સંતોષવા તેઓ ઘરમાં દિલરૂબા પર હાથ બેસારવા લાગ્યા. છતાં દિલરૂબા એના દિલને હરી શક્યું નહિ. એક દિવસ એમણે પંડિત રવિશંકરનું સિતારવાદન સાંભળ્યું અને મનોમન સિતારબાજ બનવા નિશ્ચય કરી લીધો.

વડોદરાની સંગીતશાળામાં પાંચ વર્ષ તાલીમ લઈ એમણે સંગીતમાં ડિપ્લોમા મેળવ્યો. 'આકાશવાણી'ની સંગીતસ્પર્ધામાં એ સમયના રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદના હસ્તે પ્રથમ પારિતોષિક મેળવ્યું અને પં. રવિશંકરની પ્રશંસા પણ, જેનું એમને મન સવિશેષ ગૌરવ હતું.

પછી તો એમણે પોતાના આદર્શ રૂપ પં. રવિશંકરની શાગિર્દી સ્વીકારી. ગંડાબંધનના એ પ્રસંગે શમીમઅહમદે દિલથી સિતાર રણકાવીને ગુરુને ખુશ કરી દીધા. ગુરુ-શિષ્યની અસલ પ્રણાલિ પ્રમાણે ગુરુને ત્યાં રહીને જ હવે એમણે તાલીમ લેવા માંડી. ગુરુના માર્ગદર્શન તળે રિયાજ પર રિયાજ વધવા લાગ્યા. ગુરુ પ્રત્યે એમને ઘણો જ આદરભાવ છે. સારા ગુરુ વિના સારા કલાકાર ન બની શકાય, અને શાગિર્દે ગુરુને હમેશાં માન આપવું જોઈએ એમ તેઓ દૃઢપણે માને છે. પોતાના આ ગુરુએ સ્થાપેલી સંગીતશાળા 'કિન્નર'માં શમીમઅહમદે પણ સિતારવાદન શીખવ્યું છે. પં. રવિશંકરે જ્યારે લૉસ એન્જલસમાં આ 'કિન્નર'ની શાખા શરૂ કરી ત્યારે સિતાર-શિક્ષક તરીકે તેઓ શમીમઅહમદને અમેરિકા લઈ ગએલા.



આજે તો શમીમઅહમદના શાગિર્દો પણ એવા જ અચ્છા બજવૈયા બની ગયા છે. આમાંના બેને તો તેઓ ઘણી વાર યાદ કરે છે. એમાંના એક છે હરેશચન્દ્ર મહેતા. તેઓ માત્ર ઠાકોરજી સમક્ષ જ સિતારવાદન કરે છે, એટલે સંગીતના જલસા કે મહેફિલોમાં એમનું વાદન સાંભળવા મળતું નથી. બીજી એક શિષ્યા છે જાપાનના શ્રીમતી ફોજિવારા. ઉસ્તાદની તાલીમને ઝેબ આપે એટલો સરસ કાબૂ આ વિદેશી બાઈ સિતાર ઉપર ધરાવે છે. ઉસ્તાદ શમીમ અહમદ પાસે તાલીમ લઇને બીજા બે વિદેશી શાગિર્દોએ પણ માત્ર છ જ માસમાં ટી. વી. પર કાર્યક્રમો આપવા જેટલી ક્ષમતા સિદ્ધ કરી બતાવી છે. શાગિર્દોના બહોળા અનુભવો પરથી શમીમઅહમદ કહે છે કે આવા વિદેશી શિષ્યો આપણે ત્યાંના વિદ્યાર્થીઓની સરખામણીમાં અતિશય મહેનત કરે છે, એટલું જ નહિ, પણ અનેક સવાલો કરી કરીને ઊંડું જ્ઞાન હાંસિલ કરવા તેઓ હમેશાં પ્રયત્નશીલ રહે છે.

જેમ શિષ્યોનો તેમ શ્રોતાઓનો પણ એમને બહોળો અનુભવ છે. ભારતીય સંગીત ન સમજાય તો યે કાર્યક્રમ પૂરો થતાં સુધી શાંતિથી બેસી રહેવાની તથા કાર્યક્રમ બાદ આપણા સંગીત વિષે અનેક પ્રશ્નો પૂછી તેને સમજવાની તેમની કોશિશને તેઓ વખાણે છે. સમયસર આરંભાઇને સમયસર પૂરો થાય તે પ્રકારના કાર્યક્રમના આયોજનના પણ તેઓ પ્રશંસક છે. એમનું માનવું છે કે આપણે ત્યાં સંગીત-કાર્યક્રમોમાં આવતા શ્રોતાઓમાં ઘણાં તો કેવળ એક ફેશન રૂપે જ આવે છે. પણ એટલું યે ગનીમત સમજી તેઓ માને છે કે આ રીતે યે ધીરેધીરે તેમની સંગીતસમજ અને રસ કેળવાતો જશે. પણ ઘણા શ્રોતા પૂરું સમજ્યા વિના જ ચાલુ ગાયન-વાદનમાં વચ્ચેવચ્ચે વાહવાહ કર્યા કરે છે તે તો સંગીતકારને ખરેખર ખલેલ જ કરે છે.

અને કદાચ આવાં કારણોને લીધે જ શમીમ-

અહમદને નાના પણ સમજદાર વર્તુલમાં સિતારવાદન કરવું વધુ ગમે છે. વળી, આવા પ્રસંગે સમયનો બહુ બાધ હોતો નથી. બહુધા શ્રોતાઓ પણ સંગીતના થોડાઘણા જાણકાર હોઈ તેમની દાદ અને સંગીત સાંભળ્યાની સાચી તૃપ્તિનો ભાવ પણ ગાયક કે વાદકને પ્રોત્સાહક બની રહે છે. જ્યારે મોટા હૉલમાં થતા કાર્યક્રમોમાં ઘણી વાર બે-પાંચ કલાકારો વચ્ચે સમય વહેંચાઈ જતાં સંગીતકાર શ્રોતાઓ સાથે પૂરતી એકરાગતા સાધી શકતો નથી, કે મન મૂકીને એ ગાઈ-વગાડી શકતો નથી. રેડિયો–ટી.વી. પર પણ સમયમર્યાદાનું ચુસ્ત બંધન રહેતું હોઈ બધું ઝડપથી સમેટી લેવું પડે છે. જો કે રેડિયો–ટી. વી. દ્વારા બહુ વ્યાપક શ્રોતાગણ સુધી સંગીત પહોંચાડી શકાય છે એ એક મોટો લાભ ખરો. પરંતુ આવાં સ્થાનો પર કેટલાક કલાકારોની પકડને કારણે બીજા શક્તિશાળી કલાકાર પોતાની ક્ષમતા પ્રકટ કરવાથી વંચિત પણ રહી જાય છે.

શમીમઅહમદે તો પશ્ચિમી સંગીત પણ ઘણું સાંભળ્યું છે. આમાં એમને 'જાઝ' સંગીત અને ભારતીય સંગીતની ત્રણ બાબતોમાં મળતાપણું લાગ્યું છે. એ ત્રણ બાબતો તે-પૂર્વ તૈયારી વિના આપમેળે પ્રકટતી રજૂઆત, કલાકારની પોતાની લાક્ષણિકતાનો સ્પર્શ અને ઉદ્દીપક તાલ. અલબત્ત, બંને સંગીતના મૂળભૂત સિદ્ધાંતોમાં ભિન્નતા છે, છતાં એક બીજાની નજીક આવીને અરસપરસ સુંદર રીતે સંમિશ્રિત થઈ શકવાની બંનેમાં ક્ષમતા છે એમ તેઓ માને છે.

એમના સિતારવાદનની ચાર લૉંગપ્લે રૅકૉર્ડ પણ બહાર પડી છે. જેમાં એમણે વગાડેલા. બિહાગ, નટભૈરવ, હમીર, દેશ, વચસ્પતિ તથા અહીર ભૈરવ અત્યંત મધુર હોવા સાથે એમના બાજનો પણ સુંદર પરિચય આપે છે. પોતાની છેલ્લી લૉંગપ્લે રૅકૉર્ડ એમણે પોતાના ગુરુજીને અર્પણ કરી છે, જેમાં જયજયવંતી અને હિંડોલ રાગની સુંદર રજૂઆત છે. ન્યૂ યૉર્કના 'મૉનિટર' દ્વારા પણ એમની એક લૉંગ પ્લે રૅકૉર્ડ બહાર પાડી છે. અમેરિકામાં એમણે 'સ્ટ્રિંગ ઍન્ડ સાઉન્ડ' નામની એક શિક્ષણાત્મક ફિલ્મમાં પણ ભાગ લીધો છે. એક ઈરાની ટીવી ફિલ્મ 'ડ્રોપ ઈન ધ ઓશન' અને પ્રતાપ શર્માના અંગ્રેજી નાટક 'એ ટચ ઑવ બ્રાઈટનેસ'માં એમણે સંગીત આપ્યું છે. રુડીરીચ, પોલહૉર્ન, અલારખાં, ઝાકીરહુસેન વગેરે જેવા સાથે પણ એમણે વગાડ્યું છે, પરંતુ ૧૯૭૮માં એમણે પં. રવિશંકર સાથે પાંચ કલાક સુધી કરેલી સંગતને તેઓ પોતાના જીવનની એક અણમોલ યાદ ગણે છે.

સિતારવાદનમાં જ્યારે તેઓ ધીમા આલાપમાં ધ્રુપદ અંગને વહેતું મૂકે છે ત્યારે તે ખરેખર મુગ્ધકર બની જાય છે. બચપણમાં લીધેલી ગાયનની તાલીમ અને વારસાગત સંગીત-સંસ્કારોનાં કારણે એમના વાદનમાં આગરા, મથુરા ને મહીઅર ઘરાણાની છાપ પણ જોવા મળે છે, તેમ ક્યારેક તેઓ બહુ સુંદર ચીજોને પણ તેમાં સાંકળી લે છે. ક્યારેક પં. રવિશંકરના સિતારવાદનની ઝલક પણ એમના વાદનમાં પ્રકટ થાય છે.

સંગીત ઉપરાંત શમીમઅહમદને ક્રિકેટ અને ફિલ્મ જોવાનો પણ શૉખ છે. અને એક ખાસ શૉખ છે આર્ટ ગૅલેરીઓમાં જઇને ઉત્તમ ચિત્રકૃતિઓ નિહાળવાનો. હુસેન, શ્યાવક્ષ ચાવડા, ફિરોઝ કાટપીટિયા, પ્રફુલ્લા દહાણુકર, જ્યોતિ ભટ્ટ તથા બીજા કેટલાક કલાકારો તો તેમના ખાસ મિત્રો છે.

તેઓને લાગે છે કે ભારતમાં શાસ્ત્રીય સંગીત પ્રત્યે–ખાસ કરીને વાદ્યવાદન અને તેમાં યે સિતાર તથા તબલાં પ્રતિ આકર્ષણ વધી રહ્યું છે એ આપણા સંગીતના આશાસ્પદ ભાવિનું દ્યોતક છે. આમાં પણ એમના મતે સિતાર તથા તબલાંના વાદનમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓમાં ગુજરાતીઓની સંખ્યા વધુ છે. ફિલ્મી સંગીતનો પ્રસાર ને પ્રભાવ તો સદાય ચડતો-ઊતરતો રહેશે જ, પણ તેઓ કહે છે તેમ, યમન અને માલકૌંસ–મતલબ કે શાસ્ત્રીય રાગોનો પ્રભાવ સદીઓ સુધી યે હજી એવો જ ટકી રહ્યો છે અને ટકશે.


નવોદિતોએ પણ હમેશાં નવુંનવું શીખવાની વૃત્તિ રાખી પૂરતો રિયાજ કરતા રહી પોતે સ્વીકારેલા ગાયન કે વાદનના પ્રત્યેક અંગની ઊંડી જાણકારી મેળવવા, તથા થોડીશી સફળાથી તૃપ્ત ન થતાં સતત અભ્યાસશીલ રહેવાની એમની શીખ છે. ગુરુ પ્રત્યે માન રાખવાના તેઓ પૂરા આગ્રહી છે. અને આજે હવે જ્યારે સંગીતકાર્યક્રમોના અનેક આયોજનો થવાં લાગ્યાં છે ત્યારે તેમાં નવા યુવાનોને પણ પૂરતી તક આપવાના તેઓ હિમાયતી છે.

મુંબાઈમાં વૉર્ડનરોડ પર 'આકાશગંગા'માં શ્રી સોલી બાટલીવાળાએ અપાવેલી જગ્યામાં તેઓ સિતારવાદનના વર્ગો પણ ચલાવે છે, જ્યાં ઘણી વાર તેઓ ખુદ પણ રિયાજ કરવા બેસી જાય છે. ક્યારેક 'આકાશગંગા'માં એમના વર્ગમાં જવાનું થાય અને ત્યાં નમ્રતાપૂર્વક હસતે મોંએ તમને કોઈ આવકારે તો એ ઉસ્તાદ સિતારવાદક શમીમઅહમદ જ હશે. ◻

શતરંજના કોયડા

આકૃતિમાં દર્શાવેલી સ્થિતિમાં કાળાનાં ચાલી શકે તેવાં છ મહોરાં છે. તે બબેની ત્રણ જોડમાં વહેંચાયાં છે. દરેક જોડમાંનું એક મહોરું ચાલે તો બીજું મહોરું અણઊઠ થાય છે. આવા બે મહોરાંનાં જોડનાં 'અર્ધ અણઊઠ' (Half-pin) ગણાય. તેમાંથી એક ચાલતાં બીજું સંપૂર્ણપણે 'અણઊઠ' (Pin) થઈ જાય છે. કોયડાના છ વિકલ્પોમાં વારાફરતી આ છ મહોરાં પૂર્ણ રીતે અણઊઠ થાય છે અને તેનો લાભ લઇને સફેદ મ્હાત કરે છે.

C. W. Sheppard



White to play and mate in two moves

ચાવીની ચાલ : 1 R-KB8! waiting move. ધમકી : નથી.

વિકલ્પો : 1..., P-QB5, 2 N×QBP
1..., P-Q5; 2 P×P.
1..., P-KB5; 2 P×P.
1..., P-N5; 2 N×NP.
1..., N×R; 2 R-K8.
1..., B-K2 યા B-Q1; 2 R×BP.

આ છ વિકલ્પોમાં જે છ મહોરાં પૂર્ણ રીતે અણઊઠ થયાં છે તે અણઊઠ ન હોત તો મ્હાતમાંથી બચી શકત. આવા મ્હાતને Pin-mate કહે છે. આ સિવાયના વિકલ્પો છે: 1..., N-K3; 2 B×B. અને 1..., N-K1; 2 P×N. C. W. Shappardના આ સુંદર કોયડામાં અર્ધ અણઊઠનાં ત્રણ જોડકાંને લીધે છ આકર્ષક Pin-mate દર્શાવતાં છ Thematic વિકલ્પો બતાવ્યા છે.

સુરેશ મોદી

સાહિત્યસંપર્ક

શબ્દકથા : ગરુડ, ગારુડી

ગરુડ મોટું પક્ષી હોઇને તે પૌરાણિક કલ્પનાનું પાત્ર બનેલું છે. વિષ્ણુના વાહન તરીકે તેમ જ વિવિધ પૌરાણિક કથાઓમાં તે દેવતાઈ પંખી બની ચૂક્યું છે.

સં. **गरुड**, પાલિ **गरुळ**, પ્રા. **गरुल** ઉપરાંત મધ્ય એશિયાના બૌદ્ધ સંસ્કૃતમાં **गारूण्डक**, તુષારી ભાષામાં, **करुट्**, **गरुर्**, જાપાનીમાં **करुर**, થાઈ ભાષામાં **खुत्** એવાં રૂપો મળે છે. પ્રાચીન ઈરાનીમાં **ज़्गर** ધાતુ છે તે ઉપરથી **गर्** 'વેગપૂર્વક ગમન કરવું' એવો ધાતુ **गरुड**ના મૂળમાં હોવાનું સમજી શકાય. સં. **गरुत्मत्** ગરુડવાચક છે, પણ તેનો ધાત્વર્થ છે 'વેગવાન', 'ઝડપી ગતિવાળું'.

ઋગ્વેદમાં **श्येन** શબ્દ (જે પછીથી 'બાજ' કે 'શકરો' એવા અર્થમાં પ્રચલિત બન્યો) ગરુડના અર્થમાં વપરાયો છે. તેને માટે **आशुपत्वन्** 'ઝડપથી ઊડનાર', **रघु** 'ઝડપી અને **मनोजव** 'મનના જેવી ગતિવાળો' એવાં વિશેષણ વપરાયાં છે. તે મનુષ્યો માટે સ્વર્ગમાંથી સોમ લઈ આવે છે.

લોકકથામાં ગરુડ સર્પનો નાશક હોવાથી (અને તેમની વચ્ચેના વેરની, ગરુડ માતા વિનતા અને નાગમાતા કદ્રૂ વચ્ચેની શરતની પૌરાણિક કથા અત્યંત જાણીતી હોવાથી) **गारुड** એટલે 'સર્પને વશ કરનાર મંત્ર' અને **गारुडिक** એટલે 'ગારુડી' એ શબ્દ સધાયા છે.

હરિવલ્લભ ભાયાણી

ઇતિ-(વિ)હાસ

ધીરુ પરીખ

હાસ્યરસનો સ્થાયીભાવ હાસ છે. શ્રી વિનોદ ભટ્ટે મનુષ્યચિત્તમાં રહેલા આ હાસને અનેકરીતે પરિપુષ્ટ કરી હાસ્યરસની નિર્મિતિ માટે ભાતભાતનાં સાહસો કર્યાં છે. 'અને હવે ઇતિ-હાસ'* એમનું છેલ્લામાં છેલ્લું (આજ દિન સુધીમાં સ્તો!) સાહસ છે. કોણ કહે છે હાસ્યલેખક સાહસિક નથી હોતો?

આ વખતે 'વિનોદની નજર' ઇતિહાસ પર ઠરી. ઇતિહાસવિદો અનેક જૂના ઇતિહાસો ફેંદીફંફોસી સંશોધનો કરતા જ રહ્યા છે. ઇતિહાસમાં નવો પ્રકાશ ઉદ્ભવતો જ રહ્યો છે. પણ અહીં તો ઇતિહાસ એક સર્જકની નજર સમક્ષ ખડો થયો છે. આ સર્જકે ઇતિહાસમાંથી શું સંશોધ્યું? હાસ નામક સ્થાયી ભાવની પરિપુષ્ટિ માટે વિભાવ, અનુભાવ, વ્યભિચારી ભાવની મબલખ સમૃદ્ધિ. અને આમ આ સર્જક-ઇતિહાસકાર ક્યારેક ક્યારેક વિનોદ ભટ્ટાચાર્ય થઇ બેઠા.

રવીન્દ્રનાથ ઠાકુરે ઇતિહાસ વિશે જણાવ્યું છે: ઇતિહાસમાં આપણે આપણા જ સ્વભાવને વિવિધ લોકમાં, વિવિધ દેશમાં, વિવિધ કાળમાં, વિવિધ ઘટનામાં વિવિધ રીતે જોઈને રસ પામીએ છીએ. આ પુસ્તકમાં શ્રી વિનોદ ભટ્ટ વિવિધ લોક, વિવિધ દેશકાળ અને વિવિધ ઘટનામાં ઘૂમી વળ્યા છે. માટે સ્તો અહીં સિકંદર છે, મહમ્મદ તઘલખ છે, સોક્રેટિસ છે અને અશોક છે, અકબર છે અને નેપોલિયન છે, રઝિયા બેગમ છે તો ક્લિયોપેટ્રા પણ છે, પૃથ્વીરાજ ચૌહાણ છે અને નીરો પણ છે. વિવિધ દેશકાળનાં આ 'મહાન ઐતિહાસિક' પાત્રો આખરે તો મનુષ્યો જ છે. મનુષ્ય સહજ વિચારો અને લાગણીઓથી એ પણ મુક્ત નથી. આવી લાગણી અને વિચારે જ ઘણી વાર તો ઇતિહાસ સર્જ્યો છે. એમના આવા સ્વ-ભાવનું દર્શન કરવા-કરાવવામાં લેખકે જે વિહાસ-વિહાર કર્યો છે તેમાં હળવાશથી પણ અતિ ગંભીર રીતે માનવને જ પ્રગટ કર્યો છે. અને ટાગોરે કહ્યું છે તેમ આવાં પાત્રોના સ્વ-ભાવમાં આપણે આપણા જ સ્વભાવને નીરખીને રસ પામીએ છીએ. આ સત્યને કારણે આ પાત્રપ્રધાન હાસ્યલેખો આસ્વાદ્ય બની શક્યા છે.

પરન્તુ આ હાસ્યમાં રસ પડવાનું કારણ કેવળ આપણે જ છીએ તે અહીં પૂરતું નથી. એથી આગળ વધીને લેખકે પોતાની ભાષાશૈલી, દૃષ્ટાંતપ્રયુક્તિ, હકીકતની ઠરડમરડ અને રજૂઆતની હાસ્યપ્રેરક છટાઓ દ્વારા ઘણું સિદ્ધ કર્યું છે. આપણા સ્વભાવને ઇતિહાસનાં પાત્રોના સ્વ-ભાવ સાથે બિંબ-પ્રતિબિંબ ભાવથી જોડી આપવામાં ખુદ લેખકની શૈલી જ મોટો ઉદ્દીપક વિભાવ બની છે. પહેલા જ નિબંધમાં પોરસ-સિકંદરના મિલનની વાત કરતાં એમણે આજના ફિલ્મ-ઉદ્યોગની વિશેષતાને વેધક કટાક્ષથી આમ રજૂ કરી છે: 'સિકંદરે જો 'મેરા ગાંવ મેરા દેશ' ફિલ્મ જોઈ હોત તો પોરસને તેને ગમારની જેમ એવો સવાલ ના પૂછવો પડત. જાહેરમાં કોઈ ઝાડ કે થાંભલા સાથે પોરસને મુશ્કેટાટ બાંધીને કોઈ ડાન્સરના હાથમાં કટારી પકડાવી, તેના મુખે પુછાવી શકાત: 'માર દિયા જાય, યા છોડ દિયા જાય, બોલ તેરે સાથ ક્યા સુલૂક કિયા જાય?'' (પૃ. ૪). ક્યારેક કોંસગત ઉક્તિઓ દ્વારા તેઓ કટાક્ષ કરી વિહસાવે છે. 'મહમ્મદ તઘલખ' નામક નિબંધના આરંભમાં મહમ્મદને માટે 'અઠંગ વિદ્વાન' શબ્દપ્રયોગ કર્યા પછી 'અઠંગ' વિશેષણની સાર્થકતામાં રહેલો વ્યંગ આ પ્રમાણે કોંસમાં દર્શાવે છે: '('અઠંગ' વિશેષણ પહેલાં તો ઉઠાવગીર માટે જ વપરાતું, પણ મહમ્મદ તઘલખ રાજા બન્યો ત્યારથી વિદ્વાનો માટે ય આ વિશેષણ વપરાવાનું શરૂ થયું એવું, પ્રખર ઇતિહાસકાર પ્રોફેસર વિનોદ ભટ્ટાચાર્યે નોંધ્યું છે.)'

આવાં તો કૈં કેટલાં ઉદાહરણો મૂકવાં? વાચકને માટે ય અધિકાર રાખવો કે નહિ? હા, પણ એક વાત જરૂર કે વાચક ('સુજ્ઞ' તો સમજી જ લેવાનું)ને લાગ્યા વગર રહેશે નહિ કે અહીં હાસ્યલેખક વિનોદ ભટ્ટની બહુશ્રુતતા સુપેરે બહાર આવી છે. પોતાની બહુશ્રુતતાનો પંડિતો ગંભીર રીતે જે ઉપયોગ કરે છે તેનો સફળ હાસ્યલેખક અગંભીર રહીને પણ કેવો ગંભીર ઉપયોગ કરી જાણે છે તે અહીં પામી શકાશે. શ્રી વિનોદ ભટ્ટની આવી સાહસયાત્રા આગળ વધતી રહો એમ વડીલોને આશીર્વાદ આપવાનું અને સમવયસ્કો કે નાનેરા ચાહકોને શુભેચ્છા પાઠવવાનું મન થઈ આવે એવું તેમનું આ કામ છે. મારા તરફથી શું સ્વીકારવું તે વિનોદ ભટ્ટ જ ભલે નક્કી કરે. બે ય સ્વીકારે તો ય મને વાંધો નથી. □

* પ્રકા. વોરા ઍન્ડ કંપની, ગાંધી ચૅમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧, કાચું પૂઠું, પૃ. ૧૦૪, રૂ. ૯.

નવાં પ્રકાશનો

એકાંકી અને ગુજરાતી એકાંકી: સ્નાતક-અનુસ્નાતક કક્ષાએ અવારનવાર વિદ્યાર્થીઓને સાહિત્ય-સ્વરૂપોનો અભ્યાસ કરવાનો આવતો હોય છે, ત્યારે તે તે સ્વરૂપને લગતી સંદર્ભસામગ્રીની ખોળંખોળ કરવા વિદ્યાર્થીઓ દોડાદોડી કરી મૂકતા હોય છે, ને એને અંતે પણ ઘણી વાર અપેક્ષિત સંદર્ભ-સામગ્રી ન મળતાં નિરાશ થતા હોય છે. આવા આજના સંજોગોમાં જયંત કોઠારીએ 'સાહિત્ય-

સ્વરૂપ સ્વાધ્યાય શ્રેણી'માં આ ત્રીજું પુસ્તક પ્રકટ કર્યું છે તે વિદ્યાર્થીઓને મોટું આશ્વાસન બની રહેશે. એકાંકીનાં વિવિધ પાસાં અને તેની વિભાવનાને ચર્ચતા ગુજરાતી લેખકો—જયંતી દલાલ, ઉમાશંકર જોશી, નંદકુમાર પાઠક, રામપ્રસાદ બક્ષી, ગુલાબદાસ બ્રોકર આદિ—ના લેખો અહીં સંપાદિત કરવામાં આવ્યા છે. પરિશિષ્ટરૂપે કેટલાક મહત્ત્વના ઉપમુદ્દાઓની લઘુચર્ચા કરતા લેખાંશો પણ મૂકવામાં આવ્યા છે. સંપાદકે આરંભમાં 'એકાંકી: આજના કેટલાક સંદર્ભો' નામક લેખ મૂકી આજના યુગવિશેષના સંદર્ભે તેની ચર્ચા કરી છે. (પ્રકા. ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૨૫૪, રૂ. ૧૦)

ધર્મતત્ત્વ વિચાર ભાગ ૪: આપણા ધર્મ-સંસ્કૃતિના ઊંડા અભ્યાસી સ્વ. નર્મદાશંકર દેવશંકર મહેતાના લેખોનું અનંતરાય રાવળે કરેલું આ સંપાદન લેખકની ઝીણવટ, એમની સૂઝ, એમની ચર્ચાશક્તિ એમની લેખનશૈલી આદિનો સુપેરે પરિચય કરાવી આપે છે. 'સદુપદેશશ્રેણી' તથા 'મહાકાલ' જેવાં સામયિકોમાં આજથી લગભગ અર્ધી સદીથી પણ પૂર્વે પ્રકટ થયેલા અને અપ્રાપ્ય બની ગયેલા લેખોનું પ્રકટ થતું આ સંપાદન આપણા ચિંતનપ્રધાન સાહિત્યમાં પ્રશસ્ય ઉમેરો કરે છે. જિજ્ઞાસુઓને આ લેખોનું ઝીણવટપૂર્વકનું વાચન એક યા બીજી રીતે જરૂર ઉપકારક થશે જ એમાં શંકા નથી. (વિક્રેતા: ઉપર મુજબ, પાકું, પૃ. ૪૨૦, રૂ. ૪૫)

ભીનાશ: 'પૂર્વી' નામક પ્રથમ કાવ્યસંગ્રહ પછી ઘણા લાંબા ગાળે ગીતાબેન પરીખનો આ બીજો કાવ્યસંગ્રહ પ્રકટ થયો છે, જેમાં છંદોબદ્ધ રચનાઓ, ગીતો, મુક્તકો, હાઇકુ, ગદ્યકાવ્ય એમ આજે સર્જાતા લગભગ બધા કાવ્યપ્રકારો જોવા મળે છે, અને લગભગ પ્રચલિત બધી કાવ્યરીતિ પણ જોવા મળે છે. 'પૂર્વી'ની કાવ્યકેડી ચાતરી અહીં કોઇ નવું પ્રસ્થાન ભલે જોવા ના મળે, પણ કવયિત્રીની સર્જકતાની ભીનાશ અહીં વારંવાર અનુભવવા મળે છે એ ય ઓછું નથી. સૂક્ષ્મ સંવેદનોને તથા ચિંતનને નિરૂપવાની ગીતાબેનની તાસીર અગાઉની જેમ અહીં પણ પ્રાધાન્ય ભોગવે છે. એકંદરે છંદોબદ્ધ કાવ્યો અને ગીતો અહીં વધુ સફળ બન્યાં છે. (વિક્રેતા: ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૮૦, રૂ. ૭)

વિનોબા—જીવન ને કાર્ય: મહાત્મા ગાંધીના સંગતે રંગાઇને પણ સ્વતંત્રરીતે જેમણે વિચારો કર્યા છે તેવા વિનોબા ભાવેજીવન ને જીવનકાર્યનો આ પુસ્તકમાં કાન્તિ શાહે પરિચય કરાવ્યો છે તે સૌને પ્રેરણાદાયી થાય તેવો છે. લખાણ સરળ અને રોચક બન્યું છે. (યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુઝરાતપાગા, વડોદરા, ૩૦૦૦૦૧, કાચું, પૃ. ૨૧૬, રૂ. ૭)

પાયાની વિચારણા: વિખ્યાત અર્થશાસ્ત્રી અને વિચારક ઇ. એફ. શુમાકરનાં વ્યાખ્યાનો અને કેટલાક લેખોને આધારે અહીં શંકર ગોહિલે સાત અનુવાદલેખો તૈયાર કર્યા છે તેમાં આજના યુગને ઉપકારક એવી 'પાયાની વિચારણા' પ્રકટ થયેલી છે. ગભીર સાહિત્યમાં રસ લેનાર સહુને આમાં જરૂર રસ પડશે. (પ્રકા. વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, ૩/૧ જ્યુપીટર એપાર્ટમેન્ટ્સ પ્રોડક્ટિવિટી રોડ, વડોદરા-૩૯૦૦૦૫, કાચું પૂઠું, પૃ. ૧૧૯, રૂ. ૮)

કાવ્યકેતુ: વયોવૃદ્ધ કવિ પૂજાલાલના આ કાવ્યસંગ્રહમાં ૨૧ દીર્ઘ રચનાઓ છે. અહીં 'ગિરનાર' કે 'આબુરાજ' જેવી પાર્વતીય સૃષ્ટિ પણ છે, 'નાની બહેન' જેવી અંગત સૃષ્ટિ છે તો 'પરમ પ્રેમ' જેવી બિનંગત સૃષ્ટિ પણ છે. કવિએ અહીં વિવિધ સંસ્કૃત વૃત્તોનો સુભગ ઉપયોગ કર્યો છે. એમની ચિત્રનિર્માણશક્તિ સાથે ચિંતન-ભક્તિનાં પણ અહીં દર્શન થાય છે. એક નીવડેલા કવિની સિદ્ધહસ્ત કલમનો આ કાવ્યો સરેરાશ સુપાક છે. સુંદર છપાઇ એને વધુ વાચનક્ષમ બનાવે છે. (પ્રકા. શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી, કાચું પૂઠું, પૃ. ૧૫૫, રૂ. ૧૦)

આવકાર

આર. આર. શેઠની કંપની

મુંબઈ–૨ • અમદાવાદ–૧

જનમટીપ (પુનર્મુદ્રણ): લે. ઇશ્વર પેટલીકર. પૃ. ૨૪૬, પાકું પૂઠું, રૂ. ૨૫.

સાત જનમના દરવાજા (પુનર્મુદ્રણ): લે. વિઠ્ઠલ પંડયા. પૃ. ૪૭૭, પાકું પૂઠું, રૂ. ૪૦.

નીરવ સંવાદ: લે. હરીન્દ્ર દવે. પૃ. ૩૦૦, પાકું પૂઠું, રૂ. ૨૫.

શબ્દના લૅન્ડસ્કેપ: લે. જ્યોતીષ જાની. પૃ. ૧૮૪, પાકું પૂઠું, રૂ. ૧૫.

પરિચય ટ્રસ્ટ

મુંબઈ–૪૦૦ ૦૦૨

પોલીએસ્ટર ખાદી: (પ. પુ. ૫૩૭) લે. અંબાલાલ મો. પટેલ. પૃ. ૩૨, કાચું, રૂ. ૧.

દારૂથી થતા રોગો: (પ. પુ. ૫૩૮) લે. ડૉ. અરવિન્દ ડગલી. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

કલ્યાણરાજની પોલીસ: (પ. પુ. ૫૩૯) લે. એચ. એમ. પટેલ. પૃ. ૩૨, કાચું, રૂ. ૧.

આફ્રિકાના દક્ષિણ દેશો: (પ. પુ. ૫૪૦) લે. મહેન્દ્ર વા. દેસાઈ. પૃ. ૩૨, કાચું પૂઠું.

અન્ય

ઋતા: (પુનર્મુદ્રણ) લે. કનૈયાલાલ દવે. પ્ર૦ પોતે. મંગલમ્, ૨૫, પંચવટી, મણિનગર, અમદાવાદ-૮. પૃ. ૨૨૪, પાકું, રૂ. ૪૦.

ભૌતિક ભૂગોળ: લે. મહેન્દ્રકુમાર શાહ અને કાનજીભાઈ જસાણી. પ્ર૦ યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ-૬. પૃ. ૪૨૦, પાકું પૂઠું, રૂ. ૩૨.

કોન ટિકિ: (પુનર્મુદ્રણ) અનુ૦ મહેન્દ્ર મેઘાણી. પ્ર૦ લોકમિલાપ ટ્રસ્ટ, સહજાનંદ સ્વામી માર્ગ, ભાવનગર-૧. પૃ. ૧૬૫, કાચું પૂઠું, રૂ. ૬.

સ્વાતંત્ર્યના રાહ: અનુ૦ પ્રા. દીનેશ શુકલ. પ્ર૦ ભાષાન્તર નિધિ, બળવંત ભવન, ભાવનગર-૧. પૃ. ૨૩૨, પાકું પૂઠું, રૂ. ૧૭.

અલુફ: લે. અજિત ઠાકોર. પ્ર૦ પોતે. તરસાડી, પોસ્ટ કોસંબા, જિલ્લો સૂરત. પૃ. ૭૯, કાચું પૂઠું, રૂ. ૧૨.

શ્રી સત્યનારાયણની વ્રતકથા: લે. મનહર દિલદાર, શર્વરી પ્રકાશન, આઈ-૯, ભાલચંદ્ર એપાર્ટ૦, અમ૦-૭. પૃ. ૧૨૮, પાકું, રૂ. ૧૦.

આવતી કાલના યુવાનો માટે જાતીય શિક્ષણ: સં૦ ભાસ્કર વ્યાસ. પ્ર૦ સાહિત્યસંગમ, બાવાસીદી, ગોપીપુરા, સૂરત-૧. પૃ. ૧૪૨, કાચું પૂઠું, રૂ. ૧૩-૫૦.

સૂર્ય-શક્તિ: લે. પદ્મકાન્ત ર. શાહ. પ્ર૦ પ્રાચ્ય વિદ્યામંદિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા. પૃ. ૨૬૦, પાકું પૂઠું, રૂ. ૫૨-૫૦.

નારદભક્તિસૂત્ર: લે. અનંતપ્રસાદ બક્ષી. પ્ર૦ શિરીષ સુમતિ ટ્રસ્ટ, ૨૭, સંપતરાવ કોલોની, વડોદરા-૫. પૃ. ૮૪, કાચું, કિં. નથી.

મન-મધુવન: લે. ચંદ્રકાન્ત એચ. મહેતા. પ્ર૦ કર્મ પ્રકાશન, ૭૦૮, છીપા પોળ, કાલુપુર, અમદાવાદ-૧. પૃ. ૧૬૧, પાકું, રૂ. ૧૫.

પ્રેરણા: લે. શશી કારખાનિસ. પ્ર૦ પોતે. જમિયતરામની શેરી, ભરૂચ. પૃ. ૧૬૦, કાચું પૂઠું, રૂ. ૭.

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ: ખંડ-૧. લે. મધુસૂદન પારેખ. પ્ર૦ ચંદ્રમૌલી પ્રકાશન, દોશીવાડાની પોળ, અમદાવાદ-૧. પૃ. ૨૯૦, પાકું પૂઠું, રૂ. ૨૫.

જીવનજ્યોત: અનુ૦ મોહન દાંડીકર. પ્ર. વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, વડોદરા-૫. પૃ. ૩૨૪, પાકું પૂઠું, રૂ. ૨૫.

કાલગીત: લે. હિંમત ખાટસૂરિયા. પ્ર૦ વિશ્વક્રાન્તિ પ્રકાશન, રાણીકા, ભાવનગર. પૃ. ૬૪, કાચું પૂઠું, રૂ. ૫.

ફિઝિયૉથેરપી અને ઑક્યુપેશનલ થેરપી

અસ્થિભંગ, વાતરોગ, બાળલકવાનો પક્ષઘાત, સાંધા અને સ્નાયુઓની રોગીષ્ટ સ્થિતિમાં વ્યક્તિ હલનચલન કરતી ને કાર્યરત રહી શકે તે માટે માલિસ, ઇલેક્ટ્રિક શૉક, કસરત અને એવા અન્ય ઉપચાર તે ફિઝિયૉથેરપી છે. લાંબા કે ટૂંકા સમય માટે ખાટલાવશ રહેવાનું હોય તેવા દર્દીઓના શરીરમાં રુધિરાભિસરણ મંદ ન પડે તેમ જ શરીર આળસુ ના બને તે માટે કંઈ ને કંઈ કસરત કરવી આવશ્યક છે. ઑપરેશન અગાઉ આ માટે કસરત શીખવવામાં આવે છે, જેથી આરોગ્ય પ્રાપ્તિ વહેલી થાય. આ કસરત એટલે હલનચલન ન થઈ શકે એવા રોગ કે ઑપરેશન પછી રોગી શારીરિક ક્રિયાઓ માટે સ્વાવલંબી બને ને વેળાસર કાર્યક્ષમ નીવડે એવું વૈજ્ઞાનિક દૃષ્ટિથી કરાવાતું અંગોનું હલનચલન.

ગંભીર કેસમાં રોગી હૉસ્પિટલ છોડે તે અગાઉ તેને રોજિંદા જીવન માટે યોગ્ય નીવડવા સારુ દાદરા ચડવા-ઊતરવાનું, બાથમાં નહાવા પડવાનું ને તેમાંથી બહાર નીકળવાનું તથા વિકલાંગ સ્ત્રીને નમૂનાના બનાવેલા રસોડા ઉપર બને તેટલી સહેલાઈથી અને કાર્યક્ષમતાથી કામ ઉપાડતાં વગેરે શીખવાય છે.

બાળલકવાથી અપંગ બનેલા રોગીને જોકે અગાઉ જેટલી શારીરિક ક્ષમતા તો પ્રાપ્ત થતી નથી પણ સમયસરની ફિઝિયૉથેરપીથી તેની કેટલીક મુશ્કેલીઓ હળવી થઈ શકે છે.

બાળલકવાના હુમલાના ચાર અઠવાડિયા પછીના છ મહિનામાં રોગીને થયેલી શારીરિક ઈજાઓનો સંપૂર્ણ ખયાલ આવે છે. ફિઝિયૉથેરપીમાં માંસપેશીઓની શક્તિનો ક્યાસ કાઢી તે વધારવા, ખોડ મટાડવા અને અંગ ન સુકાય તે માટે સ્પ્રિંગ, વેઈટ-બૅલૅન્સિંગ વગેરે કસરતો રમતના રૂપમાં કરાવાય છે. ઊભા થવા અને ચાલવા માટે સ્પ્લિન્ટ, કૅલિપર્સ અને બીજાં સાધનો પણ વપરાય છે. તેનાથી રોગીની ખોડનું નિવારણ થઈ તે સ્વાવલંબી બની શકે છે.

બાળલકવાથી અપંગ બની ચોપગાં પ્રાણીની જેમ ચાલતા વીસ વર્ષના એક આફ્રિકી કિશોરને યુગાન્ડા મિશન હૉસ્પિટલમાં ફિઝિયૉથેરપીના લાંબા સમયના ઉપચારો આપવાથી તે હવે હૉસ્પિટલમાં ટેલિફોનિસ્ટ તરીકે કામ ઉપાડી શકે એવું હલનચલન કરી શકે છે.

શરીરની વૃદ્ધિ અને સંવેદનાઓની ખામીઓના કારણે વ્યક્તિ સ્વાવલંબી, ઉપજાઉ અને સંતોષકારક જિંદગી ગુજારી ન શકે ત્યારે તેને ઑક્યુપેશનલ થેરપીની સેવાઓ જરૂરી બને છે. ડૉકટર તેનાં કામકાજો, કાર્યશક્તિ, કામ ઉપાડવાની તાકાત અને મર્યાદાઓનો ક્યાસ કાઢે છે. પછી તેને જરૂરતો અને કાર્યશક્તિના પ્રમાણમાં હાડકાં, જ્ઞાનતંત્ર અને શસ્ત્રક્રિયાના ઉપચારોનો કાર્યક્રમ ગોઠવાય છે. જેથી રોગી સંતોષપૂર્વક સ્વાવલંબી જીવન જીવી શકે છે.

આવા ઉપચારોમાં પ્રથમ તો શરીરના સાંધાઓનાં હલનચલન માટે સ્નાયુઓની તાકાતની જુદાંજુદાં અંગોની પરસ્પરાનુકૂલતાની આંકણી થાય છે. પછી રોગીને એવાં કામ સોંપાય છે કે જેથી કમજોર સ્નાયુઓ અને સાંધાઓ હલાવવામાં જોઈતી કસરત મળી રહે. અમુક સાંધાના હલનચલનમાં હેતુપૂર્વકના વળાંક લેવાથી સ્નાયુ અને મનની પરસ્પરાનુકૂલતા સધાય છે.

ફિઝિયૉથેરપીમાં શરીરના ભાગોની ગતિ અને સાંધા ખેંચવાની કસરતને જોતાં સૂતેલા રોગીનું ધ્યાન વેદનાના ચોક્કસ સ્થાન ઉપર કેન્દ્રિત થતું હોઈ ગતિની અમુક હદે વેદના થવાની બીકે તેના સ્નાયુઓ તંગ બને છે. આથી અવયવ હલાવતી વખતે વધારે વેદના થાય છે અને સાંધો હલાવી શકાતો નથી. ઑક્યુપેશનલ થેરપીમાં રોગીનું ધ્યાન કામ પૂરું કરવામાં હોઈ વેદના થવા તરફ તેનું લક્ષ જતું ન હોવાથી સ્નાયુઓ ઢીલા રહે છે. વળી, રોગી જાતે જ ગતિને અંકુશમાં રાખતો હોઈ બીજાના બળથી વેદના થવાનો તેને ભય હોતો નથી. ભાંગેલા પગનું પ્લાસ્ટર કાઢ્યા બાદ પણ હલનચલનથી વેદના થવાના ડરથી રોગી પગ હલાવતો નથી, પણ પ્લાસ્ટર કાઢ્યા પછી હલનચલન કરવાથી વેદના થતી નથી એ અનુભવ્યા બાદ તેના સ્નાયુઓ ઢીલા બને છે.

પક્ષઘાત કે અસ્થિભંગ બાદ અવયવના વ્યાપાર પૂર્વવત્ ન થઈ શકે તોય શેષ કાર્યશક્તિની હતાશ રોગીને ખબર હોતી નથી. ઑક્યુપેશનલ થેરાપિસ્ટ (ઉપચાર કરનાર) યોજનાપૂર્વક રોગીને ક્રમશઃ અમુક કામકાજ કરવા આપે છે અને એ રીતે તેનો ભય દૂર કરી તેને કામ કરવાની ટેવ પાડે છે. આ માટે પ્રોસ્થેસીસ (કૃત્રિમ અંગ યોજના), કૅલિપર્સ કે સ્પ્લીન્ટ્સનો ઉપયોગ પણ કરવામાં આવે છે.

એમ્પ્યુટી (અંગછેદનના) રોગીને કૃત્રિમ અંગ ગોઠવી અપાય છે. હૃદયરોગીને ધીમેધીમે વધતી જતી કસરતથી રોગનો ભય ઘટાડી, તેની કામ કરવાની તાકાતમાં વિશ્વાસ બેસાડાય છે. કૅન્સર કે રિનલ ફેઈલ્યોરના(કિડની બગડવાના)રોગીને ઘરમાં જ રહેવું પડે તો તે રીતે તેનું જીવવાનું હેતુભર્યું બનાવાય છે. આર્થરાઇટિસ (સાંધાના સોજા)ના રોગીને ઘરમાં રહ્યાંરહ્યાં ઉપજાઉ જીવન જીવવાનું માર્ગદર્શન અપાય છે.

ઑક્યુપેશનલ થેરપીમાં માનસિક ને લાગણીના બગાડાના રોગીને વ્યક્તિગત સ્થિતિ પ્રમાણે કામ સોંપી આંતરમનના પ્રવાહો ભણી ઔપચારિક કામ ચીંધાય છે. મગજની ઈજાથી અપંગ જેવા બાળકને પરસ્પરાનુકૂલતાથી સ્નાયુઓની ગતિ થાય તે માટે તાલીમ અપાય છે. મગજની ઈજાથી ભણવામાં મંદ એવા બાળકને લખવાના મહાવરાથા તેની મુશ્કેલીઓ ઓળંગવાનો માર્ગ બતાવાય છે. મંદબુદ્ધિ બાળકની માનસિક શક્તિ પ્રમાણે યોગ્ય કામ શોધી અપાય છે. બાળઅપરાધીઓને પ્રેમ ઉત્તેજન અને સમજથી જીતી લઇને વિધવિધ કાર્યો દ્વારા સમાજને ઉપયોગી નીવડે એવું જીવન જીવવાનું શિખવાડાય છે.

રોગીની જિંદગી જીવવાની રીત સાથે સંકળાએલી ઑક્યુપેશનલ થેરપી કોઈ હૉસ્પિટલમાં જ આપી શકાય એવું નથી. રોગીના ઘરમાં પણ તેવા ઉપચારો થઈ શકે છે.

–ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

કર્મયોગ : હિમાલયના વાસી સુખ્યાત બ્રહ્મલીન સ્વામી શિવાનંદ સરસ્વતીની ઈ. ૧૯૮૭માં જન્મશતાબ્દી આવે છે. આ અવસર પૂર્વે એમનાં અપ્રાપ્ય પુસ્તકોનાં પુનઃમુદ્રણો તથા નવાં સંકલનો તેમ જ અનુવાદોનાં કુલ ૧૦૦ ગુજરાતી પુસ્તકોનાં પ્રકાશન દ્વારા એમના ઉપદેશના પ્રસારની એક યોજના, એમણે સ્થાપેલા 'દિવ્યજીવન સંઘ'ની ગુજરાત-મહારાષ્ટ્રની પશ્ચિમ શાખાએ આરંભી છે. કર્મયોગ એ આધ્યાત્મિક સાધનાનું પ્રથમ ચરણ હોઈ તે અંગેની વિસ્તૃત સમજ આપતા પ્રસ્તુત પુસ્તકથી જ તેનો આરંભ થયો છે. બહુવિધ દુન્યવી એષણાઓથી ઘેરાએલા સામાન્ય માનવીને આત્મ-સાક્ષાત્કારના માર્ગે જવામાં માર્ગદર્શક એવો શિવાનંદજીનો મનનીય ઉપદેશ આપવામાં આવ્યો છે. સેવાયોગ, સનાતન સિદ્ધાંતો, સ્વધર્મ, કર્મ ને સ્વતંત્રતા, કર્મ ને જન્માંતર, કર્મયોગની સર્વોપરિતા, ગીતામાં કર્મયોગ વિષયક પ્રકરણોમાં કર્મયોગની વિસ્તૃત સમજ આપવા સાથે, કર્મયોગીએ પાલન કરવા યોગ્ય ખાસ નિયમો, નિષ્કામ કર્મયોગીએ વિકસાવવાના સદ્‌ગુણો તથા તજવા યોગ્ય દોષોની અલગ યાદી આપીને સમગ્ર પુસ્તકની માર્ગદર્શિતાને સરળ અને સ્પષ્ટ કરી છે. આત્મજ્ઞાન પામવાની ક્ષમતા કેળવવામાં પ્રથમ ચરણ રૂપ કર્મયોગને સમજવા માટે આ એક મનનીય સરળ પુસ્તક છે. (પ્રકાશક : ગુજરાત દિવ્યજીવન સંઘ, ૪/૧૧, પંચનાથ પ્લૉટ, રાજકોટ, કાચું પૂઠું, પૃ. ૩૦૪, રૂ. ૧૫.) □

લઘુકથા

ઘુવડ

પ્રફુલ્લ રાવળ

શિયાળાની વહેલી સવારે ઘુવડને બોલતું સાંભળી ભર-ઊંઘમાંથી સફાળા જાગી જતાં મારાથી ભયયુક્ત બૂમ પડાઈ ગઈ: 'ક...વિ...તા'. પણ હું ભોંઠો પડચો. હું એકલો જ છું એની પ્રતીતિ થઈ. મન કોરાવા લાગ્યું, છતાં ય ગમ્યું. ઘડીભર હું પથારીમાં એમ ને એમ જ બેસી રહ્યો. બરાબર બાર વર્ષે મેં ઘુવડને સાંભળ્યું અને તે ય વહેલી સવારે. હું ઊભો થયો. અગાશીમાં આવીને ઘુવડને જોવા નજર ફેરવી. સામેના છાપરે જ એ બેઠું હતું. તેની સામે દૃષ્ટિ કરી. તેની આંખો સજળ હતી—બાર વર્ષે. □

અનુસંધાન] **ડૉ. અબ્દુસ્ સલામ** [પૃ. ૨૦૪થી

(Talent Fund) ઊભું કરવાને ડૉ. સલામે એક અપીલ બહાર પાડીને તેના આરંભ રૂપે પોતાને મળેલા નૉબેલ ઈનામની રકમ ભેટ આપી છે.

ભૌતિક વિજ્ઞાનનાં અન્ય ક્ષેત્રોમાં પણ ડૉ. સલામનું સંશોધનકાર્ય ઉલ્લેખનીય છે. ગુરુત્વાકર્ષણના ક્ષેત્રમાં ગુરુત્વાકર્ષણનો ટેન્સર સિદ્ધાન્ત અથવા 'એફ-ગુરુત્વ' (F-gravity)ના નામે જાણીતો થયેલો સિદ્ધાંત તેમણે શરૂ કર્યો છે. આઈન્સ્ટાઈનના ગુરુત્વાકર્ષણનાં સમીકરણો અને ક્વૉન્ટમ ગુરુત્વની ચાલતી શોધમાં ડૉ. સલામનું મહત્ત્વનું યોગદાન છે.

પ્રો. સલામ તો હવે કદાચ બીજું નૉબેલ પારિતોષિક પામવાના ઉંબરે આવી ઊભા છે. ભારતના ઓરિસ્સાના વતની અને હાલ અમેરિકામાં મેરીલૅન્ડમાં વસતા ડૉ. જોગેશ પત્તિના સહયોગમાં તેમણે 'સલામ-પત્તિ' સિદ્ધાંત ઘડી કાઢયો છે. આ સિદ્ધાંત સ્ટ્રૉંગ ન્યૂક્લીઅર ફૉર્સને યે સમન્વયના સિદ્ધાંતમાં સમાવી લે છે. આ સિદ્ધાંત પ્રમાણે ન્યૂક્લિઅસ-(પરમાણુના કેન્દ્રસ્થ ભાગ)માંના મૂળભૂત કણ પ્રોટોનનો પણ કિરણોત્સર્ગી ક્ષય થવો જોઇએ. જો આ સિદ્ધાંતને પ્રાયોગિક પુષ્ટિ સાંપડશે તો શ્રેષ્ઠ સંશોધનનું એક બીજું છોગું ડૉ. સલામના મસ્તકે શોભી ઊઠશે.

સલામ-પત્તિ સિદ્ધાંત અનુસાર પ્રોટોનના ક્ષય બાબતની પુષ્ટિ મેળવવા સારુ પૃથ્વીમાં સાત હજાર ફૂટ ઊંડે વિજ્ઞાનીઓ પ્રયોગો કરી રહ્યા છે. આવા પ્રયોગો ભારત અને અમેરિકામાં ચાલે છે. ભારતમાં કોલારની સોનાની ખાણમાં ખૂબ ઊંડાઇએ થતા આ પ્રયોગોના અત્યાર સુધીનાં પ્રાપ્ત પરિણામો ઘણાં આશાસ્પદ છે.

પ્રો. સલામ ભારતના વૈજ્ઞાનિકો પ્રત્યે ઊંડા આદરની લાગણી ધરાવે છે. અવિકસિત દેશોના વિકાસ સારુ કાંઈક કરી છૂટવાની તમન્ના તેમના રૂંવેરૂંવે પ્રગટે છે. અવિકસિત દેશોના લોકોના જીવનમાં વૈજ્ઞાનિક અભિગમના અભાવથી ડૉ. સલામ ખિન્નતા અનુભવે છે.

જાન્યુઆરી ૧૯૮૧માં ડૉ. સલામ એકવીસ દિવસ માટે ભારતની મુલાકાતે આવેલા ત્યારે, ૧૦મી જાન્યુઆરીએ, મુંબઈમાં ઇન્ડિયન ફિઝિક્સ એસોસીએશન તરફથી તેમને આર. ડી. બિરલા મેમોરીઅલ ઍવૉર્ડ અર્પણ કરાયો હતો, ને એ રીતે તેમનું બહુમાન કરાયું હતું. બનારસ હિન્દુ યુનિ૰એ તેમને ડૉક્ટરેટની માનાર્હ પદવી અર્પણ કરી હતી. કલકત્તા યુનિ૰એ તેમને 'સર દેવપ્રસાદ સર્વાધિકારી સુવર્ણચન્દ્રક' અર્પણ કરી તેમનું ગૌરવ કર્યું હતું.

દિલ્હી, કલકત્તા, મુંબઈ વગેરે સ્થળોએ તેમણે પોતાનાં વ્યાખ્યાનોમાં ગણિત અને વિજ્ઞાનની ગૂઢ-ગંભીર બાબતોને સાદી સરળ ભાષામાં સમજાવી હતી. પોતાના સમન્વયના સિદ્ધાન્તને (unification theory) તેમણે એવી સરળ રીતે સમજાવ્યો કે વિજ્ઞાનીઓ અને અન્ય બૌદ્ધિકો આશ્ચર્યમુગ્ધ થયેલા.

નિરાડંબરી ને નમ્ર વ્યક્તિત્વ ધરાવતા ડૉ. સલામ તેમનાં ખુલ્લા દિલ-દિમાગ, ઉષ્માભર્યો મૈત્રીપૂર્ણ વ્યવહાર, નિખાલસતા ને વિનોદવૃત્તિથી સહુને સ્પર્શી જાય એવા છે. વિખ્યાત ચિત્રકાર એમ. એફ. હુસેન તેમનો સ્કેચ કરવા ગયા ત્યારે ડૉ. સલામે હસીને કહેલું 'હું કાંઈ આઈન્સ્ટાઈન જેવો રૂપાળો નથી, શ્યામળો છું! તમારા જેવા કલાકારોને કદાચ મને જોવો ન ગમે!'

મુંબઈમાં પત્રકારો સાથે ગપસપ કરતાં તેમણે કહેલું, 'મેં વાર્તા લખવાનો ય પ્રયાસ કરેલો, પણ 'ઈલસ્ટ્રેટેડ વીકલી'એ મારી વાર્તા સાભાર પરત કરી પછી આપણે સમજી ગયા કે આ આપણા ગજા બહારનું કામ છે! હા, કદાચ હું સાહિત્યવિવેચક થઈ શક્યો હોત. મેં મારો પહેલો સંશોધનલેખ ગાલિબ વિષે લખેલો.'

પ્રાચીન કાળમાં ને મધ્ય કાળમાં ચીન, હિન્દુસ્તાન, અફઘાનિસ્તાન અને આરબ રાજ્યોએ વિજ્ઞાનનું નેતૃત્વ કર્યું હતું, એ વાત પર તેઓ ભાર મૂકે છે, મુસ્લિમોએ અને આરબોએ વિજ્ઞાનમાં કરેલા યોગદાનથી તેઓ ગૌરવ અનુભવે છે.

ભારત ને પાકિસ્તાનને લાલબત્તી ધરતાં તેમણે કહેલું કે, 'માત્ર ધર્મ પર વધુ પડતો ભાર મૂકવો એ ભયંકર છે. આવું કરીને આપણે આપણી યુવાપેઢીને વિજ્ઞાન અને પ્રયોગમૂલક પદ્ધતિથી વિમુખ કરીએ છીએ. ધર્મ આપણને કોઈ વહેમમાં ફસાવી ન દે, એ વાતથી આપણે પૂરા સાવધ રહેવું પડે. આપણા પ્રાચીન ધર્મશાસ્ત્રોમાંથી વિજ્ઞાન ઢૂંઢવાની વૃત્તિ મને ભારે વિચિત્ર લાગે છે. આમ કરવું એ તો ધર્મશાસ્ત્રોનું અવમૂલ્યન કરવા જેવું છે. કેમ કે, એ વધારે ગહન અર્થસભર હોય છે. આપણા વિજ્ઞાન વિષયક સિદ્ધાંતો આવતી કાલે બદલાઈ પણ શકે, તો શું એની સાથે આપણે આપણાં પ્રાચીન ધર્મશાસ્ત્રોમાં યે પરિવર્તન આણીશું? વૈજ્ઞાનિક સંશોધનો અને પ્રાચીન ધાર્મિક માન્યતાઓ વચ્ચે મેળ નહીં બેસવાથી તો યુરોપમાં દેવળ (church) અને વિજ્ઞાન વચ્ચે ઝઘડા થયા હતા.'

ડૉ. સલામ ભારપૂર્વક માને છે કે, વિજ્ઞાનને વિજ્ઞાન તરીકે અને ધર્મને ધર્મ તરીકે જોવો જોઇએ. અતિશય ધાર્મિક વૃત્તિના ડૉ. સલામ પોતા વિષે કહે છે કે 'હું તો એક ભૌતિક-વિજ્ઞાની છું ને ઇશ્વર વિષેની મારી કલ્પના કે બંદગીનું શાબ્દિક વર્ણન કરવું મારે માટે બહુ અઘરું છે.'

ડૉ. સલામ પોતાના શિક્ષકો અને અધ્યાપકોને બહુ પ્રેમ ને આદરપૂર્વક યાદ કરે છે. કલકત્તામાં તેમણે ત્યાંના નાગરિકોને કહેલું, 'મારું બહુમાન કરવાને બદલે ડૉ. ગાંગુલીનું બહુમાન કરો.' ડૉ. એ. એન. ગાંગુલી તેમના એમ.એ અભ્યાસના પ્રાધ્યાપક હતા. એ ઉપરાંત, કેરાલાના ડૉ. ચંડી તેમ જ હંસરાજ બતલા અને ઈશકુમાર પ્રત્યે પણ તેમણે પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

ડૉ. સલામ જેમ ઉત્તમ ગુરુઓ મેળવવા ભાગ્યશાળી બન્યા છે તેમ ઉત્તમ શિષ્યો મેળવવામાં પણ બડભાગી છે. પાકિસ્તાનના ખ્યાત ભૌતિકવિજ્ઞાનીઓ ડૉ. રિઆઝુદ્દિન અને ડૉ. ફિઆઝુદ્દિન તેમના વિદ્યાર્થીઓ છે. આ ઉપરાંત ડૉ. સલામના કેટલાક તેજસ્વી વિદ્યાર્થીઓ મેક્સિકો અને બીજા દેશોમાં સારું કામ કરી રહ્યા છે.

ડૉ. સલામે ભારતયાત્રા દરમિયાન ભાષણો, વાર્તાલાપો ને મુલાકાતો દ્વારા વિજ્ઞાનની એક નવી આબોહવા સર્જીને આપણા દેશની મહાન સેવા કરી છે.

બાળક જેવા નિર્ગ્રંથ ડૉ. સલામનાં જિજ્ઞાસા ને કુતૂહલ તેમના સંશોધનકાર્યની પ્રેરણા બની રહે છે.

ડૉ. સલામ શિશુવત્સલ છે. પોતે નૉબેલ ઇનામ લેવા સ્ટૉકહોમ ગયા ત્યારે તેમના પૌત્રોને સાથે લઇ ગયા હતા. આ અગાઉ કોઇ નૉબલ ઇનામવિજેતાએ આમ કર્યું નથી.

ડૉ. સલામ માને છે કે, આપણી વૈજ્ઞાનિક પરંપરા પણ આપણી આધ્યાત્મિક પરંપરા જેટલી જ મહત્ત્વની છે, એ વાત આપણે આપણાં બાળકોને અવશ્ય કહેવી જોઇએ. આપણે લોકોમાં વિજ્ઞાન પ્રત્યે સભાનતા ને જાગરુકતા પ્રગટાવવા મથવું જોઇએ.

ઇ. ૧૯૭૯માં હર્બર્ટ સ્પેન્સર વ્યાખ્યાન આપતાં તેમણે કહેલું: 'વસ્તુઓ જેમ છે તેમ શા માટે (Why) છે એની ખોજ કરવી એ બાબત સાથે સર્વ વિજ્ઞાન-અને તેમાંયે ભૌતિક વિજ્ઞાન તો ખાસ સંકળાએલાં છે. આ 'શા માટે' (Why) પુરાવા આપી સાબિત કરી શકાય એવું, સ્પષ્ટ, ગહન અને વૈશ્વિકતાને વધુ ને વધુ સ્પર્શતું તથા આપણે જે સમજાવવા મથીએ છીએ તેને પ્રયોગની કસોટીએ ચડાવી શકાય તેવું હોવું જોઇએ.'

ડૉ. સલામના મતે સમગ્ર વિશ્વ કાજેની ખોજ, માનવજાત કાજેની ખોજ, ઐક્ય અને સમન્વય કાજેની ખોજ, વિજ્ઞાનને તેની સાર્થકતા અને સુંદરતા આપે છે.

વિજ્ઞાનીઓ આજે ઐક્ય અને સમન્વયની શોધમાં મશગૂલ છે ત્યારે દુનિયાનાં રાષ્ટ્રો અને માનવજાત વધુ ને વધુ સંકીર્ણ અને વિચ્છિન્ન થઈ રહ્યાં છે. એ વિષમતાનો ડૉ. સલામને ખેદ છે.

ડૉ. સલામને સૂફીવાદમાં ઊંડો ને જીવન્ત રસ છે, પણ પોતે પોતાને સૂફી માનતા નથી. તેઓ કહે છે કે, 'સૂફીને સીધેસીધી, અ-પરોક્ષ એવી કોઈ અનુભૂતિ હોય છે. જો અલ્લાહ મને આવી કોઈ અનુભૂતિ આપે તો એને મારી ખુશનસીબી માનું. હા, મારા પિતા એક સૂફી હતા. ભારે શ્રદ્ધાળુ હતા. એમની આસ્થા જબરી હતી. મારી સફળતા સારુ અબ્બાજાન રોજ ઈબાદત કર્યા કરતા. ૧૯૬૮માં મને 'ઍટમ્સ ફૉર પીસ' ઍવૉર્ડ મળ્યો ત્યારે મારા પિતાએ મને લખેલું : 'તને અ-અબ્દુસ્ સલામ (શાંતિનો સેવક) નામ આપવાની પ્રેરણા મને કઈ શક્તિએ આપી હતી? તારા જન્મ પહેલાં મને આવેલું સ્વપ્ન કેવું ગેબી હતું? કેમ્બ્રિજ જવાની સ્કૉલરશિપ તને કઈ શક્તિના પ્રતાપે મળી હતી? તારા જીવનમાં બનેલા અનેક આકસ્મિક પ્રસંગોને તું કઈ રીતે સમજાવી શકશે? આ બધા બનાવોનું ચક્ર કઈ શક્તિએ સર્જ્યું હતુ?'

ડૉ. સલામ પોતાના પિતા માટે અપાર પ્રેમ અને આદર ધરાવે છે. પિતાની ઇશ્વરપરાયણતા પુત્રમાં પણ છે જ. એથી જ તો, ડૉ. સલામ કહે છે 'ઇનામો એ તો અલ્લાહની બક્ષિસ છે. એને માટે હું લાયક છું કે કેમ તેની મને કશી ખબર નથી.'

પંચાવન વર્ષની વયે પહોંચેલા આ મહાન વિજ્ઞાની પાસેથી વિશ્વ ઘણી મોટી આશાઓ રાખે છે. વિજ્ઞાની તરીકે અને વ્યક્તિ તરીકે મહિમાવાળા ડૉ. સલામને આપણા સો સો સલામ! □

સંદર્ભ :

1 'The Statesman' (A Daily-Delhi Edition 24-1-81)
2 'The Illustrated Weekly of India' 1-2-81
3 'Science To-day' -January, અને March, 1980
4 'Science Reporter' — March, 1980
5 'સુગણિતમ્' — મે-જૂન ૧૯૮૦

અનુસંધાન] **આ નામો ઇતિહાસમાં નથી** [પૃ. ૨૧૨થી

આવી સજાઓ થઈ હતી. એ ઉપરાંત મિદનાપુર, માદરીપુર, બારિસાલ અને રાજા બઝાર વળી નોખાં. દક્ષિણ પણ આમાં બાકાત નહોતું. શ્રીમાન એશની તિન્નેવેલીમાં હત્યા થઈ. નવ જણને સખત કેદ મળી.

વીરેન્દ્ર ગુપ્તાને ઓગણીસમું વર્ષ બેઠું અને ડેપ્યુટી સુપ્રિ. ઑવ પોલીસ સમશુલ આલમની રાષ્ટ્ર પ્રત્યેની ગદ્દારીનો બદલો ચુકવાયો. એક સાંજે અલીપુર કેસના સરકારની સાથે રહેનાર આ અધિકારી વીંધાયો. વીરેન્દ્ર પકડાયો. ફાંસીની સજા થઈ ત્યારે મોં પર મૃદુ હાસ્ય હતું. છેલ્લી ઇચ્છા પૂછી તો કહે: 'કચોરી, સંદેશ અને રસગુલ્લાં ખાઈશું!' ખરો બંગાળી યુવક!

૨૧ ફેબ્રુઆરી, ૧૯૧૦ તેની ફાંસીનો દિવસ હતો. ઢાકામાં જન્મેલો, જલપાઈગુરીમાં બહેનને ત્યાં રહીને ભણેલો અને સાતેક વર્ષથી કલકત્તામાં ભાઇને ત્યાં રહેતો આ યુવક શું કેવળ પાગલ હતો...?

લૉર્ડ હાર્ડિંગ પરના બૉમ્બ-પ્રકરણમાં અમીરચંદ અને અવધબિહારીને વીસ વર્ષની સજા થઈ. ઉપલી કોર્ટમાં ગયા તો અવધબિહારી, બાલમુકુન્દ, અમીરચંદ અને વસંતવિશ્વાસ ચારેયને ફાંસી ફરમાવાઈ. વસંતવિશ્વાસ 'બાવીસની વયનો હોવા છતાં કૃત્ય વિષે પૂરેપૂરો સભાન હતો' એવું કોર્ટે નોંધ્યું હતું. અંબાલા જેલે ૧૧ મે, ૧૯૧૫ની એ ચારેયની એકસાથે આહુતિની ક્ષણોને મનમાં સંઘરી રાખી હશે.

ફિરોઝપુર, પંજાબમાં ક્રાંતિમંડળી ગુપ્ત રીતે કામ કરતી હતી ત્યાં ત્રાટકેલાં પોલીસ ધાડાં સામે સંઘર્ષ થયો. કેટલીક લોથો ઢળી. જે ક્રાંતિકાર પંજાબીઓ પકડાયા તેમાં જવાનસિંઘ, લાલસિંઘ, ધ્યાનસિંઘ, કાશીરામ વગેરે હતા. બધાના નસીબે ફાંસી જ રહી. મૉંટગોમરી અને લાહોરની જેલો તેની સાક્ષી છે.

એ જ વર્ષે, ૧૯૧૫માં સૈન્યમાં બગાવતીઓ વધ્યા. એવા એક કેસમાં ઓછામાં ઓછા ચારને મેરઠની જેલમાં ગોળીએ દેવાયાની નોંધ છે; તો એવા બીજા પ્રકરણમાં બીજા ચારને ફાંસી મળી, લાહોર સેન્ટ્રલ જેલમાં, ૨૧ જુલાઈ, ૧૯૧૫ના દિવસે. વલ્લા રેલવે સ્ટેશનની ધાડમાં પણ ચાર જણ મોતની સજા પામ્યા. લાહોર અને અમૃતસર જેલમાં બીજા બાર સૈનિકોને પણ ફાંસી દેવામાં આવી હતી, ક સપ્ટેમ્બરે. નવેમ્બરમાં વળી બીજા સાતને આવી જ સજા થઈ.

પછીનું ૧૯૧૬નું વર્ષ પણ લોહીથી ખરડાયેલું રહ્યું. પંજાબ આગળ હતું તેમાં. એક વધુ 'લાહોર કાવતરા'માં ઘણા પકડાય છે. હરસિંહ બહુવાલ, ઈશરસિંઘ, રંગાસિંઘ, રૂરસિંઘ, ઉત્તમસિંઘ જૂનની બારમીએ લાહોરની જેલમાં ફાંસીએ ચડે છે; અને પિસ્તાળીસને આજન્મ કેદની સજામાં આંદામાન મોકલી દેવામાં આવે છે. ૨૯ માર્ચ, ૧૯૧૭માં ત્રીજા કેસમાં બીજા છ જણ લાહોરની જેલમાં ફાંસીએ ઝૂલે છે.

જતીન મુખરજી, ચિત્તપ્રિય રાયચૌધરી, મનોરંજન સેનગુપ્તા, નીરેન્દ્રનાથ દાસગુપ્ત અને જ્યોતિષચંદ્ર પાલ—ખુલ્લા બળવામાં મોતને ભેટનારા અને ઘાયલ થનારા આ યુવકોને બ્રિટિશ શાસને 'ડાકુ, લુટારા અને બદમાશો' ગણીને કેસ ચલાવ્યા હતા.

રાધાચરણ પ્રણામિકની વાતને કરુણ કહેવી કે સત્તાના મદનો ભોગ બનેલ યુવકની કથા? એક ધાડમાં તે છટકયો પણ પકડાયો. માત્ર છ વર્ષની સખત કેદની સજા!

જેલમાં આંખનું દર્દ થયું. સારવાર માગી. તે આપે કોણ? કહેવામાં આવ્યું કે, 'ડાકુઓ અંધા બને એમ અમે ઇચ્છીએ છીએ!'

રાધારમણે કહ્યું કે 'જ્યાં સુધી જેલ બહાર હૉસ્પિટલમાં ઉચિત સારવાર નહિ અપાય ત્યાં સુધી હું દવા નહિ લઉં.' અને એણે દવા ન જ લીધી. સ્વાભિમાનપૂર્વક જેલમાં જ, ફેબ્રુઆરી ૧૯૧૭માં એ મોતને ભેટયો. (ક્રમશઃ)



ઉત્ક્રાંતિના ક્રમાનુસાર અર્ધમાનવ-અર્ધપશુ નૃસિંહાવતારને અનુસંધાને વામનાવતારપછી મનુષ્યના સ્વાભાવિક પૂર્ણ રૂપને પ્રકટ કરતા દ્વિભુજ જમદગ્નિના પુત્ર પરશુરામ વિષ્ણુના આવેશાવતાર લેખાય છે. પિતાનો વધ કરનાર કાર્તવીર્યની સમગ્ર ક્ષત્રિય જાતિનો વિનાશ કરનારા એ એકલવીરની કથા પુરાણોમાં મળે છે. ઋગ્વેદમાં એ 'રામ ભાર્ગવ' રૂપે વર્ણિત છે. અથર્વવેદમાં તેમને અસ્ત્રવિદ્યાના વિશારદ ગણાવ્યા છે. કર્ણના ગુરુ રૂપે પણ તે ખ્યાત છે. અવતાર રૂપે પરશુરામની ગણના પુરાણોના સર્જનકાળ દરમિયાન થવાની વિશેષ સંભાવના છે. સપ્ત ચિરંજીવીઓમાં એમનું સ્થાન છે. એમનો ઉલ્લેખ ઋગ્વેદકાલીન હોવા છતાં ઇસ્વીસનની આજુબાજુના કાળમાં સમગ્ર ભારતવર્ષમાં પરિવર્તિત થએલી સાંસ્કૃતિક પરિસ્થિતિના અનુષંગે એ અવતારી તરીકે લેખાવા લાગ્યા.

કાળક્રમે રામ ભાર્ગવ પરશુના કારણે 'પરશુરામ' તરીકે ઓળખાયા. મહાભારત અનુસાર રામતીર્થ તેમનું નિવાસસ્થાન છે. નાસિકમાંથી પ્રાપ્ત ઈ. સ.ની બીજી સદીના ઉદયદત્તના એક અભિલેખ પરથી પરશુરામની ઉપાસના એ કાળ જેટલી પ્રાચીન જણાય છે. વિષ્ણુના અવતાર રૂપે એની અર્ચના ક્યારથી આરંભાઈ એના શ્રદ્ધેય સગડ નથી. 'પરશુરામ કલ્પસૂત્ર' અને 'પરશુરામપ્રતાપ' જેવા ગ્રંથો વિષ્ણુના અવતારી પરશુરામના અલગ સંપ્રદાયના સાક્ષી ગણાય. વિષ્ણુપુરાણમાં એમને નારાયણ-અવતાર લેખે વર્ણવ્યા છે. એમની પ્રતિમા પરશુ, ખડ્ગ-બાણુ અને ધનુષધારી ચતુર્ભુજ કંડારાય છે.

—પ્રફુલ્લ રાવળ



માધુકરી


ભારત નહિ નહિ વિન્ધ્ય હિમાલય,
ભારત ઉન્નત નરવર;
ભારત નહિ ગંગા, નહિ યમુના,
ભારત સંસ્કૃતિનિર્ઝર.

—ઉમાશંકર જોશી

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ સ્વર્ગસ્થ

૩૧મી જુલાઇએ અમદાવાદની કૅન્સર હૉસ્પિટલમાં બપોરે એક વાગ્યે અનિરુદ્ધને અભાન અવસ્થામાં શ્વસતા જોયા પછી બપોરે ત્રણ વાગ્યે સમાચાર મળ્યા કે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું ૨-૧૦ કલાકે અવસાન થયું છે ત્યારે વેદના સાથે પણ મન ઉચ્ચારી ઊઠ્યું હતું: 'ના ના, આ તો ખુદ મૃત્યુનું જ અવસાન થયું છે.' છએક વર્ષ પહેલાં એઓ બ્લડ કૅન્સરમાં સપડાયા છે એવા સમાચાર મળતાં હું એમની ખબર પૂછવા ગયેલો ત્યારે એમણે સસ્મિત ઉદ્ગાર કાઢેલો : 'મીણબત્તી બે છેડેથી જલાવી છે ને!' અનિરુદ્ધે કામ ખેંચવા માંડ્યું હતું, અને કામ કરતાં ય વધુ યોજનાઓ ઘડવા માંડી હતી. ૧૯૫૮માં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી-વડોદરામાંથી ગુજરાતી-સંસ્કૃત સાથે બી.એ.માં અને ૧૯૬૦માં એ જ વિષયો સાથે એમ.એ.માં પ્રથમ વર્ગ પ્રાપ્ત કરીને તથા શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રે નિજ પ્રતિભાનો ચમકારો પ્રકટ કરીને એમણે પોતાની શક્તિનો અંદાજ કરાવી આપ્યો હતો પણ આ શક્તિઓથી ય વધારે હતી મહત્ત્વાકાંક્ષાઓ! એ મહત્ત્વાકાંક્ષાઓએ શક્તિઓને નીચોવવા માંડી હતી.

'એરિસ્ટૉટલનું કાવ્યશાસ્ત્ર'માં એરિસ્ટૉટલના પોએટિક્સનો અનુવાદ આપવામાં કે 'ભારતીય સાહિત્યશાસ્ત્રમાં ગુણ અને રીતિની વિચારણા'માં એમની પ્રશિષ્ટ સાહિત્ય પ્રત્યેની અભિરુચિ અને પારગામિતા પ્રકટ્યાં હતાં, તો 'ઍબસર્ડ' જેવા સંપાદનમાં આધુનિકતા પ્રત્યેનું એમનું આકર્ષણ પ્રકટ થયું હતું. 'અન્વીક્ષા' નામક એમના પ્રથમ વિવેચન લેખોના સંગ્રહમાં એમણે બે-ચાર લેખોમાં પોતાની ઝીણી વિવેચકદષ્ટિનો પરિચય કરાવ્યો હતો, તો 'પરસ્પર' જેવા લઘુલેખોના સંગ્રહમાં, છાપાંની કૉલમોમાં એમણે સમસામયિક કોઈ મુદ્દા પર રજૂ કરેલા વિચારોની નિર્ભીકતા અને સચોટતા જોવા મળી હતી. એમના અન્ય વિવેચનાત્મક લખાણોને સંગૃહીત કરવાની એમણે યોજના કરી રાખી હતી. એમનાં પ્રકટ-અપ્રકટ ૭૦-૭૫ કાવ્યો હશે. આઠ-દસ તો એમાંથી ખસૂસ સંતર્પક! પણ એમના સર્જનાત્મક લખાણોમાં આસ્વાદ્ય તો 'નામરૂપ' નામનો ૨૦ લઘુચરિત્ર નિબંધોનો સંગ્રહ જ. થોડી વાર્તાઓ પણ એમણે લખી છે. પોતે મૂળભૂત તો શિક્ષક જ, એટલે વિદ્યાર્થીઓને હરક્ષણે ઉપયોગી થવાની તત્પરતા! ૨૭મી જુલાઇ ને ગુરુવારે ભાષાભવનમાં એમની રૂમમાં ગુજરાતી વિભાગના અમે સહુ અધ્યાપકો વર્ષ દરમિયાનના શૈક્ષણિક કાર્યની ચર્ચા માટે મળ્યા હતા ત્યારે તેમની તબિયત ચિંતાજનક જણાતી હતી. તેમણે તે દિવસે એમ.એ.ના વિદ્યાર્થીઓનો, પોતાની ભાંગતી તબિયતે પણ, છેલ્લો વર્ગ લીધો. એમની આ શિક્ષણ અને વિદ્યાર્થી-પ્રીતિએ એમની પાસે વિદ્યાર્થી-ઉપયોગી વિવેચન-શ્રેણી અને સ્વાધ્યાય-શ્રેણીમાં ત્રણત્રણ સંપાદનો કરાવ્યાં હતાં. એઓ વિદ્યાર્થી-વત્સલ શિક્ષક હતા. એ પોતે જ સાચા અર્થમાં ચિર વિદ્યાર્થી હતા. સાચા શિક્ષકને છાજે તેવું




સાચુકલું વિદ્યાર્થીપણું તેમનામાં હતું.

એમનામાં અજબ આત્મશ્રદ્ધા હતી અને આત્મશ્રદ્ધાથી યે વધુ આત્મ-રતિ હતી. પરિણામે વિવેચકને છાજે તેવું તાટસ્થ્ય દાખવ્યા છતાં ય એક વ્યક્તિ તરીકેની એમની તટસ્થતા ક્યારેક આઘીપાછી થઈ જતી. નિરંતર અભ્યાસવૃત્તિએ એમને નાની ઉંમરે પાકટ બનાવ્યા હતા. ૧૯૩૭ના નવેમ્બરની ૧૧મી તારીખે જન્મનાર આ અભ્યાસી શિક્ષકનું ૪૪ વર્ષની ભરયુવાન વયે અવસાન થયું ત્યારે એ સ્વભાવગત વિલક્ષણતાઓ સાથે પૂરી પ્રૌઢિને કેળવી શક્યા હતા. એમણે શિક્ષક તરીકેની કારકિર્દીનો આરંભ ડભોઈની કૉલેજથી કરેલો. બિલિમોરા, સૂરત વગેરે સ્થળોએ અધ્યાપન કાર્ય કર્યા પછી એઓ ૧૯૭૦માં અમદાવાદ ખાતે ભાષાસાહિત્ય ભવનમાં ગુજરાતીના વ્યાખ્યાતા તરીકે જોડાયા હતા અને ૧૯૭૭માં એ જ વિભાગમાં રીડર બન્યા હતા. મારો એમની સાથેનો પ્રત્યક્ષ પરિચય એઓ અમદાવાદ આવ્યા ત્યારથી. છેલ્લાં ચાર વર્ષથી તો સહકાર્યકર. આ દરમિયાનના અનુભવોમાં જોવા મળેલું એમનું આગળ પડતું લક્ષણ તે મધુરભાષિતા. જીવલેણ દર્દ પણ એમની મધુરપને ઈજા કરી શક્યું નહોતું. આ દર્દમાં સપડાયા પછી જ્યારે જ્યારે એઓ મળે અને એમની તબિયતના સમાચાર પૂછું ત્યારે એ એક જ વાક્ય કહેતા : 'ચાલે છે.' વદન પર આછું સ્મિત. પણ વાંચનાર એ સ્મિતની પાછળ વેદના ભાળી શકે. મને થાય 'શું ચાલે છે? જીવન ચાલે છે?' ના. જીવનજુદ્ધ ચાલે છે. પણ એમણે ક્યારે ય પીડાની વાત કરી નહોતી. દુઃખ કદી ગાયું નહોતું. સાહિત્યકાર કરતાં ય એક જીવનકાર તરીકે એ વધુ મોટા સાબિત થયા. એમણે છેલ્લાં છ વર્ષોમાં મૃત્યુના સાન્નિધ્યમાં જીવન ગાળ્યું. કહો કે એમણે મૃત્યુને બાંધી રાખ્યું હતું. એ છએ વર્ષ જાણે ખુદ મૃત્યુ જ એમના થકી જીવી રહ્યું હતું. માટે જ સ્તો, એમના અવસાનના દુઃખદ સમાચાર સાંભળી પેલો પ્રતિભાવ જાગેલો કે ખુદ મૃત્યુ જ અવસાન પામ્યું!

'નામરૂપ'માં 'સ્વગત' શીર્ષકથી અપાયેલા એમના નિવેદનમાં કેટલાક શબ્દો આવે છે: 'ચેતનાના ભિન્નભિન્ન સ્તરે જીવતાં અનેક માનવીઓ મારા જીવનમાં આવ્યાં ને ગયાં. જેઓ હયાત છે તેમનાં રૂપ તેનાં તે નથી રહ્યાં, રહી છે માત્ર સ્મૃતિ.' કદાચ આ એમની આત્મકથાનો એક અંશ છે. ચેતનાના ભિન્નભિન્ન સ્તરે એ જીવ્યા, એમનું રૂપ સદા એનું એ નહોતું રહ્યું. આથી જ જેમ એમણે અનુભવેલા માનવીઓની 'રહી છે માત્ર સ્મૃતિ' તેમ એમની પણ રહેશે માત્ર સ્મૃતિ. નામરૂપ તે તો નાશરૂપ જ.

અનિરુદ્ધભાઈએ ૧૯૬૦ની આસપાસ સાહિત્યિક કારકિર્દીનાં બીજ રોપ્યાં હતાં. છોડ પાંગરતો આવતો હતો. મૉર બરાબર બેઠો હતો. પરંતુ હજુ ફળ લચકે તે પહેલાં જ હિમ ત્રાટક્યું! એમના જવાથી સાહિત્યક્ષેત્રે એક આશા અસ્ત પામી છે અને શિક્ષણક્ષેત્રે એક સિદ્ધિ સમાપ્ત થઈ છે! એમનું જીવનજુદ્ધ અને સાહિત્યિક પુરુષાર્થ પ્રેરક રહો એ જ અંજલિ!

—ધીરુ પરીખ



ધોરી માર્ગ પરનાં આ ઘટાદાર એક વૃક્ષોની વચ્ચે દેખાતાં કાણાં એ ફાંટાબાજ કુદરતની કરામત નથી, પણ જાહેર સેવાનાં બે ખાતાં વચ્ચેના સહકારનું પરિણામ છે. માર્ગની બંને બાજુ જતનથી ઉછેરેલાં વર્ષોજૂનાં વૃક્ષો જળવાઈ રહે અને ટેલિફોનના તાર ખેંચવા માટે થાંભલા ખસેડવા ન પડે એટલા સારુ ફ્લોરિડાના આ આખા માર્ગ પરનાં વૃક્ષોની વચ્ચે 'બારીઓ' કોરી તેમાંથી તાર ખેંચવામાં આવ્યા છે.

જાડ્યના ઉપાયની આશા

ઔષધના આધારે મિતાહારી બનવાની શક્યતા જો કે હજી સિદ્ધ નથી થઈ, પરંતુ 'નેલોક્ઝોન' દ્વારા ખોરાક માટેની શરીરની માગને ઘટાડી શકાય તેમ લાગે છે.

ઉંદરો પર પ્રયોગો કરીને વિજ્ઞાનીઓ એવું તારણ કાઢ્યું છે કે, જાડા શરીરમાં લોહી, આંતરડાં, પેન્ક્રીઆસ અને પિચ્યુટરી ગ્રંથિમાં 'એન્ડોર્ફિન' નામના એક સ્રાવનું વધુકું પ્રમાણ હોય છે. આ એન્ડોર્ફિન પેન્ક્રીઆસને વધુ ઈન્સ્યુલિન સ્રવવા પ્રેરે છે. ઈન્સ્યુલિન વધવાથી લોહીમાંની સાકરનું પ્રમાણ ઘટે છે. લોહીમાં શર્કરા ઘટવાથી પ્રાણી વધુ ખાવા પ્રેરાય છે, અને વધુ ખોરાક વધુ ઈન્સ્યુલિન પેદા કરે છે. આ વિષચક્રને નેલોક્ઝોન તોડે છે. એન્ડોર્ફિનનું એ વિરોધી છે. વિજ્ઞાનીઓએ નેલોક્ઝોન આપીને જાડા ઉંદરોને જે અને જેટલું ખાવું હોય તેટલું ખાવાની સગવડ આપીને પ્રયોગ કરતાં પાંચેક અઠવાડિયાં પછી એ ઉંદરોમાં એન્ડોર્ફિનનો સ્રાવ ઘટતો જોયો. આના પરિણામે ઉંદરોનો આહાર પણ ઘટ્યો અને એથી એમનું વજન પણ ઘટવા લાગ્યું. જ્યારે નેલોક્ઝોન આપ્યા વિનાના ઉંદરોમાં આવી પ્રતિક્રિયા જોવા મળી નહિ.

ઉંદરો પર સફળ નીવડેલી આ દવા માણસને પણ કામ લાગે કે નહિ તેનો નિર્ણય વર્જિનીઆ યુનિ૰માં ડૉ. રિચાર્ડ એલ. ઍટ્કિન્સના આ અંગેના પ્રયોગોનાં પરિણામ પછી કહી શકાશે. હાલ તેઓ જાડા માણસોને નેલોક્ઝોન આપીને તેમનાં શરીરમાંના ઈન્સ્યુલિનના પ્રમાણની ચકાસણી કરી રહ્યા છે. જો આ દવાથી ઈન્સ્યુલિનના પ્રમાણ પર કાબૂ રાખવામાં સફળતા મળશે તો પોતાના વધુકા વજનને ઘટાડવાને ઉત્સુક જાડા માણસોની એક મોટી ચિંતાનો ઉકેલ મળી રહેશે.

ગુજરાત સાહિત્યસભાનો સન ૧૯૭૯નો રણજિતરામ ચંદ્રક શ્રી મકરન્દ દવેને એમના કાવ્યસર્જન માટે આપવાનો નિર્ણય લેવાયો છે. કાવ્યસર્જન ઉપરાંત, ગીતનાટિકા, બાલનાટિકા, નવલકથા ભજનોનું સંપાદન તથા પત્રકારત્વક્ષેત્રે એમની દેણગી જાણીતી છે.

સ્વ. સનતકુમારી હિંમતલાલ મહેતા પારિતોષિક

ગુજરાત સાહિત્ય સભા તરફથી દર ત્રણ વર્ષે અપાતા આ પારિતોષિક માટે સ્ત્રી લેખિકાઓને સને ૧૯૭૮, ૧૯૭૯ તથા ૧૯૮૦નાં વર્ષ દરમિયાન પ્રગટ થયેલાં તેમનાં પુસ્તકો—ગુજરાત સાહિત્ય સભા C/O ગુજરાત સંશોધન મંડળ, નરસિંહ ભગત છાત્રાલય પાછળ, પાલડી, પશ્ચિમ, અમદાવાદ-૭ એ સરનામે મોકલી આપવા વિનતિ.

દિવંગત

* **ડૉ. તારાપદ બસુ**: 'ધી ઇન્ડિયન જર્નાલિસ્ટ્સ એસોસીએશન ઑવ ગ્રેટ બ્રિટન'ના સોળ વર્ષ સુધી પ્રમુખ, લંડનની ભારતીય સામાજિક સંસ્થાઓના મિત્ર–માર્ગદર્શક, કૃષ્ણમેનને સ્થાપેલી 'ધી ઇન્ડિયન લીગ'ના માનદ્ મંત્રી અને 'ઇન્ડિયા વીકલી' સાપ્તાહિકના પ્રકાશક તથા લંડનના ભારતીય પત્રકારોમાં જ્યેષ્ઠ. ૭ જુલાઇએ એમનું અવસાન થયું.

* **બસુ મુખરજી**: બંગાળી બાળસાહિત્યના સુપ્રસિદ્ધ લેખકનું ૨૧ જુલાઇએ કલકત્તામાં એમના નિવાસ-સ્થાને ૭૩ વર્ષની વયે અવસાન.

* **હેરી ચૅપિન**: પ્રસિદ્ધ પૉપ ગાયક. લૉંગ આઇલૅન્ડથી ન્યૂ યૉર્ક જતાં કાર અકસ્માતમાં ૧૭ જુલાઇએ ૩૮ વર્ષની વયે અપમૃત્યુ.

* **વિલિયમ વાયલર**: ઑસ્કાર પ્રાઈઝ વિજેતા જર્મન–અમેરિકન ફિલ્મ દિગ્દર્શકનું ૭૯ની વયે ૨૭ જુલાઇએ બેવરલી હિલ્સ ખાતે હૃદયરોગના હુમલાથી અવસાન.

* **પંડિત રમાકાન્ત રઘુવીર**: ભારતીય શાસ્ત્રીય સંગીતના ભાષ્યકાર અને ગોવાની કલા અકાદમી કૉલેજના આચાર્ય. હૃદયરોગના હુમલાથી ૨૮ જુલાઇએ અવસાન.

* **ડૉ. કુંવરજી શાહ**: અનેક શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાએલા અને જવાહરલાલ નેહરુ યુથ સેન્ટરના વહીવટ-કર્તા, સ્વાતંત્ર્ય સેનાની. લાંબી માંદગીના અંતે ૬૯ વર્ષની વયે મુંબઈમાં અવસાન.

—પ્ર. રાવલ

ઘરઆંગણનો બગીચો

તે અંગે માસવાર માર્ગદર્શન આપતી ઉપયોગી લેખમાળા

લેખક • બાગાયત-નિષ્ણાત **અમીલાલ ઢાંકી**

વરસાદ થઈ ગયો છે. ઘરઆંગણમાં રોપેલા ફૂલછોડ હવે વધવા લાગ્યા હશે, સાથોસાથ ક્યારામાં પૂરેલાં ખાતરમાટી વરસાદથી જરા દબાયાં પણ હશે અને તેમાં ઉગાડેલાં છોડ ઉપરાંત બિનજરૂરી ઘાસ પણ ઊગ્યું હશે. દાતરડી લઈ એ ઘાસ કાઢી નાખવું અને ક્યારાની માટી પણ ઉથલાવવી. એથી છોડની વૃદ્ધિ માટે જરૂરી હવા-પ્રકાશ મળશે. એકાદ દિવસ પછી વરસાદ ન હોય તો હળવે હાથે યા ઝારીથી છોડને પાણી આપવું.

એકાદ માસનો છોડ થતાં ઝિનિયાના છોડ પર ફૂલની કળીઓ બેસશે. ઝિનિયાનાં પ્રથમ ફૂલ નાનાં હશે, પણ તે ઉતારી લીધાં પછી ડાળીઓ વધુ વિકાસ પામવા સાથે ફૂલનું કદ પણ વધશે. બાલસમનાં પાનની બગલમાં પણ હવે ફૂલ આવતાં થશે. ગલગોટાને પણ તેની જાત પ્રમાણે દોઢેક માસમાં ફૂલ આવવા લાગશે. શાકના વેલા હવે દોરી કે તાર ઉપર વધવા લાગ્યા હશે. આ વેલાઓના ક્યારામાં પણ નિંદામણ કરવું અને માટી પણ ઉથલાવવી જરૂરી છે. વાવ્યા પછી દોઢેક માસમાં ફૂલ બેસી તે બાદ કારેલાં ઊતરવા લાગશે. બેએક માસમાં તૂરિયાં અને ચોળાની શીંગો પણ તૈયાર થવા લાગશે.

રીંગણી, મરચી અને ટમાટાંના ક્યારાઓમાં પણ નિંદામણ કરવું. ટમાટાંના છોડને થડની બાજુમાં ટેકા ભેરવી બાંધી દેવા. આ છોડ ટેકા વિના ઢળી પડે છે. દોઢેક મહિને ફૂલ અને બે મહિને તેનાં ફળ ઊતરવા માંડે છે. આ જ અરસામાં રીંગણી અને મરચીને પણ ફૂલ બેસી બે-એક માસમાં રીંગણ ને મરચાં ઊતરવા માંડે છે.

આ વાદળિયા વાતાવરણમાં ક્યારેક છોડ પર જંતુઓ લાગે છે. આ માટે 'રોગોર' અથવા 'મેલાથીઓન' જેવી જંતુનાશક દવાનું, તેની સાથે અપાએલી સૂચના અનુસાર દ્રાવણ બનાવીને પંપ વડે છોડ ઉપર નીચેથી ઉપર છાંટવું. ખાસ કરીને ડાળ-પાનના સાંધામાં જંતુઓ લાગે છે તેના પર દવા છાંટવી. આ દવા પંદરેક દિવસના આંતરે ફરીફરી છાંટવાથી જીવાત સામે છોડને રક્ષણ મળે છે. 'મશી' લાગતાં પાંદડાં પર કાળાશ દેખાય છે, 'મોલો' લીલા રંગનાં ઝીણાં ચૂસિયાં જંતુ પાંદડાં નીચે બેસીને છોડનો રસ ચૂસી નુકસાન કરે છે. પતંગિયાં રાતે છોડ ઉપર ઈંડાં મૂકે છે, જેમાંથી નીકળતી ઈયળો પાન કોરી ખાય છે. તથા રીંગણાં ને ભીંડામાં કાણાં પાડી અંદર પેસીને છેક થડ સુધી ઊંડી જઈ છોડને નુકસાન કરે છે. આથી છોડનાં પાન ઢળી પડી કોહવાઈ જાય છે. ભીંડામાં 'મોઝેઈક' નામનો એક ચેપી રોગ થાય છે, જેમાં છોડનાં પાનની નસો સફેદ અને પાન પીળાં પડી ઢળી પડે છે. આવું થાય ત્યારે છોડ પર કોહવાતો ભાગ કાપી નાખવો યા રોગી છોડ ઉખાડીને કાઢી નાખવો. બાજુના છોડ ઉપર ગંધકનું દ્રાવણ છાંટવું.

કોઈ પણ દવા છાંટ્યા પછી ત્રણેક દિવસ સુધી શાક ઉતારવું નહિ અને તે પછી યે ઉતારેલું શાક સ્વચ્છ પાણીથી બરાબર ધોયા બાદ જ ઉપયોગમાં લેવું.

ભાજી ઉગાડવી હોય તો એ માટે અલગ ક્યારો કરવો સારો. મેથીની ભાજી માટે ક્યારામાં બે થી ત્રણ ઈંચને અંતરે દાતરડીથી ચાસ પાડી એક હારમાં મેથીના દાણા રોપી ઉપર માટી વાળી દેવી. ધાણા માટે ક્યારીમાં ગોડ કરીને તેના પર ધાણા છાંટી હળવે હાથે બધું ભેળવી દઈ ઉપર ખાતરમાટીનું થોડું મિશ્રણ છાંટી દેવું. પાલખનાં બી બજારમાંથી મળે છે. મગના દાણા જેવડા એ કરકરા ને ગોળ હોય છે. ક્યારામાં એ ચોરસચોરસ વેંતવેંતને અંતરે રોપવાં. પાલખનાં પાન ત્રણેક વખત ઉતારી શકાય છે. એના છોડની વચ્ચે એક દાંડો ઊગે છે જેના ઉપર પાલખનાં બી થાય છે. પણ જો બીજ ઉતારવાં ન હોય તો આ દાંડો કાપી નાખવો. તાંદળજાનાં બી ઝીણાં હોય છે તેને ઝીણી રેતી સાથે ભેળવીને ક્યારીમાં છાંટી બધું ભેળસેળ કરીને ઉપર પાણી આપવું.

(ક્રમશઃ)

ઇતિહાસધારા

અશોક હર્ષ

ઈરાનના હાકેમ નાદિરશાહે હિંદુસ્તાન પર ચડાઈ કરી ત્યારે દિલ્હીની ગાદી પર મુગલ સમ્રાટ મોહમ્મદશાહ હતો, જે એના રંગરાગભર્યા ઐયાશી જીવનને લઇને 'મોહમ્મદશાહ રંગીલા' તરીકે જાણીતો હતો. કરનાલના યુદ્ધમાં એની સેના નાદિરની સેના સામે હારતા મોહમ્મદશાહે નાહિંમત બની નાદિરની પાસે દયાની યાચના કરવા માંડી.

પોતાના શહેનશાહની આ દયાજનક સ્થિતિ જોઈ અવધનો સૂબેદાર સાદખતાં નાદિરશાહને સમજાવીને પાછા વાળવા તેની પાસે પહોંચ્યો. દિલ્હી તરફ આગળ વધવાને બદલે બે કરોડ રૂપિયા લઈ ઈરાન પાછા ફરવાનું તે એને સમજાવી શક્યો અને નાદિરે તેમ કરવાનું કબૂલ કર્યું. પરંતુ આ થએલી સમજૂતી પર સહીસિક્કા કરવાને મોહમ્મદ' શાહે સાદતખાંને બાજુએ રાખી નિઝામુલ્મુલ્ક આસફજાહને મોકલી આપ્યો.

સાદતખાંને મોહમ્મદશાહના આ વર્તનથી ભારે આઘાત લાગ્યો. તેના મનમાં બદલાની આગ પ્રજળી ઊઠી અને સીધા નાદિરશાહ પાસે પહોંચી એના કાન ભંભેરવા માંડયા. નાદિરને એણે કહ્યું. 'હજૂર, આપ જબરી થાપ ખાઈ ગયા છો. માત્ર બે કરોડ રૂપિયા મળતાં ઈરાન પાછા ચાલ્યા જવા તૈયાર થઈ ગયા? એટલા રૂપિયા તો દિલ્હીનો એકાદ અદનો શાહુકાર આપને આપી શકે તેમ છે. દિલ્હીના અમીર ઉમરાવોની તિજોરીઓમાં ને શાહી ખજાનામાં જે અગણિત દોલત ભરી પડી છે. તેના મુકાબલે બે કરોડ રૂપિયા તો કંઈ વિસાતમાં નથી.' સાદતખાંની આ વાતે નાદિરશાહ લલચાયો અને મોહમ્મદશાહ સાથે કરેલી સમજૂતી રદ કરી દિલ્હી ભણી કૂચ આદરી દીધી.

દિલ્હીમાં એણે ચલાવેલી લૂટ અને કત્લેઆમ તો જાણીતી છે. શાહજહાંએ કરોડો રૂપિયાના ખર્ચે બનાવેલું તખ્તેતાઉસ અથવા મયૂરાસન, કોહીનૂર હીરો, બીજાં અનેક મૂલ્યવાન રત્નો અને કરોડો લોએ નાણાં સાથે તે ઈરાન પાછો ફર્યો ત્યારે એ લૂટનો માલ લાદેલા એક હજાર હાથી, સાત હજાર ઘોડા અને દસ હજાર ઊંટ તેની સાથે હતાં.

ઈરાન પાછા ફરતાં પહેલાં નાદિરે આસફજાહ અને સાદતખાંને પોતાની પાસે બોલાવી તેમને એમના દેશના સૌથી મોટા દુશ્મન જાહેર કરી તેમની નમકહરામી બદલ તેમની ખૂબ બેઈજ્જતી કરી. આ બદનામી સામે બંને જણે ઝેર પી જિંદગીનો અંત આણી દેવાના કસમ ખાધા. પણ આસફજાહ ખંધો નીકળ્યો. એણે ઝેરનો પ્યાલો હાથમાં લઈ માત્ર દેખાવ જ કર્યો, જ્યારે સાદતખાંએ સાચેસાચ ઝેરનો પ્યાલો ગટગટાવી જઈ પોતાના કલંકિત જીવનનો અંત આણી દીધો.

આ મોહમ્મદશાહ રંગીલાને ગાદીએ લાવનાર હતા દિલ્હીમાં જેમની હાક વાગતી એ સૈયદ બંધુઓ. દિલ્હીના તખ્ત પર કોને બેસાડવો કોને નહિ એ એમના હાથની વાત હતી. મુઘલ શહેનશાહ ફર્રૂખશિયરને પતાવી દીધા પછી તેઓ નવા બાદશાહની શોધમાં પડયાં રફીઉદ્દરજાત અને પછી રફીઉદ્દોલાને ગાદીએ બેસાડયા, પણ બંને એક મહિનામાં જ અવસાન પામતાં ઔરંગઝેબના પ્રપૌત્ર રોશનઅખ્તર પર એમની નજર ગઈ. એ ત્યારે સલીમગઢમાં એની મા સાથે નજરકેદ હતો. માએ સૈયદ બંધુઓ પાસે હાથ જોડીને કહ્યું કે 'મારા બેટા પર રહમ કરી એને માથે તાજ ન મૂકો', પણ સૈયદ બંધુઓએ તેને દાદ ન આપી અને રોશનઅખ્તરને દિલ્હીની ગાદીએ બેસાડયો. બાદશાહ બનતાં એણે પોતાનું નામ મોહમ્મદશાહ રાખ્યું,

આ સૈયદ બંધુઓ હુસેનઅલીખાં અને અબ્દુલ્લા બંને અનુક્રમે રાજ્યના વઝીર અને સેનાપતિ બની બેઠા હતા. રાજ્યના દરેક ખાતામાં પોતાના માણસો ઘુસાડી એ પોતાનું મનધાર્યું કરતા. બાદશાહ તો માત્ર નામનો જ રહેતો. મોહમ્મદશાહ પોતે તો ત્યારે અણસમજુ હતો, પણ તેની મા સમજદાર હતી. એણે આ સૈયદ બંધુઓનો પ્રભાવ નાબૂદ કરવાનો નિશ્ચય કર્યો. બે ભાઇઓને અલગ પાડયા વિના એ બની શકે એમ ન હતું, એટલે એણે યુક્તિપૂર્વક સૈયદ અબ્દુલાને દક્ષિણમાં મોકલી આપ્યો. ત્યાર બાદ બીજો ભાઈ હુસેનઅલીખાં એક દિવસ એની પાલખીમાં જઈ રહ્યો હતો ત્યારે એક જણે પાલખી તરફ આગળ વધી એક અરજી તેની સામે ધરી. તે અરજી વાંચવા માંડયો ત્યાં તો એ આદમીએ તેની છાતીમાં ખંજર ભોંકી તેને ત્યાં જ પૂરો કરી નાખ્યો. એ પછી સૈયદ અબ્દુલ્લાને પણ ગિરફતાર કરી ઠાર કરવામાં આવ્યો.

અને ઑગસ્ટ માસ ઇતિહાસમાં

પ્રાચીન રોમના સાત સમ્રાટોમાં રોમ્યુલસ પછી ઈ. પૂર્વે ૭૧૫ (કે ૭૧૬)માં ગાદીએ આવનાર ન્યૂમા પૉમ્પિલસે ઈ. પૂર્વે ૬૭૩મા વર્ષ સુધી રાજ કરેલું. રોમન સામ્રાજ્યમાં એણે કેટલાક ધાર્મિક વિધિઓ તથા તે માટે પુરોહિતપદોની સ્થાપના કરેલી, કારીગરોના વર્ગો પાડીને તેમના માટે અલગઅલગ વસાહતો ઊભી કરેલી. ઈ. પૂર્વે ૭૧૩માં તેણે પ્રચલિત રોમન વર્ષગણનાના આરંભમાં જાન્યુઆરી તથા ફેબ્રુઆરી માસ ઉમેર્યા હતા. આથી આ પહેલાંની ગણનામાં છઠ્ઠો હોવાને કારણે 'સેક્સટિલિસ' નામે ઓળખાતો માસ હવે વર્ષનો આઠમો મહિનો બન્યો. આગળ જતાં સમ્રાટ ઑગસ્ટસે એ મહિનાને ઑગસ્ટ નામ આપ્યું. તવારીખમાં આ મહિનો અનેક ક્રાંતિપલટા અને ઊથલપાથલ માટે જાણીતો છે. ઈ. ૧૪૯૮માં આ જ માસમાં વાસ્કો ડા ગામા કાલિકટ બંદરે ઊતર્યો હિન્દમાં અંગ્રેજોનું આગમન થયું, એમની સામે હિન્દીઓની અનેક લડતો તથા તેને અંતે મેળવાએલી આઝાદી સુધીના ઇતિહાસમાં, ને તે પછી યે આ માસની તવારીખ અજબ રહી છે. ૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધનો આરંભ થયો તે પણ ઑગસ્ટની ૫મી તારીએ. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન દુનિયામાં પહેલી જ વાર અણુબૉંબનો ઉપયોગ કરીને અમેરિકાએ જાપાનના બે નગર હિરોશીમા તથા નાગાસાકીનો નાશ કર્યો તે યે ઑગસ્ટમાં જ. ઑગસ્ટ માસમાં બીજા બે મહાપ્રચંડ વિસ્ફોટ પણ તવારીખમાં નોંધાયા છે.

પહેલો બનાવ ઈ. ૭૯માં ૨૪ ઑગસ્ટે બન્યો. ઇટાલીમાં નેપલ્સ નજીક વિસુવીઅસ જ્વાળામુખી એકાએક ભભૂકી ઊઠયો અને તેની તળેટીમાં વસેલાં હર્ક્યુલિયમ તથા પૉમ્પીઆઈ નામનાં બે નગરો તેના રાખ-પથરાના ઢગ તળે દટાઇને સદીઓ સુધી ઇતિહાસમાં માત્ર તેમનાં નામ જ રહ્યાં. તે પછી છેક સોળમી સદીમાં અકસ્માત પૉમ્પીઆઈના થોડા અવશેષો દેખાયા. ઈ. ૧૭૬૩માં સંશોધનાર્થે રીતસર ખોદકામ થયું અને પછી એ ઉત્ખનનક્રમ ચાલુ રહી ૧૯ સદીઓ પૂર્વેની એ આખી નગરી પ્રકાશમાં આવી.

બીજો પ્રચંડ પ્રસ્ફોટ થયો ઈ. ૧૮૮૩ની ૨૭ ઑગસ્ટે. જાવા-સુમાત્રાની વચ્ચે સુન્દની સામુદ્રધુનીમાં ક્રકતાવ ટાપુ ઉપરનો જ્વાળામુખી ફાટવાથી ૧૮ ચો. મા.ના એ ટાપુના બે તૃતીયાંશ ભાગના ફુરચા ઊડી જઈ તેના સ્થાને હજાર ફૂટથી યે ઊંડાં સાગરજળ ફરી વળ્યાં. એ ધડાકો ૩૦૦૦ મા. દૂર સુધી સંભળાયો હતો અને તેના ધક્કાથી ૯૪ માઈલ દૂર બટેવિયામાં મકાનોની બારીઓના કાચ ફૂટી ગએલા. ૨૦ મા. ઊંચે તો એની ધૂળરાખ ને વરાળ પહોંચેલી અને એથી ૧૮૦ માઈલના વિસ્તારમાં અંધકાર છવાઈ ગયો હતો. આ ઉત્પાતથી સમુદ્રમાં મચેલા ખળભળાટથી ૫૦ ફૂટ ઊંચાં મોજાં પેદા થઈ જે જુવાળ આવ્યો તેનાથી જાવા-સુમાત્રાના કાંઠે ઊંડે સુધી ધસી ગએલા પાણીમાં ૩૦૦ જેટલાં ગામડાં ધોવાઈ જઈ ૩૫૦૦૦થી વધુ લોકો માર્યા ગયા હતા. –સં.

શ્રાવણ ! તારાં સરવડાં, મોરી અખિયનધાર,
તું વરસીને રહી જશે; એના બારે માસ નિતાર.
—ઉમાશંકર જોશી—



રોજ મોડી રાત સુધી દીવો બાળી ધર્માધ્યયન કરતા મુસ્લિમ સંત ઈમામ ઘિઝાલીને એક વાર સ્વપ્નમાં ખુદાના ફિરસ્તાએ આવી કહ્યું : 'આમ મોડે સુધી વાંચવા પાછળ ફોકટ મહેનત કરવા કરતાં, ચાલ હું જ તને બધી વિદ્યાઓનો ઈલમ શીખવું.' ઉત્તરમાં ઘિઝાલી બોલ્યા : 'મહેનત કર્યા વિનાની બક્ષિસ મારે ન જોઈએ. આપને આપવું જ હોય તો આ દીવામાં વધારે તેલ મળ્યા કરે એટલી દુવા આપો.'

અનેકાર્થી શબ્દ : **તારણ**=પાર ઉતારવું તે, ઉદ્ધાર; તારવી કાઢેલું તે, સાર-તાત્પર્ય; કરજ કરવામાં મૂકવી પડતી માલની કે રોકડની અનામત, કરજ વાળવા અનામત રખાતી રકમ; વસ્તુ તારવી કાઢ્યા પછી રહેતું પ્રવાહી; હિસાબ તારવી કાઢવો તે, તારવણી, તારીજ, બૅલેન્સ; પ્રવાહીમાં તારક બળ કે ગુણવાળું હોવું તે-'બૉયન્સી'; ટૂંક સાર.

જાંબલી રંગ મચ્છરોને બહુ ગમે છે, ને પીળા રંગનો તેને ત્રાસ છે. ઘરમાંથી બને તેટલા જાંબલી રંગના પરદા, કાચ, ગલેફ, ભીંતો વગેરેનો રંગ બદલીને તે પીળા રંગના રાખશો તો મચ્છરો નહિ આવે.

धनिनोऽपि निरुन्मादाः
युवानोऽपि न चंचलाः ।
प्रभवोऽप्यप्रमत्तास्ते
महा-महिय-शालिनः ।

જે લોકો ધનવાન હોવા છતાં અહંકારરહિત છે, તરુણાઈમાં પણ જે ચંચલતા-વિહીન છે, સત્તા ને સામર્થ્ય હોવા છતાં જેઓ ઉન્માદી નથી બનતા, તે લોકો ખરેખર પરમ મહિમાવાન અને શાલીન છે.

કહેવતોના અર્થ : 'ધાન ધણીનું ને ગીત વીરાનાં'—કૃતઘ્નીપણું કે બેવફાઈ દર્શાવવા માટે વપરાતો આ પ્રયોગ 'ધાન્ય ખાવું ધણીનું ને ગીત ગાવાં વીરાનાં' એ મૂળ કહેવતનું ટૂંકું રૂપ છે. પતિને ઘેર રહેતી સ્ત્રી કૃતજ્ઞતા વિસરીને પોતાના ભાઈ અને પિયરિયાંનાં વખાણ કર્યા કરે, અને પોતાનો ધર્મ ચૂકે એ ઉદાહરણ એમાં અભિપ્રેત છે. એને મળતી બીજી કહેવત : 'રહેવું કૌરવમાં ને જય વાંછવી પાંડવની.'

સત્તરમી સદીમાં પારીસમાં ચા તમાકુની જેમ ધુમ્રપાન માટે વપરાતી હતી.

કલાકણિકા : સોળમી સદીના ઈરાનની એક ઓપદાર તાસક. જેમાં ભૂરી પશ્ચાદ્ભૂ ઉપર સફેદ ફૂલ અને લીલાં પાનની સુંદર ભાત આલેખેલી છે. પંદરમી-સોળમી સદીની ઈરાનની કલાનો વ્યાપ રોજિંદા વપરાશની નાનીમોટી ચીજો સુધી પહોંચીને સામાન્ય જીવનને પણ કેવું કલામય બનાવી રહ્યો હતો તેનો આ એક નમૂનો છે.

ઈ. ૧૮૦૪ થી ૧૮૦૬ દરમિયાન ધ બૅન્ક ઑવ ઇંગ્લૅન્ડે ચાંદીના ડૉલરનું પણ ચલણ ચલાવેલું.

વીંછીનું મોત કદી કુદરતી હોતું નથી. સંવનન બાદ માદા નરને મારી નાખે છે અને માદાને તેનાં બચ્ચાં.



ટિકિટકથા : ગઈ ૨૯ જુલાઈએ લંડનમાં સેન્ટ પૉલના દેવળમાં બ્રિટનના પાટવી કુંવર પ્રિન્સ ચાર્લ્સ અને લેડી ડાયેનાનાં લગ્ન થયાં. આ નિમિત્તે બહાર પડેલી ૧૪ અને ૨૫ પેન્સની કિંમતની બે ખાસ બ્રિટિશ ટિકિટોમાંની આ એક ટિકિટ છે. કિંમત અને થોડા રંગફેર સાથે બીજી ટિકિટ પણ આવી જ છે, જેમાં લૉર્ડ સ્નૉડોને લીધેલા ફોટોગ્રાફનો ઉપયોગ થયો છે. ઈ. ૧૯૩૫થી આજ સુધીમાં દસ જેટલા શાહી પ્રસંગો નિમિત્તે બ્રિટને ખાસ ટિકિટો બહાર પાડી છે. પ્રથમ જ્યૉર્જ પાંચમાની રજતજયંતી પ્રસંગે ચાર ખાસ ટિકિટો બહાર પડેલી, જેમાંની એક અઢી પેન્સની ટિકિટના આજે છ પાઉન્ડ જેવા ભાવ બોલાય છે. તે પછી ૧૯૩૭માં છઠ્ઠા જ્યૉર્જના રાજ્યારોહણ પ્રસંગે દોઢ પેન્સની ખાસ ટિકિટ બહાર પડી. (આજે સંગ્રાહકો તેના ૨૦ પે. આપે છે.) ૧૯૪૮માં છઠ્ઠા જ્યૉર્જના લગ્નની રજતજયંતી નિમિત્તે જે બે ખાસ ટિકિટ બહાર પડેલી તેમાંની ૧ પાઉન્ડની ટિકિટના આજે ૬૦ પા. ઉપજે છે. ૧૯૫૩માં રાણી ઈલિઝાબેથ બીજાના રાજ્યારોહણ વખતે, ૧૯૬૯માં પ્રિન્સ ચાર્લ્સને 'પ્રિન્સ ઑવ વેલ્સ'ના પદાર્પણ પ્રસંગે, ૧૯૭૨માં રાણીનાં લગ્નની રજતજયંતી નિમિત્તે, ૧૯૭૩માં પ્રિન્સેસ ઍનના લગ્ન નિમિત્તે, ૧૯૭૭માં રજતજયંતી તથા ૧૯૭૮માં રાણીના રાજ્યારોહણની જયંતી અને ૧૯૮૦માં રાણીમાતાના ૮૦મા જન્મદિન નિમિત્તે તથા છેલ્લે આ ખાસ ટિકિટો બ્રિટને બહાર પાડી છે.

પણ કોઈ ને કોઈ નિમિત્તે નવી ટપાલ-ટિકિટો બહાર પાડીને તેમાંથી મબલખ આવક ઊભી કરવી એ જાણે અનેક દેશોનો એક ધંધો બની ગયો છે. ટપાલખાતાં અને ટિકિટોના મુદ્રકને માટે આ જાણે ચલણી નોટો છાપવા બરાબર બની રહે છે. ટિકિટો દ્વારા વરસે ત્રણેક કરોડ પાઉન્ડની કમાણી કરતા બ્રિટનને આ ખાસ ટિકિટોએ વધુ સારી આવક કરાવી આપી હશે જ. બ્રિટન ઉપરાંત તેની ૨૨ જેટલી ક્રાઉન ઍજન્સીઓએ તથા ૬૬ જેટલા અન્ય દેશોએ એકથી વધુ ખાસ ટિકિટો બહાર પાડી છે. આમાંના કેટલાક દેશ તો એટલા નાના છે કે જ્યાં માત્ર નામની જ વસતિ છે. આમ, આ ટિકિટબજારે આ નિમિત્તે ટિકિટ-સંગ્રહના રસિયાઓનું સારી પેઠે દોહન કરી લીધું હશે. આ જોતાં ટિકિટસંગ્રહ 'શૉખનો રાજા ને રાજાનો શૉખ' કહેવાય છે તે ખરું જ છે.